નમ: શ્રી સિદ્ધેભ્ય:

શ્રીમદ્ અમિતગતિ આચાર્ય વિરચિત

શ્રી

# યોગસાર-પ્રાભૃત

This is an authentic electronic copy of
Pujya Shree Lalchandbhai Amarchand Modi's
annotated personal Yogsaar-Prabrut

www.AtmaDharma.com
e-mail: rajesh@AtmaDharma.com

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com

# શ્રી યોગસાર-પ્રાભૃત

-૧૯૯-૯૯.

(પાનુ) ૨૦૧-૨-૩ ગાથા ૩૪ ક ~~૪~~ ૪૨ નિર્જરા અધિકાર —

(પાનું)-૧૫૩ સંવર-અધિકાર ગાથા-૧૯-૨૯ નું મથાળું

"જ્ઞાનાદિ ગુણોનું કોઇ પર દ્વારા ઉત્પન્ન કે સર્જન થતું નથી"

(પાનુ)-૧૯૯-૨૦૦-૨૦૨ નિર્જરા અધિકાર ગાથા-૩૮-૩૯-૪૦-૪૧

દ્રવ્યકર્મ દ્રષ્ટાંત થી આત્મજ્ઞાન ના પ્રાપ્તિ ના ઉપાય —

(પાનું)-૩૨૩ ચુલિકા-અધિકાર ગાથા ૪૯

ઘણું જરૂરી - ભેદજ્ઞાન ની પ્રેરણા કરનારા —

મથાળું = ભિન્ન જ્ઞાનોપલબ્ધિ થી દેહ અને આત્માનો ભેદ

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com

# —: પ્રસ્તાવના :—

## * ગ્રંથનું નામ *

આ ગ્રંથનું નામ 'યોગસાર-પ્રાભૃત' છે. જેનો ઉલ્લેખ ગ્રંથકર્તાએ ગ્રંથના અંતિમ-પદમાં કર્યો છે. આ નામ યોગ, સાર અને પ્રાભૃત એ ત્રણ શબ્દો મળીને બન્યું છે. તેમાં યોગ શબ્દનો ઉપયોગ પ્રકરણ અનુસાર અનેક અર્થોમાં થાય છે, જેના વિસ્તારનું અત્રે પ્રયોજન નથી, પરંતુ આ શાસ્ત્રમાં, શાસ્ત્ર કર્તાએ નવમાં અધિકાર ની ૧૦ મી ગાથામાં 'યોગ' શબ્દનો ક્યા અર્થમાં પ્રયોગ કર્યો છે, તે ઘણું સ્પષ્ટ છે. ગાથા આ પ્રમાણે છેઃ—

विविक्तात्म-परिज्ञानं योगात्संगायते यतः ।
स यागो योगिभिर्गीतो योगनिर्धूतपातकैः ॥ ९-१० ॥

**અર્થ**:—જે યોગથી અર્થાત્ ધ્યાનથી (દ્રવ્યકર્મ અને ભાવકર્મથી) વિમુક્ત-ભિન્ન આત્માનું પરિજ્ઞાન (અનુભવ) થાય છે, તે યોગીઓ દ્વારા 'યોગ' કહેવામાં આવેલ છે, કે જેમણે-જે યોગીઓએ યોગબળથી પાતકોનો નાશ કર્યો છે.

ઉપરોક્ત-ગાથાના ઉદ્દેશ્ય અનુસાર આ ગ્રંથની રચના થઈ છે. ભગવાન કુંદકુંદ આચાર્યે પણ નિયમસારમાં આ અર્થનું પ્રતિપાદન કર્યું છે.

'સાર' શબ્દનો અર્થ-વિપરીતતાનો પરિહાર-થાય છે. (નિયમસાર ગાથા ૩) અર્થાત્ 'સાર' શબ્દ યથાર્થપણાનો દ્યોતક છે. તેથી યોગસાર નો અર્થ યથાર્થપણે (સમ્યક્-રીતે) યોગ એટલે 'આત્મસ્વરૂપમાં જોડાણ' એવો થાય છે. તેથી વિષયનાં પ્રતિપાદન અનુરૂપ શાસ્ત્રનું નામ શાસ્ત્રકર્તાએ રાખેલ છે.

'પ્રાભૃત' શબ્દ પ્રાકૃતભાષાના **पाहुड** શબ્દનો પર્યાય વાચી છે, જેનો અર્થ ઉપહાર અથવા ભેટણું થાય છે. શ્રી જયસેન આચાર્યે શ્રી સમયસારપ્રાભૃતની ટીકા કરતાં આવો અર્થ કર્યો છે.

આ રીતે આ ગ્રંથનો ગ્રંથના નામ ઉપરથી સંક્ષિપ્ત પરિચય છે.

## * ગ્રંથકાર અને તેમનો સમય *

આ ગ્રંથના રચયિતા શ્રી અમિતગતિ નામના આચાર્ય છે. તેમણે પોતાના નામનો ઉલ્લેખ છેલ્લા અધિકારની ૮૧ અને ૮૩ મી ગાથામાં કર્યો છે.

દિગંબર જૈન પરંપરામાં 'અમિતગતિ' નામના બે આચાર્ય થઈ ગયા છે. એક માધવસેનસૂરિ ના શિષ્ય તથા નેમિષેણાચાર્યના પ્રશિષ્ય, તેમજ બીજા નેમિષેણાચાર્યના

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



સાતમા અધિકારમાં મોક્ષનું સ્વરૂપ બતાવતાં, તેને 'અપૂનર્ભવ' નામથી નિર્દિષ્ટ કરેલ છે ત્યારબાદ કેવળજ્ઞાનનું સ્વરૂપ, સ્વભાવના કારણે આત્મા સર્વજ્ઞ-સર્વદર્શી થાય છે. તેમજ કર્મની સર્વથા નિવૃત્તિ પામતાં આત્મા ફરી સંસારમાં આવતો નથી તે દર્શાવ્યું છે. આ અધિકારમાં કર્મથી યુક્ત સંસારી જીવને અશુદ્ધ અને મુક્તજીવને શુદ્ધ બતાવેલ છે, ભિન્ન આત્માનું ધ્યાન મોક્ષનો ઉપાય બતાવ્યો છે. અને ધ્યાનનો મહિમા કર્યો છે. તેમજ ધ્યાનના વિષયમાં અનેકવિધ સ્પષ્ટિકરણ કર્યું છે.

આઠમા અધિકારમાં મુમુક્ષુને આવશ્યક ચારિત્રનું નિરૂપણ કર્યું છે. તત્વનું યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાન પૂર્વક મોક્ષની તીવ્ર અભિલાષાવાળા જીવે ગૃહસ્થીનો ત્યાગ કરીને 'જિન-લિંગ' ધારણ કરવું જોઈએ, તે બતાવતાં જિનલિંગનું સ્વરૂપ, ગુરૂનું સ્વરૂપ, શ્રમણનું સ્વરૂપ, ૨૮ મૂળગુણ, અને મુનિઓની ચર્યાનું નિરૂપણ કર્યું છે. સાધુઓને વસ્ત્રપાત્રાદિક નો નિષેધ તેમજ સ્ત્રીઓને જિનલિંગ-ગ્રહણની યોગ્યતાનો અભાવ સૂચિત કર્યો છે.

ત્યારબાદ અનુષ્ઠાનના વિષયમાં, આત્મજ્ઞાન પૂર્વકનું અનુષ્ઠાન મુક્તિનું કારણ બતા-વીને ભવાતીત થવાના માર્ગનું પ્રતિપાદન કર્યું છે. આ અધિકારમાં અન્ય અધિકારોની અપેક્ષાએ ઉપમાઓ અને દૃષ્ટાંતો વધુ છે, જેથી વિષય રોચક અને સરળ બન્યો છે, તેમજ શાસ્ત્રકર્તાનું સ્પષ્ટ વકતવ્ય ઠામ ઠામ દેખાય છે.

નવમા અધિકારમાં મુક્તિના આનંદના ઉલ્લેખ પૂર્વક ચૈતન્ય સ્વભાવનું અવિનાશી-પણું બતાવ્યું છે. ત્યારબાદ યોગીના યોગનું લક્ષણ, યોગથી ઉત્પન્ન સુખની વિશિષ્ટતા, સુખ દુઃખનું સંક્ષિપ્ત સ્વરૂપ, પૂન્યથી ઉત્પન્ન ભોગો પણ દુઃખરૂપ, એ વગેરે ઉપયોગી વિષય ઉપર સારો પ્રકાશ પાડ્યો છે.

આ શાસ્ત્ર ઉપર કોઈ સંસ્કૃત ટીકા ઉપલબ્ધ નથી, આગળ જણાવ્યા પ્રમાણે પં. ગજાધરલાલજીએ સન્ ૧૯૧૮ હિંદી અનુવાદ પ્રકાશિત કરેલ, ત્યારબાદ પં. યુગલકિશોરજી મુખ્તારે આ શાસ્ત્રની ગાથાઓના અર્થ અને વ્યાખ્યા સહિત ભારતીય જ્ઞાનપીઠ દ્વારા પ્રકાશન કર્યું છે તેમણે લખેલ પ્રસ્તાવનાના આધારે આ પ્રસ્તાવના તૈયાર કરેલ છે.

યોગસાર નામના બીજા ગ્રંથો પણ ઉપલબ્ધ છે. તેમાં એક (૧) યોગસાર 'પરમાત્મ પ્રકાશ' ના રચયિતા યોગેન્દ્રદેવ કૃત અપભ્રંશ ભાષામાં છે. જેમાં ૧૦૮ ગાથા છે. (૨) બીજો "યોગસાર-સંગ્રહ" નામનો ગ્રંથ સંસ્કૃતમાં શ્રી ગુરુદાસજી ની કૃતિ છે. જેમાં ૧૫૮ ગાથાઓ છે. (૩) ત્રીજો 'યોગસાર' ગ્રંથ સંસ્કૃતમાં કોઈ અજ્ઞાતકૃત છે, જેમાં ૨૦૬ ગાથા છે. (૪) આ 'યોગસાર-પ્રાભૃત' શાસ્ત્ર સંસ્કૃતમાં ૫૪૦ ગાથાઓમાં છે.

આ ગ્રંથનું પ્રકાશન-પ્રસ્તાવના પં. જુગલકિશોરજી દ્વારા સંપાદિત અને ભારતીય જ્ઞાનપીઠ દ્વારા પ્રકાશિત પ્રતના આધારે કરેલ હોઈ ઉક્ત પંડિતજી તથા સંસ્થાનો આભાર માનવામાં આવે છે.

ભાવનગર
ચૈત્ર સુદ ૧૨ સં. ૨૦૩૪
તા ૨૦-૪-૭૮

ટ્રસ્ટીગણ.
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com

# વિષય-સૂચી


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભાષ્યનું મંગલાચરણ | ૨ |
| **૧. જીવ અધિકાર** | **૩ થી ૫૩** |
| મૂળનું મંગળાચરણ અને ઉદ્દેશ્ય | ૩ |
| સ્વરૂપ-જિજ્ઞાસાથી જીવાજીવ-લક્ષણ જાણવાની સહેતુક પ્રેરણા | ૫ |
| જીવાજીવ-સ્વરૂપને વસ્તુતઃ જાણવાનું ફળ | ૬ |
| સ્વરૂપને પરદ્રવ્ય-બહિર્ભૂત જાણવાનું પરિણામ | ૭ |
| જીવનું લક્ષણ ઉપયોગ અને તેના દર્શન-જ્ઞાન બે ભેદ | ૮ |
| દર્શનના ચાર ભેદ અને તેનું લક્ષણ | ૯ |
| જ્ઞાનનું લક્ષણ અને તેના આઠ ભેદ | ૯ |
| કેવળજ્ઞાન-દર્શનાદિના ઉદયમાં કારણ | ૧૧ |
| કેવળજ્ઞાન-દર્શનની યુગપદ્ અને બાકીના ક્રમશઃ ઉત્પત્તિ | ૧૨ |
| મિથ્યાજ્ઞાન-સમ્યગ્જ્ઞાનનાં કારણોનો નિર્દેશ | ૧૩ |
| મિથ્યાતત્વનું સ્વરૂપ અને તેની લીલાનો નિર્દેશ | ૧૩ |
| દર્શનમોહના ઉદયજન્ય-મિથ્યાત્વના ત્રણ ભેદ | ૧૪ |
| મિથ્યાત્વ-ભાવિત-જીવની માન્યતા | ૧૫ |
| સમ્યકત્વનું સ્વરૂપ અને તેની ક્ષમતા | ૧૬ |
| સમ્યકત્વના ક્ષાયિકાદિ ભેદ અને તેમાં સાધ્ય-સાધનપણું | ૧૬ |
| આત્મા અને જ્ઞાનનું પ્રમાણ તથા જ્ઞાનનું સર્વગતપણું | ૧૭ |
| આત્માથી જ્ઞાન-જ્ઞેયને અધિક માનતાં દોષાપત્તિ | ૨૨ |
| જ્ઞેય-ક્ષિપ્ત-જ્ઞાનની વ્યાપકતાનું સ્પષ્ટીકરણ | ૨૩ |
| જ્ઞેયને જાણવા છતાં જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી | ૨૪ |
| જ્ઞાન સ્વભાવથી દૂરવર્તી પદાર્થોને પણ જાણે છે | ૨૫ |
| જ્ઞાન સ્વભાવથી સ્વ-પરને જાણે છે. | ૨૬ ✓ |
| ક્ષાયિક-ક્ષાયોપશમિક જ્ઞાનોની સ્થિતિ | ૨૬ |
| કેવળજ્ઞાનની ત્રિકાળગોચર બધા સત્-અસત્ પદાર્થોને યુગપદ્ જાણવામાં પ્રવૃત્તિ | ૨૭ |
| સત્ અને અસત્ પદાર્થો કયા ? | ૨૮ |
| ભૂત-ભાવી પદાર્થોને જાણવાનું રૂપ | ૨૮ |
| જ્ઞાનની સર્વ પદાર્થોમાં યુગપદ્ પ્રવૃત્તિ ન થવાથી દોષાપત્તિ | ૨૯ |
| ઘાતીકર્મ-ક્ષયથી ઉત્પન્ન આત્માના પરમ-રૂપની શ્રદ્ધાનો પાર | ૩૧ |
| આત્માના પરમરૂપના શ્રદ્ધાનીને અવ્યય-પદની પ્રાપ્તિ | ૩૧ |
| આત્માના પરમરૂપની અનુભૂતિનો માર્ગ | ૩૨ ✓ |
| શ્રુતદ્વારા પણ કેવળજ્ઞાન સમાન આત્મ-બોધની પ્રાપ્તિ | ૩૩ |
| આત્માને સમ્યક્ ચારિત્ર ક્યારે થાય છે? | ૩૫ |
| જ્ઞાન કષાયને વશ થતાં અહિંસાદિ કોઈ વ્રત ટકતું નથી | ૩૬ |
| જ્ઞાન આત્મરૂપમાં રત થતાં હિંસાદિક પાપો પલાયન થાય છે | ૩૬ |
| આત્માના નિર્મળ જ્ઞાનાદિરૂપ ધ્યાનથી કર્મનો નાશ | ૩૭ |
| પરદ્રવ્યરત યોગીની સ્થિતિ | ૩૭ |
| નિશ્ચય-ચારિત્રનું સ્વરૂપ | ૩૮ |
| વ્યવહાર-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું રૂપ | ૩૮ |
| સ્વભાવ-પરિણત આત્મા જ વસ્તુતઃ મોક્ષમાર્ગ | ૪૦ |
| નિશ્ચયથી આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ | ૪૧ |
| આત્મોપાસનાથી ભિન્ન મોક્ષ-સુખ-પ્રાપ્તિનો કોઇ ઉપાય નથી | ૪૧ |
| આત્મસ્વરૂપની અનુભૂતિનો ઉપાય | ૪૨ ✓ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વિવક્ષિત-કેવળજ્ઞાનથી ભિન્ન આત્માનું કોઇ પરમરૂપ નથી | |
| પર વસ્તુમાં અણુમાત્ર પણ રાગ રાખવાનું પરિણામ | ૪૪ |
| પરમેષ્ઠીરૂપની ઉપાસના પરમ પુણ્યબંધનો હેતુ | ૪૪ |
| કર્માસ્રવ રોકવાનો અનન્ય ઉપાય | ૪૫ |
| પરદ્રવ્ય-ઉપાસક મુમુક્ષુઓની સ્થિતિ | ૪૬ |
| પરદ્રવ્યનું ચિંતન કરનાર અને ભિન્ન આત્માનું ચિંતન કરનારની સ્થિતિ | ૪૬ |
| ભિન્ન આત્માનું સ્વરૂપ | ૪૭ |
| આત્માને સ્વભાવથી વર્ણ-ગંધાદિનો અભાવ | ૪૮ |
| શરીર-યોગથી વર્ણાદિની સ્થિતિનું સ્પષ્ટીકરણ | ૪૯ |
| રાગાદિ ઔદયિક ભાવોને આત્માનો સ્વભાવ માનતાં આપત્તિ | |
| જીવના ગુણસ્થાનાદિ ૨૦ પ્રરૂપણાઓની સ્થિતિ | ૫૧ |
| ક્ષાયોપશમિક-ભાવ પણ શુદ્ધજીવનું રૂપ નથી | ૫૨ |
| કયા યોગી, ક્યારે, કોનું, કેવીરીતે ચિંતન કરતા થકા મુક્તિ પામે છે? | ૫૩ |
| **૨. અજીવાધિકાર ૫૪ થી** | **૯૬** |
| અજીવ દ્રવ્યોનાં નામ | ૫૫ |
| પાંચે અજીવ દ્રવ્યોની સદા સ્વ-સ્વભાવમાં સ્થિતિ | ૫૬ |
| અજીવોમાં કોણ અમૂર્તિક, કોણ મૂર્તિક અને મૂર્તનું લક્ષણ | ૫૬ |
| જીવ સહિત પાંચે અજીવોની દ્રવ્યસંજ્ઞા | ૫૯ |
| દ્રવ્યનું વ્યુત્પત્તિપરક લક્ષણ અને સત્તામય સ્વરૂપ | ૬૦ |
| સર્વ-પદાર્થગત-સત્તાનું સ્વરૂપ | ૬૦ |
| દ્રવ્યના ઉત્પાદ-વ્યય પર્યાયની અપેક્ષાએ | ૬૧ |
| ગુણ-પર્યાય વિના દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના ગુણ-પર્યાય નહિ | ૬૨ |
| ધર્માધર્માદિ દ્રવ્યોની પ્રદેશ-વ્યવસ્થા | ૬૩ |
| પરમાણુનું લક્ષણ | ૬૪ |
| આકાશ અને પુદ્ગલોની પ્રદેશ-સંખ્યા | ૬૬ |
| કાલાણુઓની સંખ્યા અને અવસ્થિતિ | ૬૬ |
| ધર્મ-અધર્મ તથા પુદ્ગલોની અવસ્થિતિ | ૬૭ |
| સંસારી જીવોની લોકસ્થિતિ અને તેમાં સંકોચ-વિસ્તાર | ૬૮ |
| જીવ-પુદ્ગલોનો અન્ય દ્રવ્યકૃત ઉપકાર | ૬૯ |
| સંસારી અને મુક્ત જીવનો ઉપકાર | ૭૦ |
| સંસારી જીવોનો પુદ્ગલકૃત ઉપકાર | ૭૧ |
| પરમાર્થથી કોઈ પદાર્થ કોઈનું કાંઇ કરતો નથી | ૧૭ |
| પુદ્ગલના ચાર ભેદ અને તેમની સ્વરૂપ વ્યવસ્થા | ૭૨ |
| કઇ જાતનાં પુદ્ગલોથી લોક કેવી રીતે ભરેલો છે | ૭૩ |
| દ્રવ્યના મૂર્ત અને અમૂર્ત બે ભેદ અને તેમનાં લક્ષણો | ૭૪ |
| કયા પુદ્ગલ કોની સાથે કર્મપણાને પ્રાપ્ત થાય છે | ૭૬ |
| યોગ દ્વારા આવેલાં પુદ્ગલોને કર્મરૂપ પરિણમનમાં હેતુ | ૭૬ |
| આઠ કર્મોનાં નામ | ૭૭ |
| જીવ કલુષતાના ઉદય-જનિત ભાવનો કર્તા છે, નહિ કે કર્મનો | ૭૮ |
| કર્મોની ત્રિવિધરૂપે ઉત્પત્તિ કેવી રીતે થાય છે. | ૭૯ |
| જીવ કદી કર્મરૂપ અને કર્મ જીવરૂપ થતાં નથી | ૮૦ |
| જીવને ઉપાદાનભાવે કર્મો કરવામાં આપત્તિ | ૮૦ |
| કર્મને ઉપાદાનભાવે જીવનું કાર્ય કરવામાં આપત્તિ | ૮૧ |
| ઉક્ત બન્ને માન્યતાઓમાં અનિવાર્ય દોષાપત્તિ | ૮૧ |
| પુદ્ગલોને કર્મરૂપ અને જીવોને સરાગરૂપ પરિણામના હેતુ | ૮૨ |
| કર્મકૃત-ભાવનું કર્તૃત્વ અને જીવનું અકર્તૃત્વ | ૮૩ |
| કર્મથી ભાવ અને ભાવથી કર્મ-આ રીતે એકબીજાનું કર્તૃત્વ | ૮૪ |
| ક્રોધાદિકૃત-કર્મને જીવકૃત કેવી રીતે કહેવામાં આવે છે | ૮૫ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કર્મજનિત દેહાદિક સર્વ વિકાર ચૈતન્ય રહિત છે | ૮૬ |
| તેર ગુણસ્થાન અને તેમનું પૌદ્ગલિક પણું | ૮૬ |
| ઉક્ત ગુણસ્થાનોને જીવ કોણ કહે છે અને કોણ નહિ | ૮૭ |
| પ્રમત્તાદિ-ગુણસ્થાનોને વંદન કરવાથી ચેતન મુનિને વંદન થતું નથી | ૮૮ |
| વંદનની ઉપયોગિતા | ૮૯ |
| અચેતન દેહની સ્તુતિ કરતા ચેતન આત્માની સ્તુતિ થતી નથી | ૯૦ |
| વિભિન્નતાનો એક સિદ્ધાંત અને તેના વડે ચેતનની દેહથી ભિન્નતા | ૯૧ |
| જે કાંઇ ઇન્દ્રિયગોચર તે બધું આત્મબાહ્ય | ૯૨ |
| ઇન્દ્રિયગોચર-રૂપનું સ્વરૂપ | ૯૩ |
| રાગ-દ્વેષાદિ વિકાર સર્વ કર્મજનિત | ૯૩ |
| જીવ કદી કર્મરૂપ અને કર્મ કદી જીવરૂપ થતું નથી | ૯૪ |
| આત્માને દ્રવ્યકર્મનો કર્તા માનવામાં દોષાપત્તિ | ૯૪ |
| કર્મોદયાદિ-સંભવ-ગુણ સર્વ અચેતન | ૯૫ |
| અજીવ તત્ત્વને યથાર્થ જાણ્યા વિના સ્વ-સ્વભાવની ઉપલબ્ધિ થતી નથી | ૯૬ |
| **૩. આસ્રવાધિકાર** | **૯૭ થી ૧૨૦** |
| આસ્રવના સામાન્ય હેતુ | ૯૮ |
| આસ્રવના વિશેષ હેતુ | ૯૯ |
| મોહને વધારનારી બુદ્ધિ | ૧૦૦ |
| તે બુદ્ધિથી મહાકર્માસ્રવ | ૧૦૧ |
| એક બીજી બુદ્ધિ કે જેનાથી મિથ્યાત્વ છૂટતું નથી | ૧૦૧ |
| કર્માસ્રવની હેતુભૂત એક ત્રીજી બુદ્ધિ | ૧૦૨ |
| ચોથી બુદ્ધિ કે જેનાથી કર્માસ્રવ રોકાતો નથી | ૧૦૨ |
| નિશ્ચય અને વ્યવહારથી આત્માનું કર્તૃત્વ | ૧૦૩ |
| જીવ-પરિણામાશ્રિત કર્માસ્રવ, કર્મોદયાશ્રિત જીવ-પરિણામ | ૧૦૩ |
| કોનો કોની સાથે કાર્ય-કારણભાવ | ૧૦૪ |
| કર્મને જીવનો કર્તા માનવામાં આપત્તિ | ૧૦૪ |
| એકનાં કરેલ કર્મનું ફળ બીજાએ ભોગવવામાં આપત્તિ | ૧૦૫ |
| કર્મ કેવી રીતે જીવનો આચ્છાદક થાય છે | ૧૦૬ |
| કષાય-સ્રોતથી આવેલ કર્મ જીવમાં સ્થિર થાય છે. | ૧૦૬ |
| નિષ્કષાય-જીવને કર્માસ્રવ માનવામાં દોષાપત્તિ | ૧૦૭ |
| એક દ્રવ્યના પરિણામ બીજાને પ્રાપ્ત થવામાં દોષાપત્તિ | ૧૦૭ |
| પાંચમી બુદ્ધિ જેનાથી કર્માસ્રવ અટકતા નથી | ૧૦૮ |
| સ્વદેહ અને પરદેહનું અચેતનપણું ન જાણવાનું ફળ | ૧૦૯ |
| પરમાં પોતાપણાની બુદ્ધિનું કારણ | ૧૦૯ |
| કોણ કોનાથી ઉત્પન્ન થતું નથી | ૧૧૦ |
| કષાય-પરિણામ કોને થાય છે અને અપરિણાતીનું સ્વરૂપ | ૧૧૧ |
| પરિણામ સિવાય જીવ-કર્મને એક બીજાના ગુણોનું કર્તૃત્વ નથી. | |
| પુદ્ગલની અપેક્ષાવાળા જીવભાવોની ઉત્પત્તિ અને ઔદયિક ભાવોની સ્થિતિ | ૧૧૨ |
| નિરંતર રજ ગ્રહણ કરનાર કોણ? | ૧૧૩ |
| સ્વ-પર વિવેકને કોણ પામતું નથી? | ૧૧૩ |
| કર્મ-સંતતિના હેતુ એવા અચારિત્રનું સ્વરૂપ | ૧૧૪ |
| રાગ-દ્વેષથી શુભાશુભ ભાવનો કર્તા અચારિત્રી | ૧૧૫ |
| સ્વ-ચારિત્રથી ભ્રષ્ટ કોણ? | ૧૧૫ |
| સ્વ ચારિત્રથી ભ્રષ્ટ ચારગતિનાં દુઃખ સહે છે | ૧૧૬ |
| દેવેન્દ્રોના વિષયસુખ પણ દુઃખ છે | ૧૧૬ |
| ઇન્દ્રિયજન્ય સુખ દુઃખ કેમ છે? | ૧૧૭ |
| સાંસારિક સુખને દુઃખ ન માનનાર અચારિત્રી | ૧૧૭ |
| પુણ્ય-પાપનો ભેદ નહિ જાણનાર ચારિત્રભ્રષ્ટ | ૧૧૮ |
| સચ્ચારિત્રનું પાલન કરવા છતાં પણ કોણ કર્મોથી છૂટતા નથી | ૧૧૮ |
| બંધનું કારણ વસ્તુ અથવા વસ્તુથી ઉત્પન્ન દોષ | ૧૧૯ |
| શુદ્ધ સ્વાત્માની ઉપલબ્ધિ કોને થાય છે | ૧૨૦ |
| **૪. બંધાધિકાર** | **૧૨૧ થી ૧૪૫** |
| બંધનું લક્ષણ | ૧૨૨ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રકૃતિ સ્થિતિ આદિના ભેદથી કર્મબંધના ચાર ભેદ | ૧૨૨ |
| ચારે બંધોનું સામાન્ય રૂપ | ૧૨૩ |
| કયો જીવ કર્મ બાંધે છે અને કયો નથી બાંધતો | ૧૨૩ |
| પૂર્વકથનનું ઉદાહરણો દ્વારા સ્પષ્ટીકરણ | ૧૨૪ |
| અમૂર્ત આત્માના મરણાદિ કરવા કોઈ સમર્થ નથી છતાં પણ મરણાદિન પરિણામથી બંધ | ૧૨૬ |
| મરણાદિ સર્વ કર્મ-નિર્મિત, અન્ય કોઈ કરવા-હરવામાં સમર્થ નથી | ૧૨૭ |
| જીવાડવા-મારવા આદિની બધી બુદ્ધિ મોહ-કલ્પિત | ૧૨૭ |
| કોઈ કોઈના ઉપકાર-અપકારના કર્તા નથી, કર્તૃત્વબુદ્ધિ મિથ્યા છે | ૧૨૮ |
| ચારિત્રાદિની મલિનતાનો હેતુ મિથ્યાત્વ | ૧૨૯ |
| મલિન ચારિત્રાદિ દોષના ગ્રાહક છે | ૧૩૦ |
| અપ્રાસુક દ્રવ્યને ભોગવવા છતાં પણ વીતરાગી અબંધક | ૧૩૧ |
| નહિ ભોગવતાં છતાં પણ સરાગી પાપ-બંધક | ૧૩૧ |
| વિષયોનો સંગ હોવા છતાં પણ જ્ઞાની તેમનાથી લેપાતો નથી | ૧૩૨ |
| નીરાગી યોગી પરકૃતાદિ આહારાદિથી બંધને પ્રાપ્ત થતા નથી | ૧૩૨ |
| પરદ્રવ્યગત-દોષથી નીરાગીને બંધન થવામાં દોષાપત્તિ | ૧૩૩ |
| વીતરાગી યોગી વિષયને જાણવા છતાં પણ બંધાતા નથી. | ૧૩૪ |
| જ્ઞાની જાણે છે, વેદતા નથી; અજ્ઞાની વેદે છે, જાણતા નથી. | ૧૩૪ |
| જ્ઞાન અને વેદનમાં સ્વરૂપ-ભેદ | ૧૩૫ |
| અજ્ઞાનમાં જ્ઞાન અને જ્ઞાનમાં અજ્ઞાન-પર્યાય નથી | ૧૩૫ |
| જ્ઞાની કલ્મષનો અબંધક અને અજ્ઞાની બંધક થાય છે | ૧૩૬ |
| કર્મફળ ભોગવનાર જ્ઞાની-અજ્ઞાનીમાં અંતર | ૧૩૬ |
| કર્મગ્રહણનો તથા સુગતિ-દુર્ગતિ-ગમનનો હેતુ | ૧૩૭ |
| સંસાર પરિભ્રમણનો હેતુ અને નિર્વૃત્તિ (મોક્ષ)નો ઉપાય | ૧૩૮ |
| રાગાદિથી યુક્ત જીવના પરિણામ | ૧૩૯ |
| કયા પરિણામ પુણ્ય, કયા પાપ, બન્નેની સ્થિતિ | ૧૪૦ |
| પુણ્ય-પાપ ફળને ભોગવતાં જીવની સ્થિતિ | ૧૪૦ |
| પુણ્ય-પાપને વશ અમૂર્ત પણ મૂર્ત થઈ જાય છે | ૧૪૧ |
| ઉદાહરણદ્વારા સ્પષ્ટીકરણ | ૧૪૧ |
| પુણ્ય-બંધનાં કારણ | ૧૪૨ |
| પાપબંધનાં કારણ | ૧૪૩ |
| પુણ્ય-પાપમાં ભેદદૃષ્ટિ | ૧૪૪ |
| પુણ્ય-પાપમાં અભેદદૃષ્ટિ | ૧૪૪ |
| નિર્વૃત્તિને પાત્ર યોગી | ૧૪૫ |
| **૫. સંવરાધિકાર** | **૧૪૬ થી ૧૪૭** |
| સંવરનું લક્ષણ અને તેના ભેદ | ૧૪૬ |
| ભાવ તથા દ્રવ્ય-સંવરનું સ્વરૂપ | ૧૪૬ |
| કષાય અને દ્રવ્યકર્મ-બન્નેના અભાવથી પૂર્ણશુદ્ધિ | ૧૪૭ |
| કષાય-ત્યાગની ઉપયોગિતાનો સહેતુક નિર્દેશ | ૧૪૭ |
| કષાય-ક્ષપણમાં સમર્થ યોગી | ૧૪૮ |
| મૂર્ત-પુદ્ગલોમાં રાગ-દ્વેષ કરનાર મૂઢબુદ્ધિ | ૧૪૯ |
| કોઈમાં રોષ-તોષ ન કરવાની સહેતુક પ્રેરણા | ૧૫૦ |
| અપકાર-ઉપકાર બનતાં કોના ઉપર રાગ-દ્વેષ કરવા? | ૧૫૦ |
| શરીરનો નિગ્રહ અને અનુગ્રહ કરનાઓ પ્રત્યે રાગદ્વેષ શા માટે? | ૧૫૧ |
| અદૃશ્ય આત્માનો નિગ્રહ (અપકાર) અને અનુગ્રહ (ઉપકાર) કેવી રીતે? | ૧૫૧ |
| શરીરને આત્માના અપકાર-ઉપકાર કરનાર માનવું વ્યર્થ | ૧૫૨ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કોઈના ગુણોને કરવા-હરવામાં કોઇ સમર્થ નથી. | ૧૫૨ |
| જ્ઞાનાદિ ગુણોનું કોઇના દ્વારા હરણ કે સર્જન થતું નથી | ૧૫૩ |
| શરીરાદિ વ્યવહારથી મારાં છે, નિશ્ચયથી નથી | ૧૫૪ |
| બન્ને નયોથી સ્વ-પરને જાણવાનું ફળ | ૧૫૫ |
| દ્રવ્ય-પર્યાયની અપેક્ષાએ કર્મ-ફળ-ભોગની વ્યવસ્થા | ૧૫૫ |
| આત્મા ઔદયિક ભાવોદ્વારા કર્મનો કર્તા અને ફળનો ભોક્તા | ૧૬૭ |
| ઇન્દ્રિય-વિષય આત્માનું કાંઇ કરતા નથી | ૧૫૮ |
| દ્રવ્યના ગુણ-પર્યાય સંકલ્પ વિના ઇષ્ટ-અનિષ્ટ થતા નથી | ૧૫૮ |
| નિન્દા-સ્તુતિનાં વચનોથી રોષ-તોષને પ્રાપ્ત થવું વ્યર્થ | ૧૫૯ |
| મોહના દોષથી બાહ્યવસ્તુ સુખ-દુઃખની દાતા | ૧૫૯ |
| વચનદ્વારા ખરેખર કોઈ નિન્દા કે સ્તુતિ યોગ્ય થતું નથી | ૧૬૦ |
| પરના દોષ કે ગુણોને કારણે હર્ષ કે વિષાદ થતા નથી | ૧૬૦ |
| પરના ચિન્તનથી ઇષ્ટ-અનિષ્ટ થતું નથી | ૧૬૧ |
| એક બીજાના વિકલ્પથી વૃદ્ધ-હાનિ માનતાં આપત્તિ | ૧૬૧ |
| વસ્તુતઃ કોઇ દ્રવ્ય ઇષ્ટ-અનિષ્ટ નથી | ૧૬૨ |
| પાવન રત્નત્રયમાં જીવનું સ્વયં પ્રવર્તન | ૧૬૨ |
| સ્વયં આત્મા પરદ્રવ્યને શ્રદ્ધાનાદિ ગોચર કરે છે | ૧૬૩ |
| મોહ પોતાના સંગથી જીવને મલિન કરે છે | ૧૬૩ |
| મોહનો વિલય થઈ જતાં સ્વરૂપની ઉપલબ્ધિ | ૧૬૪ |
| જે મોહનો ત્યાગી તે અન્ય સર્વ દ્રવ્યોનો ત્યાગી | ૧૬૫ |
| પર દ્રવ્યમાં રાગદ્વેષ કરનારની તપથી શુદ્ધિ નથી થતી | ૧૬૫ |
| કર્મને કરતો અને ફળને ભોગવતો થકો આત્મા કર્મને બાંધે છે | ૧૬૬ |
| બધાં કર્મફળને પૌદ્ગલિક જાણનાર શુદ્ધાત્મા બને છે | ૧૬૬ |
| શુદ્ધજ્ઞાતા પરનાં ત્યાગ-ગ્રહણમાં પ્રવૃત્ત થતો નથી | ૧૬૭ |
| સામાયિકાદિ છ કર્મોમાં ભક્તિસહિત પ્રવર્તનારને સંવર | ૧૬૭ |
| સામાયિકનું સ્વરૂપ | ૧૬૮ |
| સ્તુતિનું સ્વરૂપ | ૧૬૯ |
| વન્દનાનું સ્વરૂપ | ૧૬૯ |
| પ્રતિક્રમણનું સ્વરૂપ | ૧૭૦ |
| પ્રત્યખ્યાનનું સ્વરૂપ | ૧૭૦ |
| કાયોત્સર્ગનું સ્વરૂપ | ૧૭૧ |
| સમ્યગ્જ્ઞાનપરાયણ આત્મજ્ઞ યોગી કર્મોના નિરોધક | ૧૭૨ |
| કોઈ દ્રવ્યથી ભોક્તા તો ભાવથી અભોક્તા અને બીજા એનાથી વિપરીત | ૧૭૩ |
| દ્રવ્ય-ભાવથી નિવર્તનારાઓમાં કોણ કોના દ્વારા પૂજ્ય | ૧૭૩ |
| ભાવથી નિવર્તનાર જ વાસ્તવિક સંવરનો અધિકારી | ૧૭૪ |
| ભાવથી નિવૃત્ત થવાની વિશેષ પ્રેરણા | ૧૭૪ |
| શરીરાત્મક લિંગ મોક્ષનું કારણ નથી | ૧૭૫ |
| મુમુક્ષુને માટે ત્યાજ્ય અને ગ્રાહ્ય | ૧૭૬ |
| કયા યોગી શીઘ્ર કર્મોનો સંવર કરે છે | ૧૭૬ |
| **૬. નિર્જરાધિકાર** | **૧૭૭ થી ૨૦૫** |
| નિર્જરાનું લક્ષણ અને બે ભેદ | ૧૭૮ |
| સવિપાક અને અવિપાક નિર્જરાનું સ્વરૂપ | ૧૭૮ |
| અવિપાક નિર્જરાની શક્તિનો ઉદાહરણ સહિત નિર્દેશ | ૧૭૯ |
| પરમ નિર્જરા કરનાર ધ્યાન-પ્રક્રમના અધિકારી | ૧૭૯ |
| કયા યોગી બધા કર્મસમૂહની નિર્જરાના કર્તા | ૧૮૦ |
| સંવર વિના નિર્જરા વાસ્તવિક નથી | ૧૮૦ |
| કોનું કયું ધ્યાન કર્મોનો ક્ષય કરે છે | ૧૮૧ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કયા યોગી બધા કર્મમળને ધોઈ નાખે છે | ૧૮૧ |
| વિશુદ્ધભાવનો ધારક કર્મક્ષયનો અધિકારી | ૧૮૨ |
| શુદ્ધાત્મતત્ત્વને ન જાણનારનું તપ કાર્યકારી નથી | ૧૮૩ |
| કયા સંયમથી કોનાદ્વારા કર્મની નિર્જરા થાય છે | ૧૮૩ |
| કયો યોગી કર્મરજને સ્વયં ઉડાડી મૂકે છે | ૧૮૪ |
| લોકાચારને અપનાવનાર યોગીનો સંયમ ક્ષીણ થાય છે | ૧૮૪ |
| અર્હંતના વચનની શ્રદ્ધા ન કરનાર સુચારિત્રી પણ શુદ્ધિ પામતો નથી | ૧૮૫ |
| જિનાગમને ન જાણનાર સંયમી આંધળા સમાન | ૧૮૫ |
| કોનું કયું નેત્ર | ૧૮૬ |
| આગમમાં દર્શાવેલ બધાં અનુષ્ઠાન કોને નિર્જરાના હેતુ | ૧૮૭ |
| અજ્ઞાની-જ્ઞાનીને વિષય-સેવનનું ફળ | ૧૮૮ |
| કર્મફળને ભોગવતાં કોને બંધ અને કોને નિર્જરા | ૧૮૮ |
| અકિંચન યોગી પણ નિર્જરાના અધિકારી | ૧૮૯ |
| ભિન્ન આત્મા સિવાય અન્યની ઉપાસના કરનારની સ્થિતિ | ૧૮૯ |
| પોતાના શરીરમાં રહેલ પરમાત્માને છોડીને બીજે પરમાત્માની ઉપાસના કરનારની સ્થિતિ | ૧૯૦ |
| કોણ કર્મબંધનોથી બંધાય છે અને કોણ છૂટે છે | ૧૯૦ |
| પ્રમાદી સર્વત્ર પાપોથી બંધાય છે અને અપ્રમાદી છૂટે છે | ૧૯૧ |
| પોતાના નિર્મળ તીર્થને છોડીને અન્યને ભજનારાઓની સ્થિતિ | ૧૯૧ |
| પોતાના આત્મજ્ઞાનની ઈચ્છા રાખનારને પરીષહ સહેવા આવશ્યક છે | ૧૯૨ |
| સુખ-દુઃખમાં અનુબંધનું ફળ | ૧૯૩ |
| આત્મશુદ્ધિનું સાધન આત્મજ્ઞાન છે, અન્ય નહિ | ૧૯૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પરદ્રવ્યથી આત્મા સ્પર્શાતો નથી અને શુદ્ધ થતો નથી | ૧૯૪ |
| સ્વાત્મરૂપની ભાવનાનું ફળ પરદ્રવ્યનો ત્યાગ | ૧૯૪ |
| આત્મદ્રવ્યને જાણવા માટે પરદ્રવ્યને જાણવું આવશ્યક | ૧૯૫ |
| જગતના સ્વભાવની ભાવનાનું લક્ષ્ય | ૧૯૫ |
| એક આશ્ચર્યની વાત | ૧૯૬ |
| જ્ઞાનની આરાધના જ્ઞાન આપે છે, અજ્ઞાનની અજ્ઞાન આપે છે | ૧૯૭ |
| જ્ઞાન જણાતાં જ્ઞાની જણાય છે | ૧૯૭ |
| જ્ઞાનાનુભવ રહિતને અર્થજ્ઞાન થતું નથી | ૧૯૮ |
| જે પરોક્ષજ્ઞાનથી વિષયની પ્રતીતિ થાય છે તેનાથી જ્ઞાનીની પ્રતીતિ કેમ ન થાય ? | ૧૯૯ |
| જેનાથી પદાર્થ જણાય તેનાથી જ્ઞાની ન જણાય એ કેવી રીતે ? | ૧૯૯ |
| વેદ્ય (ભોગવવા યોગ્ય) ને જાણે અને વેદકને ન જાણે એ આશ્ચર્યકારી | ૨૦૦ |
| જ્ઞેયના લક્ષ્યથી આત્માનું શુદ્ધ રૂપ જાણીને ધ્યાવવાનું ફળ | ૨૦૦ |
| પૂર્વકથનનું ઉદાહરણ દ્વારા સ્પષ્ટીકરણ | ૨૦૧ |
| આત્માની ઉપલબ્ધિમાં જ્ઞાનીઓની સુખ સ્થિતિ | ૨૦૧ |
| આત્મતત્ત્વરત દ્વારા પરદ્રવ્યનો ત્યાગ | ૨૦૨ |
| વિશોધિત જ્ઞાન તથા અજ્ઞાનની સ્થિતિ | ૨૦૨ |
| નિર્મળ ચેતનમાં મોહ દેખાય-તેનો હેતુ | ૨૦૩ |
| શુદ્ધિ માટે જ્ઞાનની આરાધનામાં બુદ્ધિને લગાડવાની પ્રેરણા | ૨૦૩ |
| નિર્મળતાને પ્રાપ્ત જ્ઞાની અજ્ઞાનને અપનાવતા નથી | ૨૦૪ |
| વિદ્વાનનાં અધ્યયન આદિ કાર્યોની દિશાનો નિર્દેશ | ૨૦૫ |
| યોગીનો સંક્ષિપ્ત કાર્યક્રમ અને તેનું ફળ | ૨૦૫ |
| **૭. મોક્ષાધિકાર** | **૨૦૭ થી ૨૩૬** |
| મોક્ષનું સ્વરૂપ | ૨૦૭ |
| આત્મામાં કેવળજ્ઞાનનો ઉદય ક્યારે થાય છે ? | ૨૦૮ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com




| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| દોશોથી મલિન આત્મામાં કેવળજ્ઞાન ઉદય પામતું નથી | ૨૦૮ |
| મોહાદિ-દોષોનો નાશ શુદ્ધાત્મધ્યાન વિના થતો નથી | ૨૦૯ |
| ધ્યાનરૂપી વજ્રથી કર્મગ્રંથિનો છેદ અત્યંત આનંદ ઉત્પન્ન કરે છે | ૨૦૯ |
| કયા કેવળીની ક્યારે ધર્મદેશના થાય છે | ૨૧૦ |
| જ્ઞાન કઈ રીતે આત્માનો સ્વભાવ છે | ૨૧૧ |
| આત્માનું ચૈતન્યરૂપ સ્વકાર્યમાં કેમ પ્રવૃત્ત થતું નથી | ૨૧૨ |
| પ્રતિબંધક વિના જ્ઞાની જ્ઞેય-વિષયમાં અજ્ઞાની રહેતા નથી | ૨૧૨ |
| જ્ઞાનીને દેશાદિના વિપ્રકર્ષનો કાંઈ પ્રતિબંધ નથી | ૨૧૩ |
| જ્ઞાનસ્વભાવને કારણે આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી | ૨૧૪ |
| કેવળી શેષ કયા કર્મો કેવી રીતે નષ્ટ કરીને નિવૃત્ત ( મુક્ત ) થાય છે | ૨૧૫ |
| શુક્લધ્યાનથી કર્મ છેદાતું નથી એવું વચન અનુચિત | ૨૧૮ |
| સુખરૂપ થયેલ મુક્ત જીવ ફરી પાછો સંસારમાં આવતો નથી | ૨૧૭ |
| કર્મનો અભાવ થઈ જવાથી ફરીથી શરીરનું ગ્રહણ થતું નથી | ૨૧૮ |
| જ્ઞાનને પ્રકૃતિનો ધર્મ માનવો-એ અસંગત છે | ૨૧૮ |
| જ્ઞાનાદિ ગુણોના અભાવમાં જીવની વ્યવસ્થિતિ બની શકતી નથી | ૨૧૯ |
| ઉપાય કર્યા વિના બંધને જાણવા માત્રથી કોઈનો મોક્ષ થતો નથી | ૨૧૯ |
| જીવના શુદ્ધ-અશુદ્ધની અપેક્ષાએ બે ભેદ | ૨૨૧ |
| શુદ્ધ જીવને મુક્ત કહેવાનો હેતુ | ૨૨૨ |
| મુક્તિમાં આત્મા કયા રૂપે રહે છે | ૨૨૨ |
| ધ્યાનનું મુખ્ય ફળ અને તેમાં યત્નની પ્રેરણા | ૨૨૩ |
| ધ્યાન-મર્મજ્ઞ યોગીઓનાં હિતરૂપ વચન | ૨૨૪ |
| પરમબ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય | ૨૨૫ |
| આત્મા ધ્યાનવિધિથી કર્મોનો ઉન્મૂલક કેવી રીતે ? | ૨૨૫ |
| ભિન્ન આત્માનું ધ્યાન અચિન્ત્યાદિ ફળનું દાતા | ૨૨૬ |
| ઉક્ત ધ્યાનથી કામદેવનો સહજ નાશ | ૨૨૬ |
| વાદ-પ્રવાદ છોડીને અધ્યાત્મ-ચિંતનની પ્રેરણા | ૨૨૭ |
| વિદ્વાનોએ સિદ્ધિમાટે સદુપાય કર્તવ્ય | ૨૨૭ |
| અધ્યાત્મધ્યાનથી ભિન્ન સદુપાય નથી | ૨૨૮ |
| ઉક્ત ધ્યાનની બાહ્ય સામગ્રી | ૨૨૮ |
| ત્રણ પ્રકારની બુદ્ધિવડે સંશોધકને ધ્યાનની પ્રાપ્તિ | ૨૨૯ |
| વિદ્વત્તાનું પરમફળ આત્મધ્યાનમાં રતિ | ૨૩૦ |
| મૂઢ ચિત્તવાળા અને અધ્યાત્મરહિત પંડિતોનો સંસાર શું ? | ૨૩૧ |
| જ્ઞાનબીજાદિને પામીને પણ કોણ સદ્ધ્યાનની ખેતી નથી કરતા ? | ૨૩૧ |
| ભોગ-આસક્તિમાં ધ્યાન-ત્યાગી વિદ્વાનોના મોહને ધિક્કાર | ૨૩૨ |
| મોહી જીવો-વિદ્વાનો આદિની સ્થિતિ | ૨૩૩ |
| ધ્યાન માટે તત્ત્વ શ્રવણની ઉપયોગિતા | ૨૩૪ |
| ભોગબુદ્ધિ ત્યાજ્ય અને તત્ત્વશ્રવણ ગ્રાહ્ય | ૨૩૫ |
| ધ્યાનનો શત્રુ જે કુતર્ક તે ત્યાજ્ય | ૨૩૫ |
| મોક્ષતત્ત્વનો સાર | ૨૩૬ |
| **૮. ચારિત્રાધિકાર** | **૨૩૭ થી ૨૯૭** |
| મુમુક્ષુએ જિનલિંગ ધારણ કરવું યોગ્ય છે | ૨૩૮ |
| જિનલિંગનું સ્વરૂપ | ૨૩૮ |
| જિન-દીક્ષા આપવાને યોગ્ય ગુરુ અને શ્રમણપણાની પ્રાપ્તિ | ૨૩૯ |
| શ્રમણના કેટલાક મૂળગુણ | ૨૪૦ |
| મૂળગુણોના પાલનમાં પ્રમાદી મુનિ છેદોપસ્થાપક | ૨૪૧ |
| શ્રમણોના બે ભેદ-સુરિ અને નિર્યાપક | ૨૪૨ |
| ચારિત્રમાં છેદોત્પત્તિ થતાં તેની પ્રતિક્રિયા | ૨૪૩ |
| વિહરને પાત્ર શ્રમણ | ૨૪૩ |
| કયા યોગીને શ્રમણપણાની પૂર્ણતા થાય છે | ૨૪૪ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહનું સ્વરૂપ | ૨૮૬ |
| બુદ્ધિ આદિ પૂર્વક કાર્યોના ફળભેદની દિશા-સૂચના | ૨૮૭ |
| બુદ્ધિપૂર્વક સર્વ કાર્ય સંસારફળના દાતા | ૨૮૭ |
| જ્ઞાનપૂર્વક કાર્ય મુક્તિહેતુક | ૨૮૮ |
| અસંમોહ-પૂર્વક કાર્ય નિર્વાણસુખના પ્રદાતા | ૨૮૮ |
| ભવાતીતમાર્ગગામીઓનું સ્વરૂપ | ૨૮૯ |
| ભવાતીત માર્ગગામીઓનો માર્ગ સામાન્યની જેમ એક જ | ૨૮૯ |
| શબ્દભેદ હોવા છતાં પણ નિર્વાણ-તત્ત્વ એક જ છે | ૨૯૦ |
| વિમુક્ત આદિ શબ્દ સાર્થક | ૨૯૧ |
| નિર્વાણ-તત્ત્વ ત્રણ વિશેષણોથી યુક્ત | ૨૯૨ |
| અસંમોહથી જ્ઞાત-નિર્વાણ-તત્ત્વમાં કોઇ વિવાદ કે ભેદ હોતો નથી | ૨૯૨ |
| નિર્વાણ માર્ગની દેશના વિચિત્ર હોવાનું કારણ | ૨૯૩ |
| ઉક્ત ચારિત્ર વ્યવહારથી મુકિતહેતુ, નિશ્ચયથી ભિન્ન ચેતનનું ધ્યાન | ૨૯૪ |
| વ્યાવહારિક ચારિત્રના બે ભેદ | ૨૯૫ |
| કયું ચારિત્ર મુક્તિને અનુકૂળ અને કયું સંસારને | ૨૯૫ |
| જિન-ભાષિત-ચારિત્ર કેવીરીતે મુકિતને અનુકૂળ છે | ૨૯૬ |
| ઉકત વ્યવહાર-ચારિત્ર વિના નિશ્ચય-ચારિત્ર બનતું નથી | ૨૯૬ |
| ઉકત ચારિત્રના અનુષ્ઠાતા યોગીની સ્થિતિ | ૨૯૭ |
| **૯. ચૂલિકાધિકાર** | **૨૯૮ થી ૩૪૬** |
| મુકતાત્મા દર્શન-જ્ઞાન-સ્વભાવથી સદા આનંદરૂપ રહે છે. | ૨૯૯ |
| મુકતાત્માનું ચૈતન્ય નિરર્થક નથી | ૨૯૯ |
| ચૈતન્યને આત્માનો નિરર્થક સ્વભાવ માનતાં દોષાપત્તિ | ૩૦૦ |
| સત્‌નો અભાવ ન હોવાથી મુકિતમાં આત્માનો અભાવ થતો નથી | ૩૦૧ |
| ચંદ્રકાંતિ અને મેઘના ઉદાહરણ દ્વારા વિષયનું સ્પષ્ટીકરણ | ૩૦૨ |
| આત્મામાં વ્યાપ્ત કર્મોને યોગી કેવી રીતે ક્ષણમાત્રમાં ઉડાડી મૂકે છે | ૩૦૩ |
| યોગીના યોગનું લક્ષણ | ૩૦૩ |
| યોગથી ઉત્પન્ન સુખની વિશિષ્ટતા | ૩૦૪ |
| સુખ-દુઃખનું સંક્ષિપ્ત લક્ષણ | ૩૦૪ |
| ઉકત લક્ષણની દૃષ્ટિથી પુણ્યજન્ય ભોગો અને યોગજન્ય જ્ઞાનની સ્થિતિ | ૩૦૫ |
| નિર્મળજ્ઞાન સ્થિર થતાં ધ્યાન થઈ જાય છે | ૩૦૫ |
| ભોગનું રૂપ અને તેને સ્થિર-વાસ્તવિક સમજનારા | ૩૦૬ |
| આ સંસાર આત્માનો મહાન રોગ | ૩૦૬ |
| સર્વ સંસાર-વિકારોનો અભાવ થતાં મુકત જીવની સ્થિતિ | ૩૦૭ |
| ઉદાહરણ-દ્વારા પૂર્વકથનનું સમર્થન | ૩૦૮ |
| કોના ભોગ સંસારનું કારણ નથી થતા | ૩૦૮ |
| ભોગોને ભોગવવા છતાં પણ કોણ પરમ-પદને પામે છે. | ૩૦૯ |
| ભોગાને તત્ત્વ-દૃષ્ટિથી દેખનારાઓની સ્થિતિ | ૩૧૦ |
| ભોગ-માયાથી વિમોહિત જીવની સ્થિતિ | ૩૧૦ |
| ધર્મથી ઉત્પન્ન ભોગ પણ દુઃખ-પરંપરાના દાતા | ૩૧૧ |
| વિવેકી વિદ્વાનોની દૃષ્ટિમાં લક્ષ્મી અને ભોગ | ૩૧૧ |
| ભોગ-સંસારથી સાચો વૈરાગ્ય કયારે ઉત્પન્ન થાય છે | ૩૧૨ |
| નિર્વાણમાં પરમા ભકિત અને તેને માટે કર્તવ્ય | ૩૧૨ |
| જ્ઞાની પાપોથી કેવી રીતે લેપાતો નથી | ૩૧૩ |
| જ્ઞાનના મહિમાનું કીર્તન | ૩૧૪ |
| કયું તત્ત્વ કોનાદ્વારા વસ્તુતઃ ચિંતન-યોગ્ય છે | ૩૧૪ |
| પરમતત્ત્વ શું અને તેનાથી ભિન્ન શું? | ૩૧૫ |
| મુમુક્ષુઓએ કોઇ પણ તત્ત્વમાં આગ્રહ ન કરવો | ૩૧૫ |
| આગ્રહ-વર્જિત તત્ત્વમાં કર્તા-કર્માદિનો વિકલ્પ નથી | ૩૧૬ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com




| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આત્મામાં સ્થિત કર્મ-વર્ગણાઓ કદી આત્મતત્ત્વને પ્રાપ્ત થતી નથી | ૩૧૭ |
| કર્મજન્ય સ્થાવર વિકાર આત્માના થતા નથી | ૩૧૭ |
| જીવના રાગાદિ-પરિણામોની સ્થિતિ | ૩૧૮ |
| જીવના કષાયાદિ-પરિણામોની સ્થિતિ | ૩૧૮ |
| કષાય-પરિણામોનું સ્વરૂપ | ૩૧૯ |
| કાલુષ્ય અને કર્મમાંથી એકનો નાશ થતાં બન્નેનો નાશ | ૩૧૯ |
| કલુષતાનો અભાવ થતાં પરિણામોની સ્થિતિ | ૩૨૦ |
| કલુષતાનો અભાવ થતાં જીવની સ્થિતિ | ૩૨૦ |
| આત્માના શુદ્ધસ્વરૂપની કેટલીક સૂચના | ૩૨૧ |
| આત્માની પરંજ્યોતિનું સ્વરૂપ | ૩૨૧ |
| સ્વસ્વભાવમાં સ્થિત પદાર્થોને કોઈ અન્યથા-કરવામાં સમર્થ નથી | ૩૨૨ |
| મળનાર પરદ્રવ્યોથી આત્માને કેવી રીતે અન્યથા નથી કરી શકાતો | ૩૨૨ |
| ભિન્ન જ્ઞાનોપલબ્ધિથી દેહ અને આત્માનો ભેદ | ૩૨૩ |
| કર્મ જીવના અને જીવ કર્મના ગુણોને ઘાતતો નથી | ૩૨૩ |
| જીવ અને કર્મમાં પારસ્પરિક પરિણામનું નિમિત્તપણું ન રહેતાં મોક્ષ | ૩૨૪ |
| યુક્ત-ભાવ સાથે આત્માની સ્ફટિક સમાન તન્મયતા | ૩૨૪ |
| આત્માને આત્મભાવના અભ્યાસમાં લગાડ-વાનું આવશ્યક | ૩૨૫ |
| કર્મમળથી પૂર્ણપણે પૃથક્ થયેલ આત્મા પછી તે મળથી લેપાતો નથી | ૩૨૬ |
| ઘટના ઉપાદાન માટીની જેમ કર્મનું ઉપાદાન કલુષતા | ૩૨૬ |
| કષાયાદિ કરતો જીવ કષાયાદિરૂપ કેમ થતો નથી? | ૩૨૭ |
| સર્વ કર્મોનો કર્તા હોવા છતાં પણ કોણ અકર્તા થાય છે | ૩૨૮ |
| વિષયમાં સ્થિત રહેવા છતાં પણ કોણ લેપાતો નથી | ૩૨૯ |
| દેહ અને ચેતનનો તાત્ત્વિક ભેદ જાણ-નારની સ્થિતિ | ૩૨૯ |
| જીવના ત્રિવિધ ભાવોની સ્થિતિ અને કર્તવ્ય | ૩૩૦ |
| જેણે સમસ્ત કલ્મષનો નાશ કર્યો છે તે યોગીનું કર્તવ્ય | ૩૩૧ |
| ઇન્દ્રિય-વિષયોના સ્મરણ કરનારની સ્થિતિ | ૩૩૧ |
| ભોગને ન ભોગવનાર અને ભોગવનાર કોઈ બેની સ્થિતિ | ૩૩૨ |
| ઇન્દ્રિય-વિષયોના સ્મરણ-નિરોધકની સ્થિતિ | ૩૩૨ |
| ભોગને ભોગવવા છતાં કોણ બંધને પામે છે અને કોણ નહિ | ૩૩૩ |
| વિષયોને જાણતા જ્ઞાની બંધને પામતા નથી | ૩૩૩ |
| મહામૂઢ ઇન્દ્રિય-વિષયોનું ગ્રહણ ન કરવા છતાં પણ બંધ કર્તા | ૩૩૪ |
| કોનાં પ્રત્યાખ્યાનાદિ કર્મ વ્યર્થ છે | ૩૩૪ |
| દોષોના પ્રત્યાખ્યાનથી કોણ મુક્ત છે | ૩૩૫ |
| દોષોના વિષયમાં રાગી-વીતરાગીની સ્થિત | ૩૩૬ |
| ઔદયિક અને પારિણામિક ભાવોનું ફળ | ૩૩૬ |
| વિષયાનુભવ અને સ્વાત્માનુભવમાં ઉપા-દેય કોણ? | ૩૩૬ |
| વૈષયિક જ્ઞાન બધું પૌદ્ગલિક | ૩૩૭ |
| માનવોમાં બાહ્યભેદના કારણે જ્ઞાનમાં ભેદ નથી થતો | ૩૩૭ |
| કયા જ્ઞાનથી જ્ઞેયને જાણીને તેને ત્યાગ-વામાં આવે છે | ૩૩૮ |
| વિકારના હેતુના દેશચ્છેદ અને મૂળ-ચ્છેદનું પરિણામ | ૩૩૯ |
| દેશચ્છેદ અને મૂળચ્છેદના વિષયનું સ્પષ્ટી-કરણ | ૩૪૦ |
| કોનાં જન્મ અને જીવન સફળ છે | ૩૪૨ |
| ગ્રંથ અને ગ્રંથકારના અભિપ્રેતરૂપ પ્રશ-સ્તિ | ૩૪૩ |
| ભાષ્યનું અંત્ય મંગળ અને પ્રશસ્તિ | ૩૪૬ |

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



છે( **स** ) તે ( **पर-द्रव्ये** ) પરદ્રવ્યમાં ( **कुत्रापि** ) ક્યાંય પણ-પરદ્રવ્યની કોઇપણ અવસ્થામાં ( **न रज्यति न द्वेष्टि** ) રાગ નથી કરતો અને દ્વેષ નથી કરતો. ૫.

વ્યાખ્યાઃ—આગળના પદ્યમાં એમ કહેવામાં આવ્યું છે કે જે જીવતત્ત્વમાં લીન થાય છે તેને રાગદ્વેષનો ક્ષય થઈ જાય છે, તેજ વાત આ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવી છે-એ બતાવવામાં આવ્યું છે કે જે આત્મલીન થઇને પોતાના સ્વભાવને પરદ્રવ્યોથી બહિર્ભૂતરૂપે જાણે છે-એવો અનુભવ કરે છે કે પર મારારૂપે નથી, હું પરરૂપ નથી, પર મારામાં નથી, હું પરમાં નથી; પર મારું નથી, હું પરનો નથી; આ રીતે પરને પોતાની સાથે અસંબધ રૂપે દેખે છે-તો તે પરદ્રવ્યની કોઈ પણ અવસ્થામાં રાગ કરતો નથી અને દ્વેષ કરતો નથી; કારણ કે પરદ્રવ્યના સંબંધથી અને તેને ઇષ્ટ-અનિષ્ટ માનીને જે રાગ-દ્વેષની પ્રવૃત્તિ થાય છે. ૫.

## જીવનું લક્ષણ, ઉપયોગ અને તેના દર્શન-જ્ઞાન બે ભેદ.

**[1]उपयोगो विनिर्दिष्टस्तत्र लक्षणमात्मनः ।**
**द्विविधो दर्शन-ज्ञान-प्रभेदेन जिनाधिपैः ॥ ६ ॥**

શબ્દાર્થઃ—( **तत्र** ) તે બે મૂળ તત્ત્વોમાં ( **लक्षणमात्मनः** ) આત્માનું લક્ષણ ( **जिनाधिपैः** ) જિનેન્દ્રદેવે ( **उपयोगो विनिर्दिष्टः** ) ઉપયોગ બતાવ્યું છે. ( **दर्शन-ज्ञान प्रभेदेन द्वि-विधो** ) અને તે ઉપયોગ દર્શન-જ્ઞાનના ભેદથી બે પ્રકારનો બતાવ્યો છે.

વ્યાખ્યાઃ—અહીં 'आत्मनः' પદ દ્વારા જીવનો 'આત્મા' શબ્દથી ઉલ્લેખ કર્યો છે અને તેથી એ જણાય છે કે આત્મ જીવનું નામાન્તર અથવા પર્યાયનામ છે. જીવનું જે લક્ષણ જાણવાની વાત પહેલાં કહેવામાં આવી છે તે લક્ષણ 'ઉપયોગ' છે કે જે આત્માનો ચૈતન્યાનુવિધાયી પરિણામ છે, જેના મૂળ વિભાગ દર્શન અને જ્ઞાનના ભેદથી બે પ્રકારના છે અને આ ભેદોની દૃષ્ટિએ દેખવા તથા જાણવારૂપ ચૈતન્યાનુવિધાયી પરિણામને 'ઉપયોગ' સમજવો જોઇએ,[2] જેમાં આ પરિણમન વાસ્તવિક રીતે જણાય છે તે જ લક્ષ્યભૂત 'જીવ' તત્ત્વ છે; કેમકે એ જીવનો સદાનો અનન્યભૂત પરિણામ છે. જે જીવથી પૃથક્ બીજે ક્યાંય કદી લક્ષિત થતો નથી; જે શ્રી કુન્દકુન્દાચાર્યના નીચેના વાક્યથી એમ જ જણાય છેઃ—

---

૧ सव्वगुणाणदिट्ठो जीवो उपजोग लक्खणो गिच्चं । ( સમયસા ૨૨૭ )
उपओगो खलु दुविहो णाणेण य दंसणेण संजुत्तो ॥
जीवस्स सव्वकालं अणण्णभूदं विदाणीहि ॥ પંચાસ્તિકાય
उपयोगो लक्षणम् ॥ ८ ॥ स द्विविधोऽष्ट चतुर्भेदाः ॥ ९ ॥ (મોક્ષશાસ્ત્ર અ. ૨)
૨ आत्मनश्चैतन्यानुविधायी परिणाम उपयोगः ( અમૃતચન્દ્રસૂરિ )

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



પ્રાચીન આચાર્ય શ્રી કુન્દકુન્દાચાર્યદેવે પણ પ્રવચનસારની 'आदा णाणपमाणं ગાથામાં 'तम्हा णाणं तु सव्व गयं' આ વાક્ય દ્વારા જ્ઞાનને 'સર્વગત' બતાવ્યું છે.

જ્યારે આત્મા જ્ઞાન-પ્રમાણ છે અને જ્ઞાન જ્ઞેય-પ્રમાણ હોવાથી લોકાલોક-પ્રમાણ તથા સર્વગત છે ત્યારે આત્મા પણ સર્વગત થયો. અને એથી એ નિષ્કર્ષ નીકળ્યો કે આત્મા પોતાના જ્ઞાન-ગુણ સહિત સર્વગત (સર્વવ્યાપક) હોવાથી લોકાલોકને જાણે છે અને તેથી લોકાલોકના જ્ઞાતા જે જે સર્વજ્ઞ અથવા કેવળજ્ઞાની (કેવળી) છે તે સર્વગત હોવાથી જ લોકાલોકને જાણે છે. પરંતુ આત્મા સદા સ્વાત્મપ્રદેશોમાં સ્થિત રહે છે-સંસાર અવસ્થામાં આત્માનો કોઇ પ્રદેશ પગથી માથા સુધી આ આત્મદેહમાંથી બહાર જતો નથી અને મુક્ત અવસ્થામાં શરીરનો સંબંધ સદાને માટે છૂટી જતાં આત્માના પ્રદેશ લગભગ અંતિમ શરીરના આકાર સહિત લોકના અગ્રભાગે જઇને સ્થિત થઈ જાય છે ત્યાંથી પછી કોઇ પણ પ્રદેશ કોઈ પણ સમયે સ્વાત્મામાંથી બહાર નીકળીને અન્ય પદાર્થોમાં જતો નથી. તેથીજ આવા શુદ્ધાત્માઓ અથવા મુક્તાત્માઓને 'સ્વાત્મસ્થિત' કહેવામાં આવ્યા છે અને પ્રદેશોની અપેક્ષાએ સર્વવ્યાપક માનવામાં આવ્યા નથી; સાથોસાથ 'સર્વગત' પણ કહેવામાં આવ્યા છે; જેમ કે '**स्वात्मस्थितः सर्वगतः समस्तव्यापारवेदी विनिवृत्तसंग**[૧]' આ વાક્યોમાં પ્રગટ છે. તો પછી તેમના આ સર્વગતપણાનું શું રહસ્ય છે અને તેમનું જ્ઞાન એક જગ્યાએ સ્થિત હોવા છતાં સર્વ જગત્‌ના પદાર્થોને યુગપદ્ કેવી રીતે જાણે છે? એ એક મર્મની વાત છે, જેને સમન્તભદ્ર સ્વામીએ સમીચીન-ધર્મશાસ્ત્રના મંગળપદ્યમાં શ્રી વર્ધમાન સ્વામી માટે યોજેલ નીચેના વિશેષણ વાક્યદ્વારા થોડામાં જ વ્યક્ત કરી દીધું છે—

**सालोकानां त्रिलोकानां यद्विधा दर्पणायते ।**

આ વાક્યમાં જ્ઞાનને દર્પણરૂપે બતાવીને અથવા દર્પણની ઉપમા આપીને એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે દર્પણ પોતાના સ્થાનેથી ખસીને પદાર્થોની પાસે જતું નથી કે તેમાં પ્રવેશ પામતું નથી અને ન તો પદાર્થ પણ પોતાના સ્થાનમાંથી ખસીને દર્પણ પાસે આવે છે અને તેમાં પ્રવેશ પામે છે; છતાં પણ પદાર્થ દર્પણમાં પ્રતિબિંબિત થઇને પ્રવેશ્યા હોય તેમ લાગે છે અને દર્પણ પણ તે પદાર્થોને પોતાનામાં પ્રતિબિંબિત કરતું થકું, તદ્ગત અને તે પદાર્થોના આકારરૂપ પરિણમેલું જણાય છે, અને આ બધું દર્પણ તથા પદાર્થોની ઇચ્છા વિના જ વસ્તુ-સ્વભાવથી થાય છે. તેવી જ રીતે વસ્તુ-સ્વભાવથીજ શુદ્ધાત્મા કેવળીના કેવળજ્ઞાનરૂપ દર્પણમાં અલોક સહિત સર્વ પદાર્થ પ્રતિબિંબિત થાય છે અને આ દૃષ્ટિએ તેમનું તે નિર્મળ જ્ઞાન આત્મપ્રદેશોની અપેક્ષાએ સર્વગત ન

૧. જુઓ, શ્રી ધનંજય-કૃત 'વિષાપહાર-સ્તોત્ર.'

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



ફક્ત સમજવા માટે એકદેશ હોય છે; સર્વદેશી નહીં માટે ચુંબકની જેમ જ્ઞાનની સીમિત શક્તિ સમજી લેવી ન જોઈએ. તેમાં પ્રતિબંધકનો અભાવ થઈ જવાથી દૂરવર્તી તથા અંતરિત જ નહિ પણ સૂક્ષ્મ પદાર્થોને પોતાની તરફ આકર્ષિત કરવાની-પોતાનો વિષય બનાવવાની-અનંતાનંત શક્તિ છે-તેની બહાર કોઈ પણ પદાર્થ જાણ્યા વિના અજ્ઞેયરૂપે રહેતો નથી. તેથી જ જ્ઞાનને 'સર્વગત' કહ્યું છે. તે પોતાના આત્મપ્રદેશોની અપેક્ષાએ નહિ પરંતુ પ્રકાશની અપેક્ષાએ સર્વગત છે. ૨૩

## જ્ઞાન સ્વભાવથી સ્વ-પરને જાણે છે.

**ज्ञानमात्मानमर्थं च परिच्छित्ते स्वभावतः ।**
**दीप उद्योतयत्यर्थं स्वस्मिन्नान्यमपेक्षते ॥ २४ ॥**

શબ્દાર્થ:—( ज्ञानं ) જ્ઞાન ( आत्मानम् ) આત્માને ( પોતાને ) ( च अर्थं ) અને પદાર્થ સમૂહને ( स्वभावत: ) સ્વભાવથી જ ( परिच्छित्ते ) જાણે છે. જેમ ( दीपः ) દીપક સ્વભાવથી ( अर्थं ) અન્ય પદાર્થ સમૂહને ( उद्योतयति ) પ્રકાશિત કરે છે તેમ ( स्वस्मिन् ) પોતાના પ્રકાશનમાં ( अन्यं ) અન્ય પદાર્થની ( न अपेक्षते ) અપેક્ષા રાખતો નથી-પોતાને પણ પ્રકાશિત કરે છે. ૨૪

વ્યાખ્યા:—પાછળના પદ્યમાં એ બતાવવામાં આવ્યું છે કે કેવળજ્ઞાન દૂરવર્તી પદાર્થોને પણ જાણે છે, ભલે તે દૂરપણું ક્ષેત્રસંબંધી હોય કે કાળસંબંધી. ત્યાં એ ભ્રમ ઉત્પન્ન થાય છે કે જ્ઞાન પરનેજ સ્વભાવથી જાણે છે કે પોતાને પણ જાણે છે? આ પદ્યમાં દીપકના ઉદાહરણ દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે દીપક પર પદાર્થોનું ઉદ્યોતન કરે છે તેવી જ રીતે પોતાનું પણ ઉદ્યોતન ( પ્રકાશન ) કરે છે-પોતાના પ્રકાશનમાં કોઈ પ્રકારે પરની અપેક્ષા રાખતો નથી-તેવી જ રીતે જ્ઞાન પણ પોતાને તથા પર પદાર્થ સમૂહને સ્વભાવથી જ જાણે છે-પોતાને અથવા આત્માને જાણવામાં કોઈ બીજાની અપેક્ષા રાખતું નથી. ૨૪

## ક્ષાયિક-ક્ષાયોપશમિક જ્ઞાનોની સ્થિતિ

**क्षायोपशमिकं ज्ञानं कर्मापाये निवर्तते ।**
**प्रादुर्भवति जीवस्य नित्यं क्षायिकमुज्ज्वलम् ॥ २५ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થઃ—( यत्सर्वार्थवरिष्ठं ) જે સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ છે, ( यत्क्रमातीतम् ) જે ક્રમાતીત છે-ક્રમવર્તી નથી અથવા આદિ મધ્ય અન્તથી રહિત છે-તથા ( अतीन्द्रियम् ) અતીન્દ્રિય છે-ઇન્દ્રિયજ્ઞાન ગોચર નથી-( श्रद्धात्यात्मनो रूपं ) તે આત્માના ( પરમ ) રૂપને જે શ્રદ્ધે છે ( स ) તે ( पदमव्ययम् ) અવિનાશી પદ-મોક્ષને ( याति ) પામે છે.

વ્યાખ્યાઃ—પાછળના પદ્યમાં આત્માના ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન જે પરમ રૂપનું શ્રદ્ધાન કરનાર ભવ્યજીવનો ઉલ્લેખ છે તે વિષયમાં અહીં એટલું વધારે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તે આત્માના રૂપને સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ, ક્રમરહિત અને અતીન્દ્રિય શ્રદ્ધે છે અને આવું શ્રદ્ધાન કરનાર અવ્યયપદ જે મોક્ષપદ છે તેને પ્રાપ્ત થાય છે. ૩૨.

## આત્માના પરમ રૂપની અનુભૂતિનો માર્ગ.

[१]निर्व्यापारीकृताक्षस्य यत्क्षणं भाति पश्यतः ।
तद्रूपमात्मनो ज्ञेयं शुद्धं संवेदनात्मकम् ॥ ३३ ॥

શબ્દાર્થઃ—( निर्व्यापारीकृताक्षस्य ) ઇન્દ્રિયોના વ્યાપારને રોકીને ( यत्क्षणं पश्यतः ) ક્ષણ ભર અંતર્મુખ થઇને દેખનાર યોગીને ( भाति ) જે રૂપ દેખાય છે ( तद्रूपमात्मनो शुद्धं संवेदनात्मकं ज्ञेयं ) તેને આત્માનું શુદ્ધ સંવેદનાત્મક ( જ્ઞાનાત્મક ) રૂપ જાણવું જોઇએ.

વ્યાખ્યાઃ—આ પદ્યમાં આત્માને સાક્ષાત્ રૂપે અનુભવવાની પ્રક્રિયાનો ઉલ્લેખ છે અને તે એ કે બધી ઇન્દ્રિયોને વ્યાપાર રહિત કરીને-ઇન્દ્રિયોની પોતાના વિષયોમાં પ્રવૃત્તિ રોકીને-સાથે મનને પણ નિર્વિકલ્પ કરીને-જે થોડી ક્ષણો માટે અંતરંગમાં દેખાય છે તે આત્માનું રૂપ છે કે જે શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ છે. અહીં મનને નિર્વિકલ્પ કરવાની વાત જો કે મૂળમાં નથી પરંતુ ઉપલક્ષણથી ફલિત થાય છે; કારણ કે મન ઇન્દ્રિયોની પ્રવૃત્તિ તથા નિવૃત્તિમાં સમર્થ છે.[૨] મન સવિકલ્પ અથવા ચંચળ રહે અને ઇન્દ્રિયો પોતાના વ્યાપારથી નિવૃત્ત થઇ જાય એમ ઘણું કરીને બનતું નથી. શ્રી પૂજ્યપાદાચાર્યે પણ સમાધિતંત્રમાં 'स्तिमितेनान्त-

૧ सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना ।
यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥ ३० ॥—સમાધિતન્ત્ર.

૨ इन्द्रियाणां प्रवृत्तौ च निवृत्तौ च मनः प्रभु ।
मन एव जयेत्तस्माज्जिते तस्मिन् जितेन्द्रियः ॥ ७६ ॥—રામસેન, તત્ત્વાનુશાસન.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



रात्मना' અને ઇષ્ટોપદેશમાં 'एकाग्रत्वेन चेतसः' પદદ્વારા આજ વાત વ્યક્ત કરી છે. એટલું જ નહિ, પ્રકૃત ગ્રંથમાં પણ તેનો આગળ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે—

निषिध्य स्वार्थतोऽक्षाणि विकल्पातीत चेतसः ।
तद्रुपं स्पष्टमाभाति कृताभ्यासस्य तत्त्वतः ॥४५॥

આ પદ્યમાં 'कृताभ्यासस्य' પદદ્વારા એક વાત વિશેષપણે કહેવામાં આવી છે અને તે એ કે એ આત્મદર્શન ( એમજ સહજ-સાધ્ય નથી ) અભ્યાસદ્વારા સિદ્ધ થાય છે તેથી ઇન્દ્રિયોને વ્યાપાર રહિત અને મનને નિર્વિકલ્પ કરવાનો અભ્યાસ બરાબર વધારતા રહેવું જોઇએ. મનમાં જ્યારે રાગ-દ્વેષાદિની-કામ-ક્રોધ-માન-માયા-લોભ-મોહ-શોક-ભયાદિની-લહેરો ન ઉઠે ત્યારે જ મન નિર્વિકલ્પ (સ્થિર) થાય છે અને આવા સ્થિર મનવાળો યોગી સાધક જ આત્મતત્ત્વના દર્શનનો અધિકારી થાય છે—બીજો કોઇ નહિ. પૂજ્યપાદાચાર્યના સમાધિતંત્રમાં આવેલ નીચેના વાક્યથી એ વાતનો બોધ થાય છે—

रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।
स पश्यत्यात्मनस्तत्त्वं तत्त्वं नेतरो जनः ॥३५॥

## શ્રુતદ્વારા પણ કેવળ-સમ આત્મબોધની પ્રાપ્તિ.

आत्मा स्वात्मविचारज्ञैर्नीरागी भूतचेतनैः ।
निरवद्य[1]श्रुतेनापि केवलेनेव बुध्यते ॥ ३४ ॥

શબ્દાર્થ:—( स्वात्मविचारज्ञैः ) પોતાના આત્માના વિચારમાં નિપુણ ( नीरागीभूतचेतनैः ) રાગ-રહિત જીવો દ્વારા ( निरवद्यश्रुतेनापि ) નિર્દોષ શ્રુતજ્ઞાનથી પણ ( आत्मा ) આત્મા ( केवलेनेव ) કેવળજ્ઞાન સમાન ( बुध्यते ) જાણવામાં આવે છે.

વ્યાખ્યા:—અહીં આત્મા એક બીજા ઉપાયથી પણ પોતાના શુદ્ધ સ્વરૂપમાં જાણવામાં આવે છે એનો નિર્દેશ છે. તે ઉપાય છે નિર્દોષ શ્રુતજ્ઞાનનો અને તે ઉપાયથી જાણ-

१ आ निरवद्यं



૧.૭૧૧-૨૦

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


સ્વામી સમન્તભદ્રના શબ્દોમાં સ્યાદ્વાદરૂપ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બન્નેના સર્વ-તત્ત્વ-પ્રકાશનમાં સાક્ષાત્-અસાક્ષાત્‌નો-પ્રત્યક્ષ-પરોક્ષનો-ભેદ છે-જીવાજીવાદિ તત્ત્વોને યથાર્થરૂપે જાણવામાં કોઇ અંતર નથી; કે જે દેવાગમની નીચેની કારિકાથી પ્રગટ છે-

**स्याद्वाद–केवलज्ञाने सर्वतत्त्व प्रकाशने ।**
**भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत् ॥ १०५ ॥** ૩૪.

## આત્માને સમ્યક્ ચારિત્ર ક્યારે થાય છે.

**रागद्वेषापराधीनं यदा ज्ञानं प्रवर्तते ।**
**तदाभ्यधायि चारित्रमात्मनो मलसूदनम् ॥ ३५ ॥**

**શબ્દાર્થ:**—(**यदा**) જ્યારે (**ज्ञानं**) જ્ઞાન (**रागद्वेषापराधीनं**) રાગદ્વેષની પરાધીનતાથી રહિત થઈને (**प्रवर्तते**) પ્રવર્તે છે (**तदा**) ત્યારે (**आत्मान:**) આત્માને (**चारित्रं अभ्यधायि**) તે ચારિત્ર થાય છે કે જે (**मलसूदनम**) મળનો-કર્મ-કાલિમાનો-નાશક છે.

**વ્યાખ્યા:**—જે વખતે જ્ઞાન રાગ-દ્વેષને આધીન પ્રવર્તતું નથી જે જ્ઞેયને જાણે છે તેમાં રાગ-દ્વેષ રૂપે પ્રવૃત્ત ન થતાં મધ્યસ્થ ભાવ ટકાવી રાખે છે-તે વખતે સમ્યક્ ચારિત્રની પ્રાદુર્ભૂતિ આત્મામાં સ્વત: થઈ જાય છે, તેને માટે કોઈ વિશેષ પ્રયત્નની જરૂર પડતી નથી. અને આ સત ચારિત્ર જ આત્મામાં લાગેલા કર્મમળને ધોઇ નાખવામાં સમર્થ થાય છે-કર્મમળ આ ચારિત્રના પ્રભાવથી સ્વતઃ ધોવાઈ જાય છે, તેને આત્માથી પૃથક્ થવું જ પડે છે. એથી સાર એ નીકળ્યો કે જો પોતાના આત્માને નિર્મળ કરવો અથવા રાખવો હોય તો પોતાના જ્ઞાનને રાગ-દ્વેષરૂપ કષાયને આધીન ન થવા દેવું જોઇએ, મોહ-જનિત રાગ-દ્વેષમાં બધા કષાયોનો સમાવેશ છે. રાગમાં માયા, લોભ આ બે કષાયો અને હાસ્ય, રતિ તથા કામ ( વેદ ) આ ત્રણ નોકષાયોનો સમાવેશ છે અને દ્વેષમાં ક્રોધ, માન આ બે કષાયો તથા અરતિ, શોક, ભય, જુગુપ્સા આ ચાર નોકષાયોનો સમાવેશ છે. જે રાગ મિથ્યાદર્શન સહિત હોય છે તેને 'મોહ' કહે છે.[1] ૩૫

---

१ रागः प्रेम रतिर्माया लोभं हास्यं च पञ्चधा ।
मिथ्यात्वभेदयुक् सोऽपि मोहो द्वेषः क्रुधादिषद् ॥— અધ્યાત્મરહસ્ય-२७

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થઃ**—( **तस्मात्** ) તેથી ( **मुमुक्षुभिः** ) મુમુક્ષુઓએ ઉક્ત પ્રકારે ( **परिज्ञाय** ) આત્માને જાણીને ( **श्रद्धया** ) શ્રદ્ધાપૂર્વક ( **आत्मा सेव्यः** ) તેનું સેવન કરવું જોઈએ. ( **यस्मात्** ) કારણ કે ( **निर्वाणशर्मणः परो लब्ध्युपायः नास्ति** ) મોક્ષસુખની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી.

**વ્યાખ્યાઃ**—જે દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષનો માર્ગ કહેવામાં આવ્યો છે તે જો પૂર્વ પદ્ય અનુસાર સ્વાત્માથી ભિન્ન કોઈ બીજી વસ્તુ નથી તો મુમુક્ષુઓએ-મુક્તિપ્રાપ્તિના ઈચ્છુકોએ-સ્વાત્માને તેના શુદ્ધ સ્વરૂપમાં સારી રીતે જાણીને શ્રદ્ધા સહિત તેનું સેવન કરવું જોઈએ; કેમ કે શુદ્ધ-સ્વાત્માનું સેવન છોડીને મુક્તિસુખની પ્રાપ્તિનો બીજો કોઈ પણ ઉપાય નથી. મુક્તિની પ્રાપ્તિ મુક્તિસુખને માટે જ ઈચ્છવામાં આવે છે, જે સર્વ પ્રકારે નિરાકુળ, અબાધિત અને પરતંત્રતા રહિત હોય છે. જો તે સુખનું લક્ષ્ય ન હોય તો મોક્ષ પ્રાપ્તિની ઈચ્છાનો કોઈ અર્થ જ નથી. ૪૪.

## આત્મસ્વરૂપની અનુભૂતિનો ઉપાય.

**[૧]निषिध्य [૨]स्वार्थतोऽक्षाणि विकल्पातीत–चेतसः ।**
**तद्रूपं स्पष्टमाभाति कृताभ्यासस्य तत्त्वतः ॥ ४५ ॥**

**શબ્દાર્થઃ**—( **अक्षाणि** ) ઇન્દ્રિયોને ( **स्वार्थतो** ) પોતાના વિષયોથી ( **निषिध्य** ) રોકીને ( **कृताभ्यासस्य विकल्पातीत–चेतसः** ) આત્મધ્યાનનો અભ્યાસ કરનાર નિર્વિકલ્પ ચિત્તવાળા ધ્યાતાને ( **तद्रूपं** ) આત્માનું તે રૂપ ( **तत्त्वतः** ) વાસ્તવિક પણે ( **स्पष्टमभाति** ) સ્પષ્ટ પ્રતિભાસે છે-સાક્ષાત્ અનુભવમાં આવે છે.

**વ્યાખ્યાઃ**—અહીં આત્માના તે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કેવી રીતે કરવો તેના ઉપાયની સૂચના વધારે સ્પષ્ટપણે કરી છે કે જે આચાર્ય મહોદયે ગ્રંથના ૩૩મા પદ્યમાં બતાવી છે અને તેથી તેને ઉકત પદ્યની વ્યાખ્યામાંથી જાણવી જોઈએ. આ પદ્યમાં '**तद्रूपं स्पष्टमाभाति**' આ વાકય દ્વારા એ ખાસ ઘોષણા કરવામાં આવી છે કે ઉક્ત ઉપાયથી સારા અભ્યાસીને આત્માનું તે શુદ્ધ સ્વરૂપ સ્પષ્ટ-સાક્ષાત્ પ્રતિભાસિત થાય છે-તેમાં કાંઈ પરોક્ષ રહેતું નથી, ભલે પછી તે એક ક્ષણ માટે જ કેમ ન હોય.

---

૧. **सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना ।**
**यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः ॥ ३० ॥**—સમાધિતંત્ર

૨. आ **निषिध्यः**, व्या **निषिध्यः** ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શ્રી દેવસેનાચાર્યે તો આરાધનાસારમાં આ વિષયની વિશેષ સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે 'મનમંદિર ઉજ્જડ થતાં-તેમાં કોઇ પણ સંકલ્પ-વિકલ્પનો વાસ ન રહેતાં-અને સમસ્ત ઇન્દ્રિયોનો વ્યાપાર નષ્ટ થઈ જતાં આત્માનો સ્વભાવ અવશ્ય પ્રગટ થાય છે અને તે સ્વભાવ પ્રગટ થતાં આ આત્મા જ પરમાત્મા બની જાય છેઃ—

उव्वसिए मणगेहे णट्ठे णिस्सेस–करण–वावारे ।
विप्फुरिए ससहावे अप्पा परमप्पओ हवदि ॥ ८५ ॥

## વિવક્ષિત કેવળજ્ઞાનથી ભિન્ન આત્માનું કોઈ પરમરૂપ નથી.

[१]स्वसंविदितमत्यक्षमव्यभिचारि केवलम् ।
नास्ति ज्ञानं परित्यज्य रूपं चेतयितुः[२] परम् ॥ ४६ ॥

શબ્દાર્થઃ—આમાં ( अत्यक्षं ) જે અતીન્દ્રિય છે-ઇન્દ્રિયોની સહાય રહિત છે-( अव्यभिचारि ) અવ્યભિચારી છે-જેનું કદી પણ સંશય-વિપર્યયાદિરૂપ અન્યથા પરિણમન થતું નથી-અને ( स्वसंविदितं ) સ્વતઃ સંવિદિત છે-સ્વયં પોતાના દ્વારા પોતાને જાણે છે-( केवलं ज्ञानं परित्यज्य ) તે કેવળજ્ઞાન સિવાય ( चेतयितुः परम् रूपं नास्ति ) આત્માનું બીજું કોઇ પરમરૂપ નથી.

વ્યાખ્યાઃ—અહીં આત્માના તે પરમરૂપ વિષયમાં એ ઘોષણા કરવામાં આવી છે કે તે કેવળજ્ઞાન સિવાય બીજું કાંઈ નથી. સાથોસાથ કેવળજ્ઞાનને સ્પષ્ટ કરવા માટે તેના ત્રણ વિશેષણ આપવામાં આવ્યા છે-૧ અત્યક્ષ, ૨ અવ્યભિચારી, ૩ સ્વસંવિદિત. અત્યક્ષ અતીન્દ્રિયને કહે છે-જે જ્ઞાન સ્પર્શનાદિ કોઇ પણ ઇન્દ્રિયની સહાય વિના જાણે છે તે અત્યક્ષ ( અતીન્દ્રિય ) જ્ઞાન કહેવાય છે. જે જ્ઞાનમાં કદી પણ અન્યથા પરિણામરૂપ વ્યભિચાર-દોષ આવતો નથી તેને 'અવ્યભિચારી' સમજવું જોઇએ. અને જે જ્ઞાન સ્વયં પોતાના જ દ્વારા સમ્યક્ જણાય છે-ભાનુ-મંડળની જેમ પરદ્વારા અપ્રકાશિત હોય છે-તેને 'સ્વસંવિદિત' કહેવામાં આવે છે. ૪૬.

---

૧. आ स्वसंवेद्यतमत्यक्ष ।
૨. व्या नयतु ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


સંસારાવસ્થામાંથી મુક્તતાવસ્થા પ્રાપ્ત થવા છતાં પણ તેનું અસ્તિત્વ ચાલુ રહેવું જોઇએ; પણ એમ છે નહિ. એમ માનતાં સંસારી અને મુક્ત જીવોમાં પછી કોઇ તફાવત રહેતો નથી અને 'संसारिणो मुक्ताश्च (जीवाः)' આ સૂત્રનો વિરોધ ઘટિત થાય છે. ૫૫-૫૬.

## જીવને ગુણસ્થાનાદિ ૨૦ પ્રરૂપણાઓની સ્થિતિ.

[3]गुणजीवादयः सन्ति विंशतिर्याः प्ररूपणाः ।
कर्मसंबन्धनिष्पन्नास्ता जीवस्य न लक्षणम् ॥ ५७ ॥

શબ્દાર્થ:—(गुणजीवादयः) ગુણસ્થાન-જીવસમાસ-માર્ગણાસ્થાન આદિ (याः) જે (विंशतिः) વીસ (प्ररूपणाः) પ્રરૂપણાઓ (सन्ति) છે (ताः) તે (जीवस्य) જીવને (कर्मसंबन्धनिष्पन्नाः) કર્મસંબંધથી ઉત્પન્ન થાય છે; (न लक्षणम्) જીવના લક્ષણરૂપ નથી.

વ્યાખ્યા:—અહીં 'जीवस्य' પદ તે શુદ્ધ સ્વભાવસ્થ જીવાત્માનું વાચક છે જેનું કથન પહેલેથી ચાલતું આવ્યું છે અને જેના માટે આગળના પદ્યમાં 'विशुद्धस्य' આ વિશેષણ-પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને જે કર્મોના સંબંધથી રહિત શુદ્ધ (વિમુક્ત) નિષ્કલ પરમાત્મા હોય છે. તેને જ અહીં એમ કહીને વધારે સ્પષ્ટ કરેલ છે કે ગુણસ્થાન, જીવ-સમાસ વગેરે જે વીસ પ્રરૂપણાઓ છે તે પણ તેનું કોઇ લક્ષણ નથી. તે વીસ પ્રરૂપણાઓનાં નામ આ પ્રમાણે છે:—૧. ગુણસ્થાન, ૨. જીવસમાસ, ૩. પર્યાપ્તિ, ૪. પ્રાણ, ૫. સંજ્ઞા ૬-૧૯ ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ, આહાર નામની ચૌદ માર્ગણાઓ, ૨૦. ઉપયોગ; કે જે આગમ-પ્રસિદ્ધ આ બે ગાથાઓથી જાણી શકાય છે,—

गुण-जीवा-पज्जत्ती पाणा सण्णा य मग्गणाओ य ।
उव ओगोवि य कमसो वीसं तु परूवणा भणिदा ॥
गइ इंदिये य काये जोए वेये कसायणाणे य ।
संजम-दंसण-लेस्सा भविया सम्मत्त सण्णि आहारे ॥

---

૩. णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स ।
जेण दु एदे सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥५५॥—સમયસાર

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



આ બધાના અવાન્તર ભેદો અને તેમનું સ્વરૂપ ષટ્ખંડાગમ, ગોમ્મટસાર, પંચ-સંગ્રહ આદિ સિદ્ધાંત-ગ્રંથોમાંથી જાણી શકાય છે. અહીં સંક્ષેપમાં એટલું જ કહી દીધું છે કે જે કોઈ પણ જીવ-વિષયક પ્રરૂપણા કોઈ પણ કર્મના અસ્તિત્વ સાથે સંબંધ રાખે છે શુદ્ધ ( મુક્ત ) જીવની પ્રરૂપણા નથી અને તેથી તેને સંસારી જીવની પ્રરૂપણા સમજવી જોઈએ. ૫૭.

## ક્ષાયોપક્ષમિક ભાવ પણ શુદ્ધજીવનું રૂપ નથી.

**क्षायोपशमिकाः सन्ति भावा ज्ञानादयोऽपि ये ।**
**स्वरूपं तेऽपि जीवस्य विशुद्धस्य न तत्त्वतः ॥ ५८ ॥**

**શબ્દાર્થ**:—(ये) જે (ज्ञानादय: अपि) જ્ઞાન આદિના પણ રૂપમાં (क्षायोपशमिकाः भावाः सन्ति) ક્ષાયોપશમિક ભાવ છે (ते अपि) તે પણ (तत्त्वतः) તત્ત્વ દૃષ્ટિએ (विशुद्धस्य जीवस्य) વિશુદ્ધ જીવનું (स्वरूपं न) સ્વરૂપ નથી.

**વ્યાખ્યા**:—શુદ્ધ-આત્માનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં જે રીતે પાછલા પદ્યોમાં એ બતાવતા આવ્યા છે કે ગુણસ્થાનાદિરૂપ વીસ પ્રરૂપણા અને જેટલા કોઈ ઔદયિક ભાવ છે તે બધા કર્મજન્ય તથા કર્મોના સંબંધથી નિષ્પન્ન થવાને કારણે આત્માના નિજભાવ અથવા સ્વભાવ ન હોતાં વિભાવ-ભાવ છે, તેવી જ રીતે આ પદ્યમાં ક્ષાયોપશમિક ભાવોના વિષયમાં પણ લખ્યું છે કે તે પણ તાત્ત્વિકદૃષ્ટિએ વિશુદ્ધાત્માના ભાવ નથી; કારણ કે તેમની ઉત્પત્તિમાં પણ કર્મોના ક્ષયોપશમનો સંબંધ છેઃ દેશઘાતિ સ્પર્દ્ધકો ( કર્મવર્ગણા-સમૂહ ) નો ઉદય રહે, સર્વઘાતિ સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય અને તેમનો જ ( આગામી કાળમાં ઉદય આવવાની અપેક્ષાએ ) સદવસ્થારૂપ ઉપશમ થવાથી ક્ષાયોપશમિક ભાવ થાય છે.[૧] ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદ[૨] છે: મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયરૂપ ચાર જ્ઞાન; કુમતિ-કુશ્રુત-કુઅવધિરૂપ ત્રણ અજ્ઞાન; ચક્ષુ-અચક્ષુ-અવધિરૂપ ત્રણ દર્શન; દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યરૂપ પાંચ લબ્ધિઓ; એક સમ્યક્ત્વ જેને વેદક સમ્યક્ત્વ કહે છે, એક ચારિત્ર (સંયમ)

---

૧. सर्वघातिस्पर्द्धकानामुदयक्षयात्तेषामेव सदुपशमाद् देशघातिस्पर्द्धकानामुदये क्षायोपशमिको भावो भवति ।—सर्वार्थसिद्धि.

૨. ज्ञानाज्ञान-दर्शनलब्धयश्चतुस्त्रित्रिपंचभेदाः सम्यकत्वचारित्रसंयमासंयमाश्च ।
—ત. સૂત્ર. ૨-૫.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



મૂર્તિક-અમૂર્તિકનું એક લક્ષણ એ પણ કરવામાં આવે છે કે જે વિષય-પદાર્થનું જીવ વડે ઇન્દ્રિયોદ્વારા ગ્રહણ થવા યોગ્ય છે તે બધા મૂર્તિક અને બાકીના બધા અમૂર્તિક છે.[૧] આમાં 'ગ્રહણ કરી શકવાની યોગ્યતા' ના રૂપમાં જે વાત કહેવામાં આવી છે તે ખાસ પણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે; કેમ કે સંખ્યાત-અસંખ્યાત અણુઓના સૂક્ષ્મ પરિણમનસહિત કેટલીયે વસ્તુઓ તથા પુદ્ગલ વર્ગણાઓ એવી હોય છે કે જે વર્તમાન-કાળમાં ઇન્દ્રિયગોચર થઇ શકતી નથી; પરંતુ કાળાન્તરમાં સ્થૂળ પરિણમનના અવસરમાં ઇન્દ્રિયગોચર થાય છે તેથી ઇન્દ્રિયગોચર થવાની યોગ્યતાના સદ્ભાવના કારણે તેમને ઇન્દ્રિય-ગોચર નહિ થવાના અવસરે પણ મૂર્તિક જ સમજવી જોઇએ. પરમાણુ પણ પોતાના શુદ્ધરૂપમાં અતિ સૂક્ષ્મતાના કારણે ઇન્દ્રિયગોચર નથી હોતા, પરંતુ સ્કંધરૂપે પરિણત થઈને જ્યારે સ્થૂળરૂપ ધારણ કરે છે ત્યારે ઇન્દ્રિયોના ગ્રહણમાં આવે છે, તેથી તે પણ મૂર્તિક છે. તેથી જ '**मूर्तिमन्तोऽत्र पुद्गलाः**' આ સૂત્ર દ્વારા પુદ્ગલ-માત્રને મૂર્તિક કહેલ છે. તત્ત્વાર્થ-સૂત્રમાં પણ **रूपिणः पुद्गलाः** આ સૂત્ર દ્વારા તેમને રૂપી-મૂર્તિક બતાવવામાં આવ્યા છે; ભલે તે સૂક્ષ્મ-સ્થૂળ કોઈ પણ અવસ્થામાં કેમ ન હોય.

અહીં એક વાત બીજી પણ જાણી લેવાની છે અને તે એ કે મૂર્તિકમાં રૂપ, ગંધ, રસ, સ્પર્શની વ્યવસ્થાનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે ક્રમશઃ આંખ, નાક, જીભ, સ્પર્શન આ ચાર ઇન્દ્રિયોના વિષય છે; પરંતુ પાંચમી શ્રોત્ર ઇન્દ્રિયનો વિષય જે શબ્દ છે તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તેનું કારણ એ છે કે શબ્દ પુદ્ગલનો કોઈ ગુણ-સ્વભાવ નથી, જે સ્થાયી રૂપે તેમાં પ્રાપ્ત થતો હોય. ચાર ઇન્દ્રિયોના વિષય સ્પર્શ-રસ-ગંધ-વર્ણના રૂપે છે તેજ શબ્દરૂપે પરિણમીને શ્રોત્ર ઇન્દ્રિયદ્વારા ગ્રહણ કરવામાં આવે છે.[૨] તેથી જ શુદ્ધ પુદ્ગલ રૂપે જે જે પરમાણુ છે તેને 'અશબ્દ'—શબ્દ રહિત કહેવામાં આવ્યા છે—એક પ્રદેશી હોવાના કારણે તેમાં શબ્દ-પર્યાયરૂપ પરિણતિ વૃત્તિનો અભાવ છે, પરંતુ શબ્દસ્કંધરૂપ પરિણતિ શક્તિનો સદ્ભાવ હોવાથી તે શબ્દનું કારણ થાય છે.[૩] ૩.

---

૧ **जे खलु इंदियगेज्झा विसया जीवेहिं हुंति ते मुत्ता ।**
**सेसं हवदि अमुत्तं चित्तं उभयं समादियदि ॥**—પંચાસ્તિ.૯૯

૨ **श्रोत्रेन्द्रियेण तु त एव तद्विषयहेतुभूतशब्दाकारपरिणता गृह्यन्ते ।**
—પંચાસ્તિ. ટીકા—અમૃતચંદ્રાચાર્ય.

૩ **परमाणुः शब्द-स्कन्ध-परिणति-शक्ति-स्वभावात शब्दकारणं एकप्रदेशत्वेन शब्दपरिणतिवृत्त्यभावादशब्दः** ।—અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિ. ૮૧ ટીકા.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



ને જીવ રાગદ્વેષાદિરૂપ પરિણમે છે. પરંતુ બધા જીવોને કર્મોના ઉદયવશ રાગ-દ્વેષાદિરૂપ અવશ્ય પરિણમવું પડે એમ નથી; કેટલાક જીવ એવા પણ હોય છે, જે કર્મોનો ઉદય આવતાં સમતાભાવ ધારણ કરે છે-કર્મજનિત પદાર્થોમાં રાગ-દ્વેષાદિરૂપ પરિણમતા નથી અથવા મોહનીય-કર્મનો અભાવ થઈ જતાં રાગ-દ્વેષાદિરૂપ પરિણમવાની જેમનામાં યોગ્યતા જ નથી રહેતી-એવા જીવોના નિમિત્તે પુદ્ગલ કર્મરૂપ પરિણમતાં નથા અથવા એમ કહો કે તે જીવોને કર્મોનો ઉદય આવવા છતાં, તથા કેટલાક ઔદયિક ભાવો થવા છતાં પણ નવા કર્મોનો બંધ થતો નથી. જો એમ ન માનવામાં આવે તો બંધની પરંપરા કદી સમાપ્ત થઇ શકતી નથી અને કદીય મુક્તિની પ્રાપ્તિ થઇ શકે નહિ; કારણ કે મોહનીય કર્મનો અભાવ થઈ જવા છતાં પણ અર્હંતોને-ભગવંતોને કોઈ ઇચ્છા તથા પ્રયત્ન વિના તે પ્રકારની યોગ્યતાના સદ્‌ભાવથી યથાસમય ઉઠવું-બેસવું, વિહાર કરવો અને ધર્મોપદેશ આપવો-જેવી ક્રિયાઓ તો નિયમિતરૂપે સ્વભાવથી એવી જ રીતે થાય છે જેવી રીતે મેઘાકાર-પરિણમેલા પુદ્ગલોનું ચાલવું, અટકવું, ગરજવું અને પાણી વરસાવવું આદિ ક્રિયાઓ કોઇ પુરુષના પ્રયત્ન વિના સ્વતઃ થતી જોવામાં આવે છે. પરંતુ તેનાથી મોહના ઉદયપૂર્વક ન હોવાને કારણે ક્રિયાના ફળ રૂપે નવા કર્મનું કોઈ બંધન થતું નથી. અર્હંતોની આ ક્રિયા-ઔદયિકી છે; કારણ કે અર્હંતપદ મહાનપુણ્યના કલ્પવૃક્ષસમ 'તીર્થંકર પ્રકૃતિ' નામના નામકર્મના ઉદયથી થાય છે. સાથોસાથ મોહનીય કર્મનો અભાવ થઈ જવાથી આ ક્રિયાઓ ક્ષાયિકી પણ છે અને તેથી શુદ્ધચેતનામાં કોઇ વિકાર ઉત્પન્ન કરતી નથી; જે પ્રવચનસારની નીચેની ગથાઓમાં પ્રગટ છેઃ—

ठाण—णिसेज्ज—विहारा धम्मुवदेसो वि णियदयो तेसिं ।
अरहंताणं काले मायाचारोव्व इत्थीणं ॥ ४४ ॥
पुण्णफला अरहंता तेसिं किरिया पुणो वि ओदइया ।
मोहादीहिं विरहिया तम्हा सा खाइगि त्ति मदा ॥ ४५ ॥ ૩૧

## કર્મકૃત ભાવનું કર્તૃત્વ અને જીવનું અકર્તૃત્વ.

[1]कर्म चेत्कुरुते भावो जीवः कर्ता तदा कथम् ।
न किंचित् कुरुते जीवो हित्वा भावं निजं परम् ॥ ३१ ॥

---

१. भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता ।
ण कुणदि अत्ता किंचि वि मुत्ता अण्णं सगं भावं ॥ ५९ ॥—પંચાસ્તિ

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થ:**—( भावः ) ( રાગાદિ ) ભાવ ( चेत् ) જો ( कर्म ) કર્મનો ( कुरुते ) કર્તા છે–કર્મસમૂહનો નિર્માતા છે–એમ માનવામાં આવે તો પછી ( जीवः ) જીવ ( कर्ता ) કર્મોનો કર્તા ( कथम् ) કેવી રીતે થઇ શકે?–થઇ શકે નહિ. ( जीवो ) જીવ તો ( निजं भावं हित्वा ) પોતાના ( જ્ઞાનાદિ રૂપ ) નિજ–ભાવને છોડીને ( किंचित परं ) અન્ય કાંઈ પણ ( न कुरुते ) કરતો નથી–રાગાદિ જીવના નિજભાવ ન હોતાં પરના નિમિત્તે થનાર પરભાવ છે, તેથી વાસ્તવમાં તેમનો કર્તા નથી.

**વ્યાખ્યા:**—અહીં યોજાયેલ ' भावः ' પદ રાગાદિરૂપ વિભાવભાવનું વાચક–સ્વભાવનું નહિ. પાછળના પદ્યમાં એમ કહેવામાં આવ્યું છે કે રાગાદિરૂપ પરિણમેલ જીવનો આશ્રય-નિમિત્ત પામીને પુદ્ગલ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમે છે તેથી એ સ્પષ્ટ ફલિત થાય છે કે જીવ રાગાદિરૂપ ન પરિણમે તો કર્મ ઉત્પન્ન થતા નથી. આવી સ્થિતિમાં જીવનો રાગાદિભાવ જે પરના સંપર્કથી ઉત્પન્ન થયેલ કર્મકૃત વિભાવ-ભાવ છે, તે દ્રવ્ય-કર્મનો કર્તા ઠર્યો; તો જીવને દ્રવ્યકર્મનો કર્તા કેવી રીતે કહી શકાય? કહી શકાય નહિ. તેવી જ રીતે જેમ અગ્નિથી તપેલ ઘીએ જે બાળવાનું કામ કર્યું તે વાસ્તવમાં ઘીનું કામ કહી શકાતું નથી, ઘીમાં પ્રવેશેલી અગ્નિનું કામ છે. અને તેથી અહીં એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે વાસ્તવમાં જીવ પોતાના જ્ઞાન-દર્શનાદિ ચૈતન્યભાવ સિવાય બીજું કાંઈ પણ કરતો નથી. એક કવિના શબ્દોમાં ' એ બીમાર દિલની બધી લીલા હતી, હું નહોતો. ' સંસારી જીવોની સાથે રાગાદિની જે બીમારી લાગેલી છે તે જ તેમની પાસે બધાં કર્મ કરાવે છે. ૩૨.

## કર્મથી ભાવ અને ભાવથી કર્મ આ રીતે એક બીજાનું કર્તૃત્વ.

**[૧]कर्मतो जायते भावो भावतः कर्म सर्वदा ।**
**इत्थं कर्तृत्वमन्योन्यं द्रष्टव्यं भाव–कर्मणोः ॥ ३३ ॥**

**શબ્દાર્થ:**—( कर्मतो ) કર્મના નિમિત્તે ( सर्वदा ) સદા ( भावो ) રાગાદિભાવ અને ( भावतः ) રાગાદિ ભાવના નિમિત્તે સદા ( कर्म ) કર્મ સમૂહ ( जायते ) ઉત્પન્ન થાય છે. ( इत्थं ) આ રીતે ( भाव–कर्मणोः ) રાગાદિ ભાવો અને કર્મોનું ( अन्योन्यं ) પરસ્પર એકબીજાનું ( कर्तृत्वं ) કર્તાપણું ( द्रष्टव्यं ) જાણવું જોઇએ.

---

૧. भावो कम्म णिमित्तो कम्मं पुण भावकारणं हवदि ।
णदु तेसिं खलु कत्ता ण विणा भूदा दु कत्तारं ॥ ६० ॥—પંચાસ્તિ.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


વ્યાખ્યાઃ—પાછલા ૨૮, ૨૯, ૩૦ મા પદ્યોમાં એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જીવ પોતાના ઉપાદાનથી કર્મનો અને કર્મ પોતાના ઉપાદાનથી જીવનો કર્તા નથી. કર્તા માનતાં બહુ મોટો દુસ્તર દોષ ઉત્પન્ન થાય છે-તો નિમિત્ત-નૈમિત્તિક રૂપે કર્તા-કર્મની વ્યવસ્થા કેવી રીતે થાય તે આ પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને તે એ છે કે દ્રવ્ય-કર્મથી-કર્મના ઉદયનું નિમિત્ત પામીને-જીવના રાગાદિભાવ ઉત્પન્ન થાય છે-જીવત્વ કે ચેતનભાવ ઉત્પન્ન થતો નથી-અને જીવના રાગાદિભાવથી (નિમિત્તથી) કર્મ ઉત્પન્ન થાય છે-પુદ્ગલ કર્મરૂપ પરિણમે છે-નહિ કે પુદ્ગલ દ્રવ્ય ઉત્પન્ન થાય છે. આ રીતે ભાવ અને કર્મનું સદા એક-બીજા પ્રત્યે નૈમિત્તિક રૂપે કર્તાપણું છે. જીવ-પુદ્ગલ દ્રવ્યોમાં પરસ્પર એક બીજાનું કોઈ કર્તાપણું નથી-જીવથી પુદ્ગલ કે પુદ્ગલથી જીવ કદી ઉત્પન્ન થતો નથી. ૩૩.

## ક્રોધાદિકૃત કર્મને જીવકૃત કેવી રીતે કહેવામાં આવે છે.

**कोपादिभिः कृतं कर्म जीवेन कृतमुच्यते ।**
**पदातिभिर्जितं युद्धं जितं भूपतिना यथा ॥ ३४ ॥**

શબ્દાર્થઃ—(यथा) જેમ (पदातिभिर्जितं) યોદ્ધાઓ વડે જિતાયેલું (युद्धं) યુદ્ધ (भूपतिना) રાજાએ જીત્યું એમ કહેવામાં આવે છે, તેમ (कोपादिभिः) ક્રોધાદિ-કષાય ભાવોદ્વારા (कृतं कर्म) કરાયેલું કર્મ (जीवेन कृतं) જીવે કર્યું એમ (उच्यते) કહેવાય છે.

વ્યાખ્યાઃ—જો કર્તા રાગાદિભાવ છે તો જીવને કર્તા કેમ કહેવામાં આવે છે? આ પ્રશ્નનું અહીં એક દૃષ્ટાંતદ્વારા સમાધાન કરવામાં આવ્યું છે જે સ્વયં સ્પષ્ટ છે. નિશ્ચયથી તો સંગ્રામમાં લડનાર યોદ્ધાઓ દ્વારા જ યુદ્ધ કરવામાં અને જીતવામાં આવે છે; પરંતુ વ્યવહારમાં રાજાદ્વારા તે કરવામાં અને જીતવામાં આવ્યું એમ કહેવાય છે તેમ નિશ્ચયથી ક્રોધાદિ દ્વારા સંપન્ન થનારૂં કાર્ય પણ-જ્ઞાનાવરણાદિ કર્મબંધ પણ-વ્યવહારથી જીવદ્વારા કરાયું એમ કહેવામાં આવે છે; કે જે સમયસારની નીચેની ગાથાથી પણ જણાય છેઃ—

**जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो ।**
**तह ववहारेण कदं णाणावरणादि जीवेण ॥ १०६ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## કર્મજનિત દેહાદિ સર્વ વિકાર ચૈતન્ય-રહિત છે.

[1]देह-संहति-संस्थानं-गति-जाति-पुरोगमाः ।
विकाराः कर्मजाः सर्वे चैतन्येन विवर्जिताः ॥ ३५ ॥

શબ્દાર્થઃ—જીવને ( देह-संहति-संस्थान-गति-जाति-पुरोगमाः ) શરીર, સંહનન સંસ્થાન-ગતિ-જાતિ આદિ રૂપ ( विकाराः ) જેટલા કોઈ વિકાર છે તે ( सर्वे ) બધા ( कर्मजाः ) કર્મના નિમિત્તથી ઉત્પન્ન અને ( चैतन्येन विवर्जिताः ) ચેતના-રહિત હોય છે.

વ્યાખ્યાઃ—આ પદ્યમાં શરીર-સંહનન-સંસ્થાન-ગતિ-જાતિના રૂપે જે વિકારોનો ઉલ્લેખ છે અને 'पुरोगमाः' પદદ્વારા, કે જે 'ઇત્યાદિ'નું વાચક છે, પુદ્ગલના જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ આદિ ગુણો તથા અવસ્થા-વિશેષરૂપ પર્યાયોનું સૂચન કરવામાં આવ્યું છે તે બધી પ્રાયઃ નામકર્મ-જનિત છે અને પૌદ્ગલિક હોવાથી ચેતના ગુણ રહિત છે. નામકર્મની મુખ્ય ૪૨ પ્રકૃતિઓ છે, ઉત્તર-ભેદસહિત ૯૩; કે જે મોક્ષશાસ્ત્રના આઠમા અધ્યાયના 'गति-जाति-शरीराङ्गोपाङ्ग-निर्माण-बन्धन-संघात-संस्थान-संहनन-स्पर्श-रस गन्ध-वर्ण' ઇત્યાદિ સૂત્ર નં. ૧૧ અને તેની ટીકાઓ આદિથી જણાય છે. ૩૬.

## તેર ગુણસ્થાન અને તેમની પૌદ્ગલિકતા.

मिथ्यादृक् सासनो मिश्रोऽसंयतो देशसंयतः ।
प्रमत्त इतरोऽपूर्वस्तत्त्वज्ञैरनिवृत्तकः ॥ ३६ ॥
सूक्ष्मः शान्तः परः क्षीणो योगी चेति त्रयोदश ।
गुणाः पौद्गलिकाः प्रोक्ताः कर्मप्रकृतिनिर्मिताः ॥ ३७ ॥

શબ્દાર્થઃ—( तत्त्वज्ञैः ) તત્ત્વજ્ઞાનીઓએ ( मिथ्यादृक् ) મિથ્યાદૃષ્ટિ, ( सासनो ) સાસાદન, ( मिश्रो ) સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, ( असंयतो ) અસંયત સમ્યગ્દૃષ્ટિ ( देशसंयतः ) દેશસંયત, ( प्रमत्तः ) પ્રમત્તસંયત, ( इतरो ) અપ્રમત્તસંયત, ( अपूर्वः ) અપૂર્વકરણ,

---

१. संठाणा संघादा वण्णरसप्फासगंधसद्दा य ।
पोग्गल दव्वप्पभवा होंति गुणा पज्जया य बहू ॥ १२६ ॥—પંચાસ્તિકાય.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



( अनिवृत्तकः ) અનિવૃત્તિકરણ, ( सूक्ष्मः ) સૂક્ષ્મસાંપરાય, ( शान्तः ) ઉપશાંત મોહ, ( परः क्षीणः ) પરમક્ષીણ મોહ, ( योगी ) સયોગી કેવળી, ( चेति त्रयोदश ) આ તેર ( गुणाः ) ગુણસ્થાન ( कर्मप्रकृति निर्मिताः ) કર્મ પ્રકૃતિઓથી નિર્મિત ( पौद्गलिकाः ) પૌદ્ગલિક ( प्रोक्ताः ) કહ્યાં છે.

વ્યાખ્યાઃ—આ બન્ને પદ્યોમાં તેર ગુણસ્થાનોનાં નામ આપીને એ સૂચિત કર્યું છે કે એ બધાં પૌદ્ગલિક છે, કારણ કે કર્મપ્રકૃતિઓ કે જે પૌદ્ગલિક છે તેમના દ્વારા રચાયેલાં છે. અને તેથી તેમને જીવ કહી શકાતા નથી, કે જે નિત્ય અચેતનરૂપ છે. જેમ કે સમયસારની નીચેની ગાથામાં કહ્યું છેઃ—

मोहन कम्मस्सुदया दु वण्णिया जे इमे गुणट्ठाणा ।
ते कह हवंति जीवा जे णिच्चमचेदणा उत्ता ॥ ६८ ॥ ३६-३७

## ઉક્ત ગુણસ્થાનોને કોણ જીવ કહે છે અને કોણ નહિ.

देहचेतनयोरैक्यं मन्यमानैर्विमोहितैः ।
एते जीवा निगद्यन्ते न विवेक-विशारदैः ॥ ३८ ॥

શબ્દાર્થઃ—( देहचेतनयोरैक्यं ) શરીર અને આત્મા બન્નેને એક ( मन्यमानैः ) માનનાર ( विमोहितैः ) મોહી જીવોદ્વારા ( एते ) આ ગુણસ્થાનોને ( जीवाः ) જીવ ( निगद्यन्ते ) કહેવામાં આવે છે ( न विवेक-विशारदैः ) પરંતુ ભેદવિજ્ઞાનમાં નિપુણ વિવેકી જનો દ્વારા નહિ-વિવેકી જીવ તેમને પુદ્ગલરૂપ અજીવ બતાવે છે.

વ્યાખ્યાઃ—ઉક્ત તેર ગુણસ્થાનોને કોણ જીવ કહે છે અને કોણ નથી કહેતા, એનું જ આ પદ્યમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. અચેતન દેહ તથા ચેતન આત્માને જે એક માને છે તે મોહી-મિથ્યાદૃષ્ટિ જીવ ઉક્ત ગુણસ્થાનોને જીવરૂપ માને છે, પરંતુ જે વિવેકી-ભેદ જ્ઞાની દેહને જડ પુદ્ગલ રૂપ અને જીવાત્માને ચેતનરૂપ અનુભવ કરે છે તે આ ગુણ-સ્થાનોને જીવરૂપ નથી માનતા, કે જે પૂર્વ પદ્યાનુસાર કર્મપ્રકૃતિઓના ઉદયાદિથી નિર્મિત થાય છે-જીવમાં સ્વતઃ સ્વભાવથી એમનું કોઈ સ્થાન નિર્દિષ્ટ નથી, આ બધા પુદ્ગલ દ્રવ્યના

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



રમાં જીવાત્મા પ્રતીયમાન થવા છતાં પણ જીવાત્મા ત્યાં કદી સ્પષ્ટ રૂપે પ્રતીત થતો નથી અને તેથી પૌદ્ગલિક શરીરથી જીવાત્મા સર્વથા ભિન્ન છે-શરીર ઇન્દ્રિયજ્ઞાન ગોચર છે જ્યારે જીવાત્મા અપૌદ્ગલિક તથા સ્વસંવેદ્ય છે-શરીરથી ભિન્ન હોવા છતાં પણ જીવાત્મા પોતાના જ્ઞાનલક્ષણથી, કે જે તેનું આત્મભૂત-લક્ષણ છે, કદી ભિન્ન હોતો નથી. ૪૨ મા પદ્યમાં પ્રયુક્ત થયેલ સ્પષ્ટાર્થનું વાચક 'સ્ફુટ' વિશેષણપદ પોતાની ખાસ વિશેષતા રાખે છે અને એ વાતનું સૂચન કરે છે કે જે જ્યાં પ્રતીયમાન થાય છે ત્યાં અસ્પષ્ટ ઝાંખી રૂપ હોય છે, સ્પષ્ટ પ્રતીતિનો વિષય હોતો નથી. ૪૨-૪૩.

## જે કાંઇ ઇન્દ્રિયગોચર તે બધું આત્મબાહ્ય.

**दृश्यते ज्ञायते किंचिद् यदक्षैरनुभूयते ।**
**तत्सर्वमात्मनो बाह्यं विनश्वरमचेतनम् ॥ ४४ ॥**

**શબ્દાર્થ**:—(**अक्षैः**) ઇન્દ્રિયોદ્વારા (**यत किंचिद्**) જે કાંઇ (**दृश्यते**) દેખવામાં આવે છે, (**ज्ञायते**) જાણવામાં આવે છે અને (**अनुभूयते**) અનુભવ કરવામાં આવે છે (**तत**) તે (**सर्वम्**) બધું (**आत्मनो बाह्यं**) આત્માથી બાહ્ય, (**विनश्वरम्**) (નાશવાન્) તથા (**अचेतनम्**) ચેતના-રહિત છે.

**વ્યાખ્યા**:—આ પદ્યમાં ઇન્દ્રિયો દ્વારા દૃષ્ટ, જ્ઞાત અને અનુભૂત પદાર્થોના વિષયમાં એક અટળ નિયમનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને તે એ કે આવા બધા પદાર્થ એક તો આત્મબાહ્ય હોય છે-શુદ્ધ આત્માના કોઇ ગુણ કે પર્યાયરૂપ હોતા નથી, બીજું વિનશ્વર-સદા સ્થિર ન રહેનાર-હોય છે, ત્રીજું અચેતન હોય છે. ઇન્દ્રિયોના જે કોઇ વિષય છે તે બધા પૌદ્ગલિક-પુદ્ગલ નિષ્પન્ન છે અને પુદ્ગલ આત્માથી બાહ્ય વસ્તુ છે, અચેતન છે અને પુરણ-ગલન સ્વભાવને કારણે સદા એક અવસ્થામાં સ્થિર રહેનાર નથી. પરમાણુરૂપે પુદ્ગલ ઇન્દ્રિયોનો વિષય જ નથી અને સ્કંધરૂપે પુદ્ગલ સદા રચાયા અને વિખરાયા કરે છે. તેથી ઉક્ત નિયમ એક માત્ર પૌદ્ગલિક-દ્રવ્યો સાથે સંબંધ રાખે છે-બીજા કોઇ પણ દ્રવ્યો ઇન્દ્રિયોના વિષય નથી. ૪૪.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


## ઇન્દ્રિયગોચર રૂપનું સ્વરૂપ

**न निर्वृतिं[1] गतस्यास्ति तद्रूपं[2] किंचिदात्मनः ।**
**अचेतनमिदं प्रोक्तं सर्वं पौद्गलिकं जिनैः ॥ ४५ ॥**

**શબ્દાર્થ**:—જે ઇન્દ્રિયોદ્વારા દેખવામાં; જાણવામાં તથા અનુભવવામાં આવે છે (तत्) તે (किंचित् रूपं) કાંઈ પણ રૂપ (निर्वृति गतस्य) મુક્તિ-પ્રાપ્ત (आत्मनः) આત્માનું (न अस्ति) નથી. (जिनैः) તેથી જ જિનદેવોએ (इदं सर्वं) આ બધા ઇન્દ્રિય-ગ્રાહ્ય રૂપને (पौद्गलिकं अचेतनं प्रोक्तं) પુદ્‌ગલાત્મક અચેતન કહ્યું છે.

**વ્યાખ્યા**:—પાછલા પદ્યમાં જે વાત કહેવામાં આવી છે તેને જ આ પદ્યમાં વધારે સ્પષ્ટ કરવામાં આવી છે-લખ્યું છે કે જે કોઈ પણ રૂપ ઇન્દ્રિયોદ્વારા દેખવામાં કે અનુભવ-વામાં આવે છે તે કાંઇ પણ રૂપ મુક્તિ પ્રાપ્ત આત્માનું નથી તેથી તે બધાને જિનદેવે અચેતન તથા પૌદ્‌ગલિક કહ્યું છે. ૪૫.

## રાગ-દ્વેષાદિ વિકાર સર્વ કર્મજનિત.

**विकाराः सन्ति ये केचिद्राग-द्वेष-मदादयः ।**
**कर्मजास्तेऽखिला ज्ञेयास्तिग्मांशोरिव मेघजाः ॥ ४६ ॥**

**શબ્દાર્થ**:—(ये केचित् राग-द्वेष-मदादयः) આત્માને રાગ-દ્વેષ અને મદાદિ જે કાંઇ (विकाराः सन्ति) વિકાર છે-વિભાવ પરિણમન છે-(ते अखिलाः) તે બધા (मेघजाः) મેઘજન્ય (तिग्मांशोरिव) સૂર્યના વિકારોની જેમ (कर्मजाः ज्ञेयाः) કર્મજનિત છે.

**વ્યાખ્યા**:—૩૫ માં પદ્યમાં જે વિકારોનો ઉલ્લેખ તથા સૂચન છે તે પ્રાયઃ નામ-કર્મજનિત છે અને આ પદ્યમાં રાગ-દ્વેષ-મદ રૂપે જે વિકારોનો ઉલ્લેખ છે અને 'आदयः' પદદ્વારા જે ક્રોધ-લોભ-માયા-ભય-હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય જુગુપ્સા આદિ વિકારોનું સૂચન છે તે સર્વ પ્રાયઃ મોહનીયકર્મ-જનિત છે-કર્મોના ઉદયાદિનું નિમિત્ત પામીને તે રીતે આત્મામાં ઉત્પન્ન થાય છે જેમ વાદળોના ઉદયાદિનું નિમિત્ત પામીને સૂર્યમાં વિકાર

---

૧. आ निर्वृतिगतस्यास्ति ।
૨. आ यद्रूपं ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થ**:— ( **यदि** ) જો ( **निश्चितं** ) એ નિશ્ચયરૂપે માનવામાં આવે કે ( **आत्मा** ) આત્મા ( **आत्मना** ) આત્મા વડે પોતાના જ ઉપાદાનથી- ( **कर्म कुरूते** ) કર્મ કરે છે ( **तदा** ) તો પછી ( **स** ) તે ( **तस्य फलं** ) તે કર્મનું ફળ ( **कथं मुङ्क्ते** ) કેવી રીતે ભોગવે છે? અને ( **स कर्म** ) તે કર્મ ( આત્માને ) ( **कथम् दत्ते** ) ફળ કેવી રીતે આપે છે?

**વ્યાખ્યા**:— જો પૂર્વ પદ્ય-વર્ણિત સિદ્ધાંત વિરૂદ્ધ નિશ્ચિત રૂપે એમ માનવામાં આવે કે આત્મા પોતાના ઉપાદાનથી દ્રવ્યકર્મનો કર્તા છે- સ્વયં જ જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્મ રૂપે પરિણમે છે- તો પછી એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે તે આત્મા તે કર્મફળ કેવી રીતે ભોગવે છે અને તે કર્મ તે આત્માને ફળ કેવી રીતે આપે છે? બન્ને એક જ હોતાં ફળદાન અને ફળભોગની વાત બની શકતી નથી.

## કર્મોદયાદિથી ઉત્પન્ન ગુણ સર્વ અચેતન.

**कर्मणामुदयसंभवा गुणाः शामिकाः क्षयशमोद्भवाश्च ये ।**
**चित्रशास्त्रनिवहेन वर्णितास्ते भवन्ति निखिलाविचेतनाः ॥४९॥**

**શબ્દાર્થ**:—( **ये कर्मणामुदयसंभवा गुणाः** ) જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલા ઔદયિક છે, ( **शामिकाः** ) કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા ( **क्षय-शमोंद्भवाः च** ) કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિક છે અને જે ( **चित्रशास्त्रनिवहेन वर्णिताः** ) વિવિધ-શાસ્ત્ર-સમૂહદ્વારા વર્ણિત થયેલ છે-અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે-( **ते** ) તે ( **निखिलाः** ) બધા ( **विचेतनाः भवन्ति** ) ચેતના રહિત અચેતન છે.

**વ્યાખ્યા**:—દ્રવ્યકર્મોના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર ગુણ ઔદયિક ભાવ, કર્મના ઉપશમનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર ગુણ ઔપશમિક ભાવ અને કર્મના ક્ષયોપશમનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર ગુણ ક્ષાયોપશમિક ભાવ, આ બધા દ્રવ્યકર્મો ચેતના રહિત હોવાને લીધે ચેતના-વિહીન હોય છે. દ્રવ્યકર્મના અસ્તિત્વ વિના જીવને ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ બનતા નથી-દ્રવ્યકર્મ જ નહીં તો પછી ઉદયાદિ કોના? તેથી જ આ ભાવોને કર્મકૃત કહેવામાં આવ્યા છે. [૧] એ વ્યવહારનયની દૃષ્ટિ એ કથન છે.

---

१. कम्मेण विणा उदयं जीवस्स न विज्जदे उपसमं वा ।
खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं ॥ ५८ ॥—પંચાસ્તિ.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થઃ—( जीव-परीणामं ) જીવના પરિણામનો ( श्रित्वा ) આશ્રય કરીને—આત્માના શુભ-અશુભ ભાવનું નિમિત્ત પામીને—( दारुणं कर्म ) દારુણ કર્મ ( आस्रवति ) આસ્રવે છે-આત્મામાં પ્રવેશે છે—અને ( दारुणम् कर्म श्रित्वा ) દારુણ કર્મનો આશ્રય કરી-ને—દારુણકર્મના ઉદયનું નિમિત્ત પામીને—( दारुणः परीणामः ) દારુણ પરિણામ ઉદય પામે છે—આત્મામાં શુભ કે અશુભરૂપ દારુણભાવનો ઉદય થાય છે.

વ્યાખ્યાઃ—અહીં જીવના જે પરિણામનો ઉલ્લેખ છે તે તેનું સ્વભાવ પરિણામ ન હોતાં વિભાવ-પરિણામ છે, જે એક તો કર્મોના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે અને બીજું નવા કર્મોના આસ્રવનું નિમિત્ત કારણ બને છે. કર્મ અને કર્મજનિત જીવ પરિણામ બન્નેનો અહીં 'દારુણ' વિશેષણ સાથે ઉલ્લેખ કર્યો છે, જે બન્નેની ભયંકરતા-કઠોરતાના દ્યોતક છે. ૯.

## કોનો કોની સાથે કાર્યકારણભાવ.

**कार्य-कारण-भावोऽयं परिणामस्य कर्मणा ।**
**कर्म-चेतनयोरेष विद्यते न कदाचन ॥ १० ॥**

શબ્દાર્થઃ—( परिणामस्य ) જીવના પરિણામનો ( कर्मणा ) કર્મની સાથે ( अयं कार्य-कारण-भावो ) ઉક્ત કાર્ય-કારણ-ભાવ છે, ( कर्म-चेतनयोः ) કર્મ અને ચેતન ( જીવાત્મા )માં ( एषः ) આ કાર્ય-કારણભાવ ( कदाचन ) કદી ( न विद्यते ) વિદ્યમાન નથી.

વ્યાખ્યાઃ—પાછલા પદ્યમાં જે કાર્ય-કારણભાવનો ઉલ્લેખ છે તેને સ્પષ્ટ કરતાં અહીં એ બતાવવામાં આવ્યું છે કે આ કાર્યકારણભાવ જીવના વિભાવપરિણામનો કર્મની સાથે છે, અચેતન કર્મ અને ચેતન જીવમાં આ કાર્ય-કારણ-ભાવ કદી પણ નથી—અચેતન કર્મથી સચેતન જીવની અને સચેતન જીવથી અચેતન કર્મની ઉત્પત્તિ કદી થતી નથી. ૧૦

## કર્મને જીવનો કર્તા માનવામાં આપત્તિ.

**आत्मानं कुरुते कर्म यदि, कर्म तदा कथम् ।**
**चेतनाय फलं दत्ते ? भुङ्क्ते वा चेतनः कथम् ॥ ११ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થ**—( **यदा** ) જ્યાંસુધી જીવ ( **आत्मीयमनात्मीयम्** ) આત્મીય-અનાત્મીયને, ( **विनश्वरमनश्वरम्** ) વિનાશી અને અવિનાશીને, ( **सुखदं दुखदं** ) સુખ આપનાર અને દુઃખ આપનારને અને ( **चेतनमचेतनम्** ) ચેતન-અચેતનને ( **न वेत्ति** ) જાણતો નથી ( **तदा** ) ત્યાંસુધી ( **कर्मास्रवमजानानो** ) કર્મના આસ્રવને નહિ જાણતો થકો ( **मूढमानसः** ) આ મૂઢ પ્રાણી ( **पुत्र-दारादिके द्रव्ये** ) પુત્ર-સ્ત્રી આદિ પદાર્થોમાં ( **आत्मीयत्व-शेमुषीम्** ) પોતાપણાની બુદ્ધિ ( **विधत्ते** ) રાખે છે-તેમને પોતાના સમજે છે.

**વ્યાખ્યાઃ**—પૂર્વપદ્ય-વિષયક અજ્ઞાનને આ બન્ને પદ્યોમાં વિશેષ સ્પષ્ટ કરતાં તેને સ્ત્રી-પુત્રાદિમાં પોતાપણાની બુદ્ધિનું કારણ બતાવ્યું છે-લખ્યું છે કે જ્યારે આ મોહિત ચિત્તવાળો મૂઢ જીવ પોતાને અને પરને, વિનશ્વર-અવિનશ્વરને, સુખદાયક-દુઃખદાયકને, ચેતન-અચેતનને જાણતો નથી-એમના સ્વરૂપને તફાવતને ઓળખતો નથી-ત્યારે કર્મોનો આસ્રવ કેવી રીતે થાય છે અને પણ નહિ જાણતો સ્ત્રી-પુત્રાદિમાં પોતાપણાની બુદ્ધિ ધારણ કરે છે-તેમને પોતાના આત્મ-દ્રવ્ય સાથે સમ્બદ્ધ માને છે. ૧૯-૨૦.

## કોણ કોનાથી ઉત્પન્ન થતું નથી.

**कषायो नोपयोगेभ्यो नोपयोगाः कषायतः ।**
**न मूर्तामूर्तयोरस्ति संभवो हि परस्परम् ॥ २१ ॥**

**શબ્દાર્થઃ**—( **उपयोगेभ्यः** ) ઉપયોગોથી ( **कषायाः** ) કષાયો અને ( **कषायतः** ) કષાયથી ( **उपयोगाः न** ) ઉપયોગ ( ઉત્પન્ન ) થતા નથી ( **हि** ) અને ( **मूर्तामूर्तयोः** ) મૂર્તિક-અમૂર્તિકનો ( **परस्परम्** ) પરસ્પર એકબીજાથી ( **संभवः न अस्ति** ) ઉત્પાદ-સંભવ થતો નથી.

**વ્યાખ્યાઃ**—ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો છે અને જ્ઞાન તથા દર્શન એ બે મૂળ ઉપયોગ છે. આ બન્નેમાંથી કોઈ પણ ઉપયોગથી કષાયોની ઉત્પત્તિ શક્ય નથી અને ન મૂર્તિકથી અમૂર્તિક તથા અમૂર્તિકથી મૂર્તિક પદાર્થની ઉત્પત્તિ બની શકે. આ પદાર્થોની ઉત્પત્તિ-વિષયક વસ્તુતત્ત્વનો નિદર્શક સિદ્ધાંત છે. અમૂર્તિક આત્માનું લક્ષણ ઉપયોગ છે, લક્ષણ હોવાથી જ્ઞાન-દર્શન અમૂર્તિક છે અને કષાયો મૂર્ત-પૌદ્ગલિક-કર્મ જનિત હોવાથી, મૂર્તિક છે. આવી સ્થિતિમાં શુદ્ધોપયોગ રૂપ આત્માનું કષાયરૂપ પરિણમન થતું નથી. ૨૧.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



કરીને અથવા અવતાર લઇને સંસાર-ભ્રમણ કરતા નથી-સદાને માટે ભવ-બંધનોથી મુક્ત થઇ જાય છે. ૧૬.

## અપ્રાસુક દ્રવ્યને ભોગવવા છતાં પણ વીતરાગી અબંધક.

**नीरागोऽप्रासुकं द्रव्यं भुञ्जानोऽपि न बध्यते ।**
**शङ्खः किं जायते कृष्णः कर्दमादौ चरन्नपि ॥ १७ ॥**

શબ્દાર્થ:—( नीरागः ) જે વીતરાગ છે તે ( अप्रासुकं द्रव्यं ) અપ્રાસુક દ્રવ્યને ( भुञ्जानोऽपि ) ભોગવવા-સેવવા છતાં પણ ( न बध्यते ) બંધાતો નથી. ( બરાબર છે ) ( कर्दमादौ ) કીચડ આદિમાં ( चरन्नपि ) વિચરવા છતાં પણ ( किं शङ्खः ) શું શંખ (कृष्णः जायते ) કાળો થઈ જાય છે? નથી થતો, સફેદ જ બની રહે છે.

વ્યાખ્યા:—આ અધિકારના પ્રારંભમાંજ કષાય તથા રાગ-દ્વેષને બંધનું મુખ્ય કારણ બતાવી દીધું છે, અહીં તે જ વિષયને સ્પષ્ટ કરતાં લખ્યું છે કે જે યોગી વીતરાગ છે-અનાસક્ત છે-તે અપ્રાસુક-સચિત્ત પદાર્થનું ભોજન કરવા છતાં પણ કર્મબંધને પ્રાપ્ત થતો નથી, જેમ શ્વેત શંખ કાદવ આદિમાં વિચરવા છતાં પણ કાળો થઈ જતો નથી. ૧૭.

## ન ભોગવતા છતાં પણ સરાગી પાપ બાંધે છે.

**सरागो बध्यते पापैरभुञ्जानोऽपि[1] निश्चितम् ।**
**अभुञ्जाना न किं मत्स्याः श्वभ्रं यान्ति[2] कषायतः ॥१८॥**

શબ્દાર્થ:—( अभुञ्जानोऽपि ) ન ભોગવવા છતાં પણ ( सरागो ) સરાગી જીવ ( पापैः ) પાપોથી-કર્મોથી ( बध्यते ) બંધાય છે એ ( निश्चितम ) નિશ્ચિત છે. ( બરાબર છે ) ( अभुञ्जाना ) ન ભોગવનારા ( તંદુલાદિક ) ( मत्स्याः ) મત્સ્યો ( किं कषायतः ) શું કષાય પરિણામથી-ભોગવવાની લાલસાથી ( श्वभ्रं न यान्ति ) નરકમાં નથી જતા ?—જાય જ છે.

---

૧. व्या. पापैरडंजानोऽपि ।
૨. मु श्व भ्रे ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## વીતરાગી યોગી વિષયને જાણવા છતાં પણ બંધાતો નથી.

**निरागो विषयं योगी बुध्यमानो न बध्यते ।**
**परथा बध्यते किं न केवली विश्ववेदकः ॥ २२ ॥**

**શબ્દાર્થ:**—( **नीरागः** ) જે વીતરાગી યોગી છે તે ( **विषयं बुध्यमानः** ) વિષયને જાણતો થકો ( **न बध्यते** ) કર્મબંધને પ્રાપ્ત થતો નથી. ( **परथा** ) જો વિષયોને જાણવાથી કર્મબંધ થાય તો ( **विश्ववेदकः केवली** ) વિશ્વના જ્ઞાતા કેવળી ( **किं न बध्यते** ) કેમ બંધને પ્રાપ્ત થતા નથી ?

**વ્યાખ્યા:**—પરદ્રવ્યગત દોષોથી તથા ઇન્દ્રિયવિષયોના સંગથી જો વીતરાગી જ્ઞાની બંધને પ્રાપ્ત નથી થતા તો તેમને જાણતા થકા તો તે બંધને કેવી રીતે પ્રાપ્ત થાય ? એ વાત જો કે પહેલાનાં પદ્યોમાંથી ફલિત થાય છે છતાં પણ અહીં તેને સ્પષ્ટ કરતાં કહેવામાં આવ્યું છે કે જો વિષયોને જાણતા થકા વીતરાગી યોગી બંધને પ્રાપ્ત થાય તો પછી વિશ્વના જ્ઞાતા-વિશ્વના સર્વપદાર્થોની પ્રગટ-અપ્રગટ બધી અવસ્થાઓને જાણનાર કેવલી ભગવાન બંધને પ્રાપ્ત કેમ ન થાય ? તો પછી તે પણ બંધને પ્રાપ્ત થવા જોઇએ. તેથી કેવળ જાણવાથી બંધની પ્રાપ્તિ થતી નથી. ૨૨.

## જ્ઞાની જાણે છે વેદતા નથી, અજ્ઞાની વેદે છે જાણતા નથી.

**ज्ञानिना सकलं द्रव्यं ज्ञायते वेद्यते न च ।**
**अज्ञानिना पुनः सर्वं वेद्यते ज्ञायते न च ॥२३॥**

**શબ્દાર્થ:**— ( **ज्ञानिना** ) જ્ઞાની દ્વારા ( **सकलं द्रव्यं** ) સમસ્ત વસ્તુ સમૂહ ( **ज्ञायते** ) જાણવામાં આવે છે ( **न च वेद्यते** ) પરંતુ વેદવામાં નથી આવતો અને ( **अज्ञानिना** ) અજ્ઞાનીદ્વારા ( **सर्वं** ) સકળ વસ્તુ સમૂહ ( **वेद्यते** ) વેદવામાં આવે છે ( **न च ज्ञायते** ) પરંતુ જાણવામાં આવતો નથી.

**વ્યાખ્યા:**— પાછળના પદ્યમાં જાણવા માત્રથી બંધ ન થવા રૂપ જે વાતનો ઉલ્લેખ કર્યો છે તેનો સિદ્ધાંત આ પદ્યમાં બતાવ્યો છે અને તે એ છે કે જ્ઞાની-વીતરાગી દ્વારા સંપૂર્ણ દ્રવ્ય સમૂહ જાણવામાં તો આવે છે પરંતુ વેદવામાં નથી આવતો અને અજ્ઞાની સરાગી દ્વારા સમસ્ત દ્રવ્ય સમૂહ વેદવામાં તો આવે છે પરંતુ જાણવામાં નથી આવતો. ૨૩

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## જ્ઞાન અને વેદનમાં સ્વરૂપ-ભેદ.

**यथावस्तु परिज्ञानं ज्ञानं ज्ञानिभिरुच्यते ।**
**राग-द्वेष-मद-क्रोधैः सहितं वेदनं पुनः ॥२४॥**

શબ્દાર્થઃ— (यथा वस्तु) જે વસ્તુ જે રૂપે સ્થિત છે તે જ રૂપે તેના (परिज्ञानं) પરિજ્ઞાનને (ज्ञानिभिः) જ્ઞાનીઓએ (ज्ञानं उच्यते) 'જ્ઞાન' કહ્યું છે (पुनः) અને જે પરિજ્ઞાન (જાણવું) (राग-द्वेष-मद-क्रोधैः सहितं) રાગ-દ્વેષ-મદ-ક્રોધાદિ કષાયો સહિત હોય છે તેને (वेदनं) 'વેદન' કહ્યું છે.

વ્યાખ્યાઃ— જો કે 'જ્ઞાન' અને 'વેદન' બન્ને શબ્દો સામાન્યપણે જાણવારૂપ એકાર્થક છે પરંતુ પૂર્વ પદ્યમાં જ્ઞાન અને વેદનનો શબ્દભેદથી નહિ પરંતુ અર્થભેદથી પણ ભેદરૂપ ઉલ્લેખ કર્યો છે, તે અર્થભેદ શું છે તે બતાવવા માટે જ આ પદ્યમાં બન્નેનું લક્ષણ આપ્યું છે. જ્ઞાનનું લક્ષણ 'યથાવસ્તુ-પરિજ્ઞાન' આપ્યું છે, જેનો આશય એવો છે કે કોઇ મિશ્રણ વિના અથવા મેળ-મિલાપ વિના વસ્તુને યથાવસ્થિત રૂપે શુદ્ધ જાણવું તે 'જ્ઞાન' છે અને 'વેદન' તે જાણપણાને કહે છે જેની સાથે રાગ-દ્વેષ, અહંકાર, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સાદિ વિકાર ભાવ મળેલા હોય. અર્થાત્ કોઇ વસ્તુને જોતાં જ એમાંથી કોઇ વિકાર ભાવ ઉત્પન્ન થઇ જાય, તે વિકાર સાથે જે તેનું જાણવું છે- અનુભવ છે- તે 'વેદન' કહેવાય છે. ૨૪.

## અજ્ઞાનમાં જ્ઞાન અને જ્ઞાનમાં અજ્ઞાન-પર્યાય નથી.

**नाज्ञाने ज्ञान-पर्यायाः ज्ञाने नाज्ञानपर्ययाः ।**
**न लोहे स्वर्ण-पर्याया न स्वर्णे लोह-पर्ययाः ॥ २५ ॥**

શબ્દાર્થઃ—(अज्ञाने) અજ્ઞાનમાં (ज्ञान-पर्यायाः) જ્ઞાનની પર્યાયો અને (ज्ञाने) જ્ઞાનમાં (अज्ञान पर्ययाः) અજ્ઞાનની પર્યાયો (न) હોતી નથી, જેમ (लोहे) લોઢામાં (स्वर्ण-पर्याया न) સુવર્ણની પર્યાયો અને (स्वर्णे) સોનામાં (लोह-पर्ययाः न) લોઢાની પર્યાયો હોતી નથી.

વ્યાખ્યાઃ—અહીં 'અજ્ઞાન' શબ્દથી જેનું ગ્રહણ છે તે ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ આ પાંચ અચેતનાત્મક દ્રવ્યોનો સમૂહ છે, આમાંથી કોઇ પણ દ્રવ્યમાં

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



વ્યાખ્યા:—સંસારી જીવ કર્મ સહિત હોય છે, કોઈ પણ કર્મના ઉદયકાળે અથવા પરપદાર્થોના સંસર્ગમાં આવવાથી જ્યારે તે શુભ કે અશુભ કષાયરૂપ પરિણમન કરે છે તો શુભ કે અશુભ કર્મ ગ્રહે છે-પોતાની સાથે બાંધે છે-આ કર્મના બંધની સ્થિતિ અનુસાર જ્યારે ફળનો કાળ આવે છે ત્યારે તેનાથી જીવ સુગતિ કે દુર્ગતિમાં જાય છે. શુભ કર્મનું ફળ જે સુખ ભોગ છે તે પ્રાયઃ સુગતિમાં અને અશુભ કર્મનું ફળ જે દુઃખભોગ છે તે પ્રાયઃ દુર્ગતિમાં પ્રાપ્ત થાય છે. ૨૮.

## સંસાર–પરિભ્રમણનો હેતુ અને નિવૃતિ ( મોક્ષ ) નો ઉપાય.

[1]सुगतिं दुर्गतिं प्राप्तः स्वीकरोति कलेवरम् ।
तत्रेन्द्रियाणि जायन्ते गृह्णाति[2] विषयांस्ततः ॥ २९ ॥

ततो भवन्ति रागाद्यास्तेभ्यो दुरित--संग्रहः ।
तस्माद् भ्रमति संसारे ततो दुःखमनेकधा ॥ ३० ॥

दुःखतो बिभ्यता त्याज्याः कषायाः ज्ञान-शालिना ।
ततो दुरित-विच्छेदस्ततो निर्वृति-सङ्गमः ॥ ३१ ॥

શબ્દાર્થ:—( सुगतिं दुर्गतिं प्राप्तः ) સુગતિ તથા દુર્ગતિને પ્રાપ્ત થયેલો જીવ ( कलेवरम् स्वीकरोति ) શરીરનું ગ્રહણ કરે છે, ( तत्र इन्द्रियाणि जायन्ते ) તે શરીરમાં ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે, ( ततः विषयान् गृह्णाति ) ઇન્દ્રિયદ્વારથી વિષયોનું ગ્રહણ કરે છે, (ततो भवन्ति रागाद्याः) વિષયોનાં ગ્રહણથી રાગાદિ ઉત્પન્ન થાય છે, (तेभ्यो दुरित–संग्रहः) રાગાદિથી શુભાશુભરૂપ કર્મોનો સંચય થાય છે ( तस्माद् भ्रमति संसारे ) અને તે કર્મ-સંચયના કારણે સંસારમાં ભ્રમણ કરે છે, ( ततो दुःखम् अनेकधा ) જેથી અનેક પ્રકારના દુઃખ પ્રાપ્ત થાય છે. તેથી ( दुःखतो बिभ्यता ) દુઃખથી ભયભીત ( ज्ञान–शालिना ) જ્ઞાન-શાળી જીવાત્માએ ( कषायाः ) કષાયોનો ( त्याज्या :) ત્યાગ કરવો જોઈએ. ( ततो दुरित–

१. गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते ।
ते हिं दु विसय-ग्गहणं ततो रागो व दोसो वा ॥ १२९ ॥
जायदि जीवस्सेवं भावो संसार चक्कवालम्मि ।
इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा ॥ १३० ॥—પંચાસ્તિ.

२. આ गृह्णंति, વ્યા गृह्णंति ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**विच्छेदः )** તેમના ત્યાગથી કર્મોનો વિનાશ થાય છે અને **( ततो निर्वृति सङ्गमः )** કર્મોના વિનાશથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં કર્મફળથી જે સુગતિ કે દુર્ગતિમાં જવાની વાત કહેવામાં આવી છે તેને પ્રાપ્ત થઈને આ જીવ નિયમથી દેહ ધારણ કરે છે-ચાહે તે દેવ, મનુષ્ય, તિર્યંચાદિ કોઇ પણ પ્રકારનો કેમ ન હોય; દેહમાં ઇન્દ્રિયોની ઉત્પત્તિ થાય છે-ચાહે એક સ્પર્શન ઇન્દ્રિય જ કેમ ન હોય; ઇન્દ્રિયોથી તેમના વિષયો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તથા શબ્દનું ગ્રહણ થાય છે; વિષયોના ગ્રહણથી રાગદ્વેષાદિક ઉત્પન્ન થાય છે અને રાગદ્વેષાદિની ઉત્પત્તિથી ફરીથી કર્મબંધ થાય છે અને કર્મબંધના ફળસ્વરૂપે ફરીથી ગતિ, સુગતિ, દેહ, ઇન્દ્રિય, વિષય ગ્રહણ, રાગ-દ્વેષ અને ફરીથી કર્મબંધાદિ રૂપે સંસાર-પરિભ્રમણ થાય છે અને આ સંસાર પરિભ્રમણથી અનેકાનેક પ્રકારના દુઃખો સહન કરવાં પડે છે, જે બધાનું વર્ણન કરવું અશક્ય છે. તેથી જે દુઃખોથી ડરે છે, તે જ્ઞાની-જનોએ કર્મબંધના કારણભૂત ક્રોધાદિ કષાયો તથા હાસ્યાદિ નોકષાયોનો ત્યાગ કરવો જોઈએ. તેમનો ત્યાગ કરવાથી પાછલું કર્મબંધન તૂટશે તથા નવા કર્મનું બંધન નહિ થાય. અને એમ થવાથી મુક્તિનો સંગમ સહેજે પ્રાપ્ત થશે, જે સ્વાત્મોત્થિત, સ્વાધીન, પરનિરપેક્ષ, અતીન્દ્રિય, અનંત, અવિનાશી અને નિર્વિકાર તે પરમસુખનું કારણ છે જેના જેવું કોઈ પણ સુખ સંસારમાં પ્રાપ્ત થતું નથી. તેથીજ સમંતભદ્ર સ્વામીએ આવા સુખી મહાત્માને '**अभवदभवसौख्यवान भवान्**' વાકયદ્વારા '**अभव-सौख्यवान्**' બતાવ્યા છે.[૧] ૨૯-૩૦-૩૧.

## રાગાદિ યુક્ત જીવના પરિણામ.

**सन्ति रागादयो यस्य सचित्ताचित्त-वस्तुषु ।**
**प्रशस्तो वाप्र शस्तो वा परिणामोऽस्य जायते ॥ ३२ ॥**

**શબ્દાર્થ:**—**( यस्य )** જે જીવને **( सचित्त-अचित्त-वस्तुषु )** ચેતન-અચેતન વસ્તુઓમાં **(रागादयः सन्ति)** રાગાદિ થાય છે **( अस्य )** તેને **(प्रशस्तो वा अप्रशस्तो)** પ્રશસ્ત ( શુભ ) અથવા અપ્રશસ્ત ( અશુભ ) **( परिणामो )** પરિણામ **( जायते )** ઉત્પન્ન થાય છે.

વ્યાખ્યા:—જે રાગ દ્વેષાદિને પહેલાં બંધનું કારણ બતાવી આવ્યા છીએ તેમનાથી પુણ્ય-પાપના બંધની વાતને સ્પષ્ટ કરતાં અહીં એટલું જ બતાવ્યું છે કે જે જીવને ચેતન-અચેતન પદાર્થોમાં રાગાદિક વિદ્યમાન છે તેનું પરિણામ પ્રશસ્ત કે અપ્રશસ્તરૂપ જરૂર થાય છે. ૩૨.

---

૧ જુઓ સ્વયંભૂસ્તોત્રનું મુનિસુવ્રત-સ્તોત્ર.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## કયા પરિણામ પુણ્ય, કયા પાપ, બન્નેની સ્થિતિ.

**प्रशस्तो भण्यते तत्र पुण्यं पापं पुनः परः ।**
**द्वयं पौद्गलिकं मूर्तं सुख-दुःख-वितारकम् ॥ ३३ ॥**

શબ્દાર્થઃ—(तत्र) તે બંન્ને પ્રકારના પરિણામોમાં (प्रशस्तो) પ્રશસ્ત પરિણામને (पुण्यं) 'પુણ્ય' અને (पुनः परः) અપ્રશસ્ત પરિણામને (पापं) 'પાપ' (भण्यते) કહેવામાં આવે છે, (द्वयं) બન્ને પુણ્યપાપરૂપ પરિણામ (पौद्गलिकं) પૌદ્ગલિક છે, (मूर्तं) મૂર્તિક છે અને (ક્રમશઃ) (सुख-दुःख-वितारकम्) સાંસારિક સુખ-દુઃખના આપનારા છે.

વ્યાખ્યાઃ—અહીં પ્રશસ્ત અને અપ્રશસ્ત પરિણામોના અલગ-અલગ નામોનો ઉલ્લેખ છે પ્રશસ્ત પરિણામોને 'પુણ્ય' અને અપ્રશસ્ત પરિણામ (ભાવ) ને 'પાપ' બતાવ્યા છે; કેમ કે એ બન્ને ક્રમશઃ પુણ્ય-પાપ બંધના કારણ છે. કારણમાં અહીં કાર્યનો ઉપચાર કરવામાં આવ્યો છે અને તેથી બન્નેને પૌદ્‌ગલિક, મૂર્તિક તથા ક્રમશઃ સુખ-દુઃખના આપ-નારા કહ્યા છે. પુણ્ય-પાપનું 'सुख-दुःख-वितारकम्' વિશેષણ પોતાનું ખાસ મહત્ત્વ રાખે છે અને એ વાત સૂચવે છે કે જે સુખ-દુઃખ વિતરણનું કારણ હોય છે તે સુખ-દુઃખના કાર્યની પૂર્વક્ષણે વિદ્યમાન રહે છે, ત્યારે જ તે ઉપાદાન કારણ રૂપે કાર્યને ઉત્પન્ન કરવામાં સમર્થ થાય છે; અન્યથા પ્રશસ્ત કે અપ્રશસ્ત પરિણામ તો ઉત્પન્ન થઇને નષ્ટ થઈ ગયા, કાર્યોત્પત્તિના સમયે તે વિદ્યમાન નથી તો પછી તે પરિણામથી સુખ-દુઃખરૂપ કાર્ય કેવી રીતે ઉત્પન્ન થઇ શકે? થઈ શકે નહિ. સુખ-દુઃખના આપનાર તે પુણ્ય-પાપ રૂપ દ્રવ્યકર્મ હોય છે જે ઉક્ત પરિણામોના નિમિત્તે ઉત્પન્ન થઇને સ્થિતિબંધ દ્વારા ફળ આપવાના સમય સુધી જીવની સાથે રહે છે અને ત્યારે જ પરિણામોનું ફળ-કાર્ય સંપન્ન-પ્રાપ્ત થાય છે. ૩૩.

## પુણ્ય-પાપ-ફળને ભોગવતા જીવની સ્થિતિ.

**मूर्तो[1] भवति भुञ्जानः सुख-दुःखफलं तयोः ।**
**मूर्तकर्मफलं मूर्तं नामूर्तेन हि भुज्यते ॥ ३४ ॥**

શબ્દાર્થઃ—(तयोः) તે બન્ને પુણ્ય-પાપરૂપ પરિણામોના (सुख-दुःखफलं) સુખ-દુઃખ ફળને (भुञ्जानः) ભોગવતો આ જીવ (मूर्तो भवति) મૂર્તિક થાય છે; કેમકે (मूर्त

૧. व्या मूर्ती.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



कर्मफलं मूर्तं ) મૂર્તિક કર્મનું ફળ મૂર્તિક હોય છે અને તે ( अमूर्तेन ) અમૂર્તિક દ્વારા ( न हि मुज्यते ) ભોગવવામાં આવતું નથી.

વ્યાખ્યા:—પુણ્ય તથા પાપ બન્ને દ્રવ્યકર્મ પૌદ્‌ગલિક-મૂર્તિક છે, તેમનાં આપેલા સુખ-દુઃખરૂપ ફળ, કે જે મૂર્તિક જન્ય હોવાથી મૂર્તિક હોય છે, તે અમૂર્તિક આત્મા કેવી રીતે ભોગવે ? એ એક પ્રશ્ન છે, જેનો ઉત્તર એટલો જ છે કે પુણ્ય-પાપના ફળ ભોગવતો જીવ મૂર્તિક થાય છે. કર્મફળને ભોગવનારા બધા જીવ સંસારી હોય છે અને સંસારી જીવ અનાદિ કર્મ સંબંધના કારણે મૂર્તિક કહેવાય છે. ૩૪.

### પુણ્ય-પાપના વશે અમૂર્ત પણ મૂર્ત થઈ જાય છે.

**मूर्तो भवत्यमूर्तोऽपि पुण्यपाप वशीकृतः ।**
**यदा विमुच्यते ताभ्याम मूर्तोऽस्ति तदा पुनः ॥ ३५ ॥**

શબ્દાર્થ:—( पुण्य पाप वशीकृतः ) પુણ્ય-પાપને વશીભૂત થયેલો ( अमूर्तोऽपि ) અમૂર્તિક જીવ પણ ( मूर्तो भवति ) મૂર્તિક થઈ જાય છે. ( यदा ) અને જ્યારે ( ताभ्याम ) તે પુણ્ય-પાપ બન્નેથી ( विमुच्यते ) છૂટી જાય છે ( तदा पुनः ) ત્યારે ( अमूर्तोऽस्ति ) અમૂર્તિક રહી જાય છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં અમૂર્તિક જીવની મૂર્તિક થવાની જે વાત કહેવામાં આવી છે તેને જ આ પદ્યમાં સ્પષ્ટ કરતાં લખ્યું છે કે મૂર્તિક પુણ્ય-પાપને વશ-બંધનમાં પડેલો જીવ વાસ્તવમાં અમૂર્તિક હોવા છતાં પણ મૂર્તિક થાય છે અને જ્યારે તે બન્નેના બંધનથી છૂટી જાય છે ત્યારે સ્વરૂપમાં સ્થિત થયેલો સ્વયં અમૂર્તિક થઇ જાય છે. તેથી જીવનું સંસારાવસ્થારૂપ જેટલું કોઇ વિભાવ પરિણમન છે તે બધું તેને મૂર્તિક બનાવે છે. ૩૫.

### ઉદાહરણ-દ્વારા સ્પષ્ટીકરણ.

**विकारं नीयमानोऽपि कर्मभिः सविकारिभिः ।**
**मेघैरिव नभो याति स्वस्वभावं तदत्यये ॥ ३६ ॥**

શબ્દાર્થ:—( सविकारिभिः ) વિકારી ( कर्मभिः ) કર્મો દ્વારા ( विकारं ) વિકારને ( नीयमानोऽपि ) પ્રાપ્ત થવા છતાં પણ આ જીવ ( तदत्यये ) તે વિકારનો નાશ

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


થતાં ( स्वस्वभावं याति ) પોતાના સ્વભાવને પ્રાપ્ત થાય છે, જેમ ( मेघैरिव नभो ) વાદળાંઓથી વિકારને પ્રાપ્ત થયેલું આકાશ વાદળાં વિખરાઈ જતાં પોતાની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત થાય છે.

**વ્યાખ્યા:**—અહીં પાછલી વાત ઉદાહરણ-દ્વારા વિશેષ સ્પષ્ટ કરવામાં આવી છે-લખ્યું છે કે જેવી રીતે વાદળાંઓથી આકાશ વિકારને પ્રાપ્ત થઇ જાય છે અને વાદળાં વિખરાઇ જતાં ફરીથી પોતાના સ્વભાવને પ્રાપ્ત થઇ જાય છે તેવી જ રીતે આ જીવ પણ વિકારી કર્મ જે પુણ્ય-પાપ છે તેના કારણે વિકારને-વિભાવને-પ્રાપ્ત થયો થકો પણ-અમૂર્તિકમાંથી મૂર્તિક થતો હોવા છતાં પણ તે કર્મો દૂર થઇ જતાં પોતાના સ્વભાવમાં સ્થિત થઇ જાય છે. ૩૬.

## પુણ્ય-બંધનાં કારણ.

**अर्हदादौ[1] परा भक्तिः कारुण्यं सर्वजन्तुषु ।**
**पावने चरणे रागः पुण्यबन्धनिबन्धनम् ॥ ३७ ॥**

**શબ્દાર્થ:**—( **अर्हदादौ** ) અર્હંતાદિકમાં ( **परा भक्तिः** ) ઉત્કૃષ્ટ ભક્તિ, ( **सर्वजन्तुषु** ) સર્વ પ્રાણીઓમાં ( **कारुण्यं** ) કરુણા ભાવ અને ( **पावने चरणे** ) પવિત્ર ચારિત્રના અનુષ્ઠાનમાં ( **रागः** ) રાગ ( આ બધું ) ( **पुण्यबन्धनिबन्धनम्** ) પુણ્યબંધનું કારણ છે.

**વ્યાખ્યા:**—અહીં સારરૂપે પુણ્યબંધના કારણોનો નિર્દેશ કરતાં તેમને મુખ્યપણે ત્રણ પ્રકારનાં બતાવ્યાં છે. પહેલું અર્હંતાદિની ઊંચી ભક્તિ, બીજું સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણા ભાવ ( દયા પરિણામ અથવા હિંસાભાવનો અભાવ ) અને ત્રીજું પવિત્ર ચારિત્રના પાલનમાં અનુરાગ. અર્હંતની પાછળ યોજેલ 'આદિ' શબ્દ મુખ્યપણે સિદ્ધોનો અને ગૌણ-પણે તે આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ પરમેષ્ઠીઓનો વાચક છે જે ભાવલિંગી હોય-દ્રવ્ય-લિંગી અથવા ભવાભિનંદી ન હોય અને પોતપોતાના પદના સર્વ ગુણોમાં યથાર્થપણે પરિપૂર્ણ હોય. ભક્તિનું 'પરા' વિશેષણ ઊંચા અથવા ઉત્કૃષ્ટ અર્થનું વાચક છે અને એ વાતનું સૂચક છે કે અહીં ઊંચા દરજ્જાનાં પુણ્ય-બંધનાં કારણોનો નિર્દેશ છે અને તેથી બીજાં બે કારણોને પણ ઊંચા દરજ્જાનાં જ સમજવાં જોઇએ. નહિ તો પુણ્યબંધ તો શુભ પરિણામોથી થાય છે, ભલે તે ઊંચા દરજ્જાનાં હોય કે તેનાથી ઓછા દરજ્જાનાં. ઊંચા

---

૧. मु आर्हदादौ ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**मयान्यस्य ममान्येन क्रियतेऽक्रियते गुणः ।**
**मिथ्यैषा कल्पना सर्वा क्रियते मोहिभिस्ततः ॥१७॥**

**શબ્દાર્થઃ**—( **यतः** ) કારણકે ( **अन्येन** ) પરદ્વારા ( **मे गुणाः** ) મારા ગુણ ( **कर्तुं हर्तुं न शक्यन्ते** ) કરી કે હરી શકાતા નથી અને ( **मया** ) મારા દ્વારા ( **परस्यापि गुणाः** ) પરના ગુણ ( **कर्तुं हर्तुं न पार्यन्ते** ) ઉત્પન્ન કરી કે દૂર કરી શકાતા નથી ( **ततः** ) તેથી ( **अन्येन** ) પર દ્વારા ( **मम गुणः** ) મારા ગુણ અને ( **मया अन्यस्य** ) મારા દ્વારા પરના કોઈ ગુણ-ઉપકાર ( **क्रियते अक्रियते** ) કરવામાં આવે છે અથવા કરવામાં આવતા નથી ( **एषा सर्वा कल्पना** ) એ બધી કલ્પના ( **मिथ्या** ) મિથ્યા છે, કે જે ( **मोहिभिः क्रियते** ) મોહથી અભિભૂત જીવો દ્વારા કરાય છે.

**વ્યાખ્યાઃ**—અહીં યોગી તાત્ત્વિક અથવા નિશ્ચય દૃષ્ટિએ વિચારે છે કે બીજું કોઈ પણ મારા ગુણો કરવા કે હરવામાં સમર્થ નથી અને ન તો હું કોઈ બીજાના ગુણો કરવા કે હરવામાં સમર્થ છું; તો મેં બીજાનો કે બીજાએ મારો ગુણ કર્યો કે ન કર્યો એ બધા વિકલ્પ-બુદ્ધિ મિથ્યા છે અને તેને તે જ જીવ કરે છે જે દર્શન મોહના ઉદયવશે દૃષ્ટિ વિકાર સહિત છે. અથવા એમ કહો કે સમ્યગ્દૃષ્ટિ ન હોતાં મિથ્યાદૃષ્ટિ છે. ૧૬-૧૭.

**જ્ઞાનાદિ ગુણોનું કોઈના દ્વારા હરણ કે સર્જન ( થતું ) નથી.**

**ज्ञान-दृष्टि-चरित्राणि ह्रियन्ते नाक्षगोचरैः ।**
**क्रियन्ते न च गुर्वाद्यैः सेव्यमानैरनारतम् ॥ १८ ॥**
**उपद्यन्ते विनश्यन्ति जीवस्य परिणामिनः ।**
**ततः स्वयं स दाता न, परतो न कदाचन ॥ १९ ॥**

**શબ્દાર્થઃ**—( **ज्ञान-दृष्टि-चरित्राणि** ) જ્ઞાન, દર્શન અને ચારિત્ર ( ગુણ ) ( **अक्षगोचरैः** ) ઇન્દ્રિયવિષયોદ્વારા ( **न ह्रियन्ते** ) હરી શકાતા નથી ( **च** ) અને ( **अनारतम् सेव्यमानैः** ) નિરંતર સેવા કરવામાં આવેલ ( **गुर्वाद्यैः** ) ગુરુઓ આદિદ્વારા ( **न क्रियन्ते** ) ઉત્પન્ન કરાતા નથી; ( **परिणामिनः जीवस्य** ) પરિણામી જીવને ( પર્યાયદૃષ્ટિએ ) ( **उत्पद्यन्ते** ) એ સ્વયં ઉત્પન્ન થાય છે તથા ( **विनश्यन्ति** ) વિનાશ પામે છે ( **ततः** ) અને તેથી ( **स**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



स्वयं दाता न ) જીવ સ્વયં એમનો દાતા ( કર્તા-હર્તા ) નથી, ( न परतो कदाचन ) અને ન પરને કારણે એમના કદી યે ઉત્પાદ-વ્યય થાય છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં આત્માના જે ગુણોની સૂચના છે તેમનો અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપે ઉલ્લેખ કર્યો છે, જેમને સમ્યક્ વિશેષણથી વિશિષ્ટ સમજવા જોઇએ; ત્યારે જ તે ગુણોની કોટિમાં આવે છે, નહિતર મિથ્યાદર્શનાદિક ગુણ ન હોઇને અવગુણ અથવા દોષ કહેવાય છે. આ સમ્યગ્દર્શનાદિ ગુણોને ન તો ઇન્દ્રિયોના સ્પર્શનાદિ વિષય હરે છે-ઇન્દ્રિય-વિષયોના સેવનથી તેમનો નાશ થઈ જતો નથી-અને ન નિરંતર સેવા કરવામાં આવેલ ગુરુજનાદિક તેમને ઉત્પન્ન કરે છે. જે જીવ પરિણમનશીલ છે તેમને આ ગુણ પર્યાયદષ્ટિએ ઉત્પન્ન થાય છે તથા વિનાશ પામે છે-દ્રવ્યદષ્ટિએ નહિ. દ્રવ્યની અપેક્ષાએ કોઇ પણ વસ્તુ ન કદી ઉત્પન્ન થાય છે કે ન કદી નાશ પામે છે, ઉત્પાદ અને વ્યય પર્યાયોમાં-અવસ્થાઓમાં-થયા કરે છે. આવી સ્થિતિમાં જીવ સ્વયં પણ આ ગુણોનો કર્તા-હર્તા નથી અને ન કદી પરના કારણે આ ગુણોનો આત્મામાં નવો ઉત્પાદ અથવા મૂળ-માંથી વિનાશ થાય છે. ૧૮-૧૯.

## શરીરાદિ વ્યવહારથી મારાં છે નિશ્ચયથી નહિ.

शरीरमिन्द्रियं द्रव्यं विषयो विभवो[१] विभुः ।
ममेति व्यवहारेण भण्यते न च तत्त्वतः ॥ २० ॥
तत्त्वतो यदि जायन्ते तस्य ते न तदा भिदा ।
दृश्यते, दृश्यते चासौ ततस्तस्य न ते मताः ॥ २१ ॥

શબ્દાર્થ:—( मम ) મારું ( शरीरं ) શરીર, ( इन्द्रियं ) મારી ઇન્દ્રિયો, ( द्रव्यं ) મારું દ્રવ્ય, ( विषयः ) મારો વિષય ( विभवो ) મારો વૈભવ, ( विभुः ) મારો સ્વામી ( इति व्यवहारेण भण्यते ) એ બધું વ્યવહારથી-વ્યવહારનયની અપેક્ષાએ-કહેવામાં આવે છે, ( न च तत्त्वतः ) તત્ત્વથી નહિ-નિશ્ચયનયની અપેક્ષાએ કહેવામાં આવતું નથી. ( यदि ) જો ( ते ) તે બધા ( तत्त्वतः ) તત્ત્વદષ્ટિએ ( तस्य जायन्ते ) આત્માના હોય છે એમ માનવામાં આવે ( न तदा भिदा दृश्यते ) તો આત્મા અને શરીરાદિકમાં ભેદ દેખાવો ન જોઇએ, ( च असौ दृश्यते ) પરંતુ ભેદ સ્પષ્ટ નજરે પડે છે ( ततः ) તેથી ( ते ) તે ( तस्य ) આત્માનાં ( न मताः ) માનવામાં આવ્યાં નથી.

---

१. आ विभयो ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



પરદ્રવ્યમાં દ્વેષ કરે છે તેની શુદ્ધિ ચિરકાળ સુધી તપ કરવા છતાં પણ થતી નથી. તે તો પોતાની રાગ-દ્વેષ-પરિણતિ દ્વારા પ્રતિસમય પોતાના આત્મામાં અશુદ્ધિનો સંચય કર્યા કરે છે. ૪૨.

કર્મને કરતો અને ફળને ભોગવતો થકો આત્મા કર્મ બાંધે છે.

**कुर्वाणः कर्म चात्मायं भुञ्जानः कर्मणां फलम् ।**
**अष्टधा कर्म बध्नाति कारणं दुःखसन्तते ॥ ४३ ॥**

શબ્દાર્થ:—(अयं आत्मा) આ આત્મા (कर्म कुर्वाणः) કર્મને કરતો થકો (च कर्मणां फलं भुञ्जानः) અને કર્મના ફળને ભોગવતો થકો (अष्टधा) આઠ પ્રકારના (कर्म बध्नाति) કર્મ બાંધે છે, (दुःख सन्ततेः) કે જે દુઃખની સન્તતિનું-કષ્ટ પરંપરાનું-(कारणं) કારણ છે.

વ્યાખ્યા:—આ આત્મા પોતાની ઉક્ત રાગ-દ્વેષ-પરિણતિને કારણે કોઈને ઇષ્ટ-અનિષ્ટ માનીને કર્મ કરતો અને ફળ ભોગવતો થકો બન્નેય અવસ્થાઓમાં નવીન કર્મનો બંધ કરે છે, જે જ્ઞાનાવરણાદિ રૂપ આઠપ્રકારનું છે, અને બધી દુઃખ-પરંપરાનું મૂળ કારણ છે. ૪૩.

બધાય કર્મફળને પૌદ્ગલિક જાણનાર શુદ્ધાત્મા બને છે.

**सर्वं पौद्गलिकं वेत्ति कर्मपाकं सदापि यः ।**
**सर्व-कर्म-बहिर्भूतमात्मानं स प्रपद्यते ॥ ४४ ॥**

શબ્દાર્થ:—(यः) જે (सर्वं कर्मपाकं) બધાય કર્મ-વિપાકને-કર્મોના ફળને-(सदापि पौद्गलिकं वेत्ति) સદા પૌદ્ગલિક જાણે છે (स) તે (યોગી) (सर्व-कर्म-बहिर्भूतं) સર્વ કર્મોથી બહિર્ભૂત (आत्मानं प्रपद्यते) આત્માને પ્રાપ્ત થાય છે.-તેને પોતાના શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

વ્યાખ્યા:—જે યોગી આત્મા સાથે ઘટવાવાળા (વિપાકરૂપે પરિણમનારા) બધા કર્મફળને પૌદ્ગલિક અને તેથી આત્મા સાથે વાસ્તવમાં અસંબદ્ધ સમજે છે તે પોતાના

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



આત્માને સર્વ કર્મોથી બહિર્ભૂત રૂપે પ્રાપ્ત થાય છે-તેને જ સાચી સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. ૪૪.

### શુદ્ધ જ્ઞાતા પરના ત્યાગ-ગ્રહણમાં પ્રવૃત્ત થતો નથી.

**ज्ञानवांश्चेतनः शुद्धो न गृह्णाति न मुञ्चति ।**
**गृह्णाति मुञ्चते कर्म मिथ्याज्ञान-मलीमसः ॥ ४५ ॥**

**શબ્દાર્થ**:—( ज्ञानवान् शुद्धः चेतनः ) જે આત્મા શુદ્ધ જ્ઞાનવાન છે ( न गृह्णाति ) તે ન કાંઈ ગ્રહણ કરે છે અને ( न मुञ्चति ) ન છોડે છે, ( मिथ्याज्ञान-मलीमसः ) જે મિથ્યાજ્ઞાનથી મલિન છે તે ( कर्म ) કર્મને ( गृह्णाति ) ગ્રહે છે તથા ( मुञ्चते ) છોડે છે.

**વ્યાખ્યા**:—જે આત્મા શુદ્ધ જ્ઞાનથી યુક્ત છે તે વાસ્તવમાં કોઈ પણ પર પદાર્થનાં ગ્રહણ-ત્યાગ કરતો નથી, જે ગ્રહણ-ત્યાગ કરે છે તે મિથ્યા જ્ઞાન સહિત મલિન આત્મા હોય છે. ગ્રહણ-ત્યાગ રાગ-દ્વેષ દ્વારા થયા કરે છે, શુદ્ધ જ્ઞાનમાં રાગ-દ્વેષ હોતા નથી, તેથી તેના દ્વારા ગ્રહણ-ત્યાગ બનતાં નથી, મિથ્યાજ્ઞાન રાગ-દ્વેષથી યુક્ત હોય છે, તેથી જ તેના દ્વારા ગ્રહણ-ત્યાગ બને છે. ૪૫.

### સામાયિકાદિ ષટ્કર્મોમાં ભક્તિ સહિત પ્રવર્તનારને સંવર.

**सामायिके स्तवे भक्त्या वन्दनायां प्रतिक्रमे ।**
**प्रत्याख्याने तनूत्सर्गे वर्तमानस्य संवरः ॥ ४६ ॥**

**શબ્દાર્થ**:—જે યોગી ( **भक्त्या** ) ભક્તિપૂર્વક ( **सामायिके** ) સામાયિકમાં ( **स्तवे** ) સ્તવનમાં, ( **वन्दनायां** ) વંદનમાં, ( **प्रतिक्रमे** ) પ્રતિક્રમણમાં ( **प्रत्याख्याने** ) પ્રત્યાખ્યાનમાં અને ( **तनूत्सर्गे** ) કાયોત્સર્ગમાં ( **वर्तमानस्य** ) વર્તે છે તેને ( **संवरः** ) સંવર-કર્માસ્રવનો નિરોધ-થાય છે.

**વ્યાખ્યા**:—અહીં સામાયિકાદિ ષટ્ આવશ્યક ક્રિયાઓ ના,- કે જે યોગી મુનિઓએ સદા કરવા યોગ્ય છે, નામ દઈને લખ્યું છે કે આ ક્રિયાઓમાં જે ભક્તિ સાથે

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**यः षडावश्यकं योगी स्वात्मतत्त्व-व्यवस्थितः ।**
**अनालस्यः करोत्येव संवृतिस्तस्य रेफसाम्[1] ॥ ५३ ॥**

શબ્દાર્થ:—( **यः योगी** ) જે યોગી (**स्वात्मतत्त्व-व्यवस्थितः**) પોતાના આત્મતત્ત્વ-માં વિશેષણે અવસ્થિત અને ( **निरालस्यः** ) અપ્રમાદીથઈને ( ઉક્ત પ્રકારે ) (**षडावश्यकं**) ષટ્ આવશ્યક-અવશ્ય કરણીય સામાયિકાદિ છએ ક્રિયાઓ-( **करोति** ) કરે છે ( **तस्य** ) તેના ( **रेफसाम्** ) પાપોનો-કર્મોનો ( **संवृतिः एव** ) સંવર જ થાય છે.

વ્યાખ્યા:—જે ષટ્ કર્મો-કાર્યોનો પાછલા પદ્યોમાં ઉલ્લેખ છે તેમને અહીં સ્પષ્ટ રૂપે 'આવશ્યક' નામ આપવામાં આવ્યું છે, જેનો આશય છે અવશ્યમેવ નિત્ય કરવા યોગ્ય, તે કાર્યો કરનારને 'યોગી' નામ આપ્યું છે, જેનો અભિપ્રાય છે કાય-વચન-મન રૂપ ત્રણ યોગોની સાધના કરનાર-તેમને પોતાને આધીન રાખનાર-સાધુ-મુનિ; અને તેના બે વિશેષણ આપવામાં આવ્યા છે-એક '**स्वात्मतत्त्व व्यवस्थित**' અને બીજું '**अनालस्य**' જેમાં પહેલું આ કાર્યો કરવાના અધિકારની સૂચના કરે છે કે જે ૪૭ મા પદ્યની વ્યાખ્યામાં બતાવવામાં આવેલ છે અને બીજું ફળની યથેષ્ટ રૂપે સાધના સાથે સંબદ્ધ છે; કેમ કે આળસ સહિત અનાદરપૂર્વક કરેલાં કર્મ યથેષ્ટ ફળ આપતાં નથી. અંતમાં આ બધાં આવશ્યક-કાર્યોના ફળનો નિર્દેશ કર્યો છે અને તે છે જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવનો નિરોધ, જે ઉક્ત બન્ને વિશેષણ-વિશિષ્ટ યોગીને પ્રાપ્ત થાય છે. તેથી આ છએ ક્રિયાઓ કરવામાં યોગીને પોતાના આ બન્ને વિશેષણો ખાસ પણે ધ્યાનમાં રાખવાં જોઈએ, જેના વિના યથેષ્ટ ફળસંપત્તિ મળતી નથી. ૫૩.

### સમ્યગ્જ્ઞાનપરાયણ આત્મજ્ઞ યોગી કર્મોનો નિરોધ કરે છે.

**मिथ्याज्ञानं परित्यज्य सम्यग्ज्ञानपरायणः ।**
**आत्मनात्मपरिज्ञायी विधत्ते रोधमेनसाम् ॥ ५४ ॥**

શબ્દાર્થ:—( **मिथ्याज्ञानं परित्यज्य** ) મિથ્યાજ્ઞાન છોડીને ( **सम्यग्ज्ञानपरायणः** ) જે સમ્યગ્જ્ઞાનમાં તત્પર છે. અને ( **आत्मना** ) આત્મા દ્વારા ( **आत्मपरिज्ञायी** ) આત્માનો જ્ઞાતા છે તે (**एनसाम्**) કર્મોનો (**रोधं**) નિરોધ (**विधत्ते**) કરે છે-કર્મોના આસ્રવને રોકે છે.

---

१. पापानाम् ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



વ્યાખ્યાઃ—અહીં ષડાવશ્યક-વિધાતાથી ભિન્ન એક બીજા જ સંવરના અધિકારીનો નિર્દેશ છે અને તે છે જે મિથ્યાજ્ઞાનનો પરિત્યાગ કરી સમ્યગ્જ્ઞાનમાં તત્પર રહે છે અને પોતાના આત્માને કોઈ પણ પરપદાર્થની અપેક્ષા ન રાખતાં પોતાના આત્મા દ્વારા જ જાણે છે. આવો જ્ઞાતા બીજા કોઈ અનુષ્ઠાન કર્યા વિના જ કર્મોના આસ્રવને રોકવામાં સમર્થ થાય છે. ૫૪.

## કોઈ દ્રવ્યથી ભોક્તા તો ભાવથી અભોક્તા, બીજા એનાથી વિપરીત.

**द्रव्यतो भोजकः कश्चिद्भावतोऽस्ति त्वभोजकः ।**
**भावतो भोजकस्त्वन्यो द्रव्यतोऽस्ति त्वभोजकः ॥ ५५ ॥**

શબ્દાર્થઃ—( कश्चित ) કોઈ ( द्रव्यत: ) દ્રવ્યથી ( भोजकः ) ભોક્તા છે ( भावतः ) ભાવથી ( तु अभोजकः ) અભોક્તા છે, ( अन्यः तु ) બીજો ( भावतः ) ભાવથી ( भोजकः ) ભોક્તા છે ( द्रव्यतः ) દ્રવ્યથી ( तु अभोजक: ) અભોક્તા છે.

વ્યાખ્યાઃ—જે કોઈ પદાર્થના ભોગમાં પ્રવૃત્ત છે તેને 'ભોજક' અને જે ભોગથી નિવૃત્ત છે તેને 'અભોજક' કહે છે. અહીં દ્રવ્ય તથા ભાવથી ભોજક-અભોજકની વ્યવસ્થા કરતાં એમ સૂચવ્યું છે કે જે દ્રવ્યથી ભોજક-ભોક્તા છે તે ભાવથી પણ ભોજક હોય અથવા જે ભાવથી ભોજક છે તે દ્રવ્યથી પણ ભોજક હોય એવો કોઈ નિયમ નથી-એક દ્રવ્યથી ભોક્તા હોવા છતાં પણ ભાવથી ભોક્તા નથી હોતો અને બીજો ભાવથી ભોક્તા હોવા છતાં પણ દ્રવ્યથી ભોક્તા નથી હોતો. ૫૫.

## દ્રવ્ય-ભાવથી નિવૃત્તોમાં કોણ કોનાથી પૂજ્ય ?

**द्रव्यतो यो निवृत्तोऽस्ति स पूज्यो व्यवहारिभिः ।**
**भावतो यो निवृत्तोऽसौ पूज्यो मोक्षं पियासुभिः ॥ ५६ ॥**

શબ્દાર્થઃ—( यो ) જે ( द्रव्यत: ) દ્રવ્યથી ( निवृत्तोऽस्ति ) નિવૃત્ત છે-અભોક્તા છે- તે ( व्यवहारिभिः ) વ્યવહારિઓ દ્વારા ( पूज्यः ) પૂજ્ય છે. ( यो ) જે ( भावतः ) ભાવથી ( निवृत्तः ) નિવૃત્ત છે- અભોક્તા છે- ( असौ ) તે ( पियासुभिः ) મુમુક્ષુઓ દ્વારા પૂજ્ય- ( पूज्यः ) પૂજાને પ્રાપ્ત થાય છે.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



વ્યાખ્યાઃ— જે દ્રવ્યથી-બાહ્ય પદાર્થોનો ત્યાગ કરીને તેમના ભોગથી નિવૃત્ત થાય છે તે વ્યવહારી જીવો દ્વારા પૂજાય છે; કારણ કે વ્યવહારી જીવોની બાહ્ય દૃષ્ટિ હોય છે તેઓ બીજાના અંતરંગને ઓળખતા નથી. અને જે ભાવથી-વાસ્તવમાં ભોગથી વિરક્તચિત્ત થઇને નિવૃત્ત થાય છે તે મોક્ષ-પ્રાપ્તિની ઈચ્છા રાખનાર મુમુક્ષુઓ દ્વારા પૂજાય છે; કેમ કે મુમુક્ષુ અંતરાત્માઓની આંતરિક દૃષ્ટિ હોવાને કારણે તેઓ બીજાના અંતરંગને ઓળખી લે છે. ૫૬.

## ભાવથી નિવૃત્તજ વાસ્તવિક સંવરનો અધિકારી.

**द्रव्यमात्रनिवृत्तस्य नास्ति निर्वृतिरेनसाम् ।**
**भावतोऽस्ति निवृत्तस्य तात्त्विकी संवृतिः पुनः ॥ ५७ ॥**

શબ્દાર્થઃ—( द्रव्य मात्रनिवृत्तस्य ) જે માત્ર દ્રવ્યથી નિવૃત્ત છે તેને ( एनसाम् ) કર્મોની ( निवृत्तिः ) નિવૃત્તિ ( नास्ति ) થતી નથી ( पुनः ) અને ( भावतो निवृत्तस्य ) જે ભાવથી નિવૃત્ત છે તેને ( तात्त्विकी ) વાસ્તવિક ( संवृत्तिः ) સંવૃત્તિ-કર્માસ્રવની નિવૃત્તિ ( अस्ति )-થાય છે.

વ્યાખ્યાઃ—અહીં પાછલા કથનને સંવર તત્ત્વ સાથે સંબદ્ધ કરતાં લખ્યું છે કે જે માત્ર દ્રવ્યથી નીવૃત્ત છે-બાહ્યમાં કોઈ વસ્તુના ભોગનો ત્યાગ કરેલ છે-પરંતુ અંતરંગમાં તેના ભોગની લાલસા પડેલી છે, તેને કર્મોનો સંવર થતો નથી. અને જે ભાવથી નિવૃત્ત છે-હૃદયમાં તે પદાર્થના ભોગનો કદી વિચાર પણ લાવતો નથી-તેને વાસ્તવિક સંવર થાય છે. આથી સ્પષ્ટ જણાય છે કે જે ભાવથી ત્યાગ છે તે જ કલ્યાણકારી છે. લોકોને દેખાડવા રૂપે જે કોઇ ત્યાગવૃત્તિ છે તે કલ્યાણકારિણી નથી. ૫૭.

## ભાવથી નિવૃત્ત થવાની વિશેષ પ્રેરણા.

**विज्ञायेति निराकृत्य निवृत्तिं द्रव्यतस्त्रिधा ।**
**भाव्यं भाव-निवृत्तेन समस्तैनोनिषिद्धये ॥ ५८ ॥**

શબ્દાર્થઃ—( इति विज्ञान ) આ રીતે દ્રવ્ય-ભાવરૂપ નિવૃત્તિને જાણીને અને (द्रव्यतः निवृत्तिं) દ્રવ્યનિવૃત્તિને (त्रिधा निराकृत्य) મન-વચન-કાયાથી છોડીને-ગૌણ કરીને-

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com

# નિર્જરાધિકાર

## નિર્જરાનું લક્ષણ અને બે ભેદ.

**पूर्वोपार्जित-कर्मैकदेशसंक्षय-लक्षणा ।**
**निर्जरा जायते द्वेधा पाकजापाकजात्वतः ॥ १ ॥**

શબ્દાર્થ:—( पूर्वोपार्जित ) પૂર્વોપાર્જિત ( कर्मैक देशसंक्षय-लक्षणा ) કર્મોનો એકદેશ ક્ષય જેનું લક્ષણ છે તે ( निर्जरा ) નિર્જરા ( पाकजापाकजात्वत: ) પાકજા ( સવિપાક ) અને અપાકજા ( અવિપાક )ના ભેદથી ( द्वेधा जायते ) તે બે પ્રકારની હોય છે.

વ્યાખ્યા:—નિર્જરા અધિકારનો પ્રારંભ કરતાં અહીં સૌથી પહેલાં નિર્જરાનું લક્ષણ આપ્યું છે અને તે લક્ષણ છે 'પૂર્વોપાર્જિત કર્મોનો એકદેશ વિનાશ'. પૂર્વોપાર્જિત કર્મોમાં પૂર્વ જન્મમાં કરેલાં તથા આત્મા ની સાથે બંધાયેલાં કર્મ જ નહિ પરંતુ આ જન્મમાં પણ વર્તમાન કાળથી પૂર્વે કરેલાં તથા બંધાયેલાં કર્મ પણ સામેલ છે. અને એકદેશ સંક્ષયનો અર્થ છે 'આંશિક વિનાશ' —પૂર્ણતઃ વિનાશ નહિ. કારણ કે કર્મોના પૂર્ણપણે વિનાશ થવાનું નામ તો છે 'મોક્ષ[1]'-નિર્જરા નહિ. જ્યાંસુધી નવા કર્મોનો આસ્રવ રોકાતો નથી અને બંધ-હેતુઓનો અભાવ થતો નથી ત્યાં સુધી નિર્જરા થતી જ નથી. ઉક્ત નિર્જરાના બે ભેદ છે-એક 'પાકજા', બીજો 'અપાકજા'. આ બન્નેનું સ્વરૂપ આગલા પદ્યમાં આપ્યું છે. ૧.

## પાકજા-અપાકજા નિર્જરાનું સ્વરૂપ.

**प्रक्षयः पाकजातायां पक्वस्यैव प्रजायते ।**
**निर्जरायामपक्वायां पक्वापक्वस्य कर्मणः ॥ २ ॥**

---

૧ कृत्स्नकर्मविप्रमोक्षो मोक्षः । -त. सूत्र १०-२ ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



એક કર્મોના આસ્રવ-બંધ રોકવાની અને બીજી પૂર્વે બાંધેલા કર્મોને ક્ષયરૂપ-નિર્જરિત કરવાની. ૯.

## શુદ્ધાત્મતત્ત્વને ન જાણનારનું તપ કાર્યકારી નથી.

[1]बाह्यमाभ्यन्तरं द्वेधा प्रत्येकं कुर्वता तपः ।
नैनो निर्जीर्यते शुद्धमात्मतत्त्वमजानता ॥ १० ॥

**શબ્દાર્થ:**—જે ( शुद्धमात्मतत्त्वमजानता ) શુદ્ધ આત્મતત્ત્વને જાણતો નથી તેના દ્વારા (बाह्यमाभ्यन्तरं) બાહ્ય તથા અભ્યંતર (द्वेधा) બન્ને પ્રકારના (प्रत्यैकं तपः कुर्वता) તપમાંથી પ્રત્યેક પ્રકારના તપનું અનુષ્ઠાન કરવા છતાં પણ (एनः) કર્મ (न निर्जीर्यते) નિર્જરાને પામતું નથી.

**વ્યાખ્યા:**—મોક્ષશાસ્ત્રમાં 'तपसा निर्जरा च' આ સૂત્ર દ્વારા એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે તપથી નિર્જરા તથા સંવર બન્ને થાય છે. અહીં સુધી ખાસ મૌલિક વાત બીજી કહેવામાં આવી છે અને તે એ કે જ્યાંસુધી યોગી-તપસ્વી શુદ્ધ આત્મતત્ત્વને નથી જાણતો-ઓળખતો ત્યાંસુધી તેના બાહ્ય તથા અભ્યંતર બન્ને પ્રકારનાં તપમાંથી કોઈ પણ પ્રકારનું તપ કરવા છતાં કર્મોની નિર્જરા થતી નથી. સંવરના અધિકારમાં જે રીતે સંવરના અધિકારીને માટે આત્મતત્ત્વને જાણવા અને તેમાં સ્થિત થવાની વાત કહેવામાં આવી છે તેવી જ રીતે નિર્જરાના અધિકારી માટે પણ તે સમજવું જોઇએ. જે આત્માને જ નથી સમજતો તેનું બાહ્ય અભ્યંતર બન્ને પ્રકારનું તપ, જેમાં ધ્યાન પણ સામેલ છે, એક પ્રકારે નિરર્થક થાય છે-તેનાથી ન સંવર થાય છે અને ન નિર્જરા. તપશ્ચરણની સાથે આત્માને જાણવો તે શૂન્ય સાથે અંકની જેમ તેને સાર્થક બનાવે છે. તેથી કેવળ તપશ્ચરણના મોહમાં જ ગુંચવાઈ રહેવું ન જોઇએ, આત્માને જાણવા તથા ઓળખવાનો સૌથી પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ. ૧૦.

## કયા સંયમથી કોના દ્વારા કર્મની નિર્જરા થાય છે.

कर्म निर्जीर्यते पूतं विदधानेन संयमम् ।
आत्म-तत्त्व-निविष्टेन जिनागम-निवेदितम् ॥ ११ ॥

---

१. मु बाह्यमभ्यंतरं ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થ:—(आत्म-तत्त्व-निविष्टेन) આત્મતત્ત્વમાં સ્થિત જે યોગી (जिनागम निवेदितम्) જિનાગમ-કથિત (पूतं) પવિત્ર (संयमम्) સંયમનું (विद्धानेन) અનુષ્ઠાન કરે છે તેના દ્વારા (कर्मनिर्जीर्यते) કર્મની નિર્જરા થાય છે.

વ્યાખ્યા:—અહીં સંયમદ્વારા કર્મની નિર્જરાનું વર્ણન કરતાં તેનાં બે વિશેષણ આપવામાં આવ્યાં છે. એક તો 'पूत' જે પવિત્ર શુદ્ધ અર્થનું વાચક છે, બીજું છે 'जिनागमनिवेदितं' જેનો આશય છે જિનાગમ દ્વારા પ્રતિપાદિત. જિનાગમમાં સંયમના બે ભેદ કરવામાં આવ્યા છે-એક ઈન્દ્રિય સંયમ અને બીજો પ્રાણિસંયમ. સ્પર્શનાદિ ઇન્દ્રિયોની અશુભ પ્રવૃત્તિઓને રોકવી તે 'ઇન્દ્રિય સંયમ' છે અને પ્રાણધારી જીવો પ્રત્યે ઘાતક રૂપે પ્રવૃત્ત ન થવું તેનું નામ 'પ્રાણિસંયમ' છે. આ બન્નેય પ્રકારના સંયમ નિર્જરાના હેતુ છે. સંયમના અધિકારીનું અહીં એક જ વિશેષણ આપ્યું અને તે છે આત્મતત્ત્વમાં સ્થિત. જે આત્મતત્ત્વમાં સ્થિત નથી તે સંયમને પાત્ર નથી અને તેથી તેના દ્વારા સંયમ જનિત નિર્જરા થતી નથી. ૧૧.

### કયો યોગી કર્મરજને સ્વયં ઉડાવી દે છે?

अन्याचार-परावृत्तः स्वतत्त्व-चरणादृतः ।
संपूर्ण-संयमो योगी विधुनोति रजः स्वयम् ॥ १२ ॥

શબ્દાર્થ:—(योगी) જે યોગી (अन्याश्चार-परावृत्तः) અન્ય આચારથી વિમુખ થઇને (स्वतत्त्व चरणादृतः) સ્વરૂપાચરણમાં તત્પર છે અને (संपूर्ण-संयमो) પૂર્ણપણે સંયમનો પાલક છે તે (स्वयम्) સ્વયં (रजः) કર્મરજને (विधुनोति) છિન્ન-ભિન્ન કરી નાખે છે.

વ્યાખ્યા:—અહીં પૂર્ણપણે સંયમી યોગીની વાત લેવામાં આવી છે અને તે તે જ હોય છે જે સ્વરૂપાચરણથી ભિન્ન અન્યાચરણમાં રુચિ રાખતો નથી અને સ્વરૂપાચરણમાં સદા તત્પર રહે છે. એવો યોગી કોઇની સહાય વિના અથવા અપેક્ષા વિના સ્વયં કર્મમળને વિશેષપણે ઉડાડી નાખે છે. ૧૨.

### લોકાચારને અપનાવનાર યોગીનો સંયમ ક્ષીણ થાય છે.

हित्वा लोकोत्तराचारं लोकाचारमुपैति यः ।
संयमो हीयते तस्य निर्जरायां निबन्धनम् ॥ १३ ॥

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થ:—( यः ) જે યોગી (लोकोत्तराचारं हित्वा) લોકોત્તર આચારને છોડીને ( लोकाचारं उपैति ) લોકાચારને અપનાવે છે ( तस्य संयमः ) તેનો સંયમ, ( निर्जरायां निबन्धनम् ) કે જે નિર્જરાનું કારણ છે, ( ह्रियते ) ક્ષીણ થાય છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં જે સ્વરૂપાચરણનો ઉલ્લેખ છે તેજ અહીં 'લોકોત્તર આચાર' રૂપે વિવક્ષિત છે તેને છોડીને જે યોગી લોકાચારમાં-લૌકિક જનો જેવી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે તેનો સંયમ ક્ષીણ થઇ જાય છે, અને તેથી કર્મની નિર્જરા કરવામાં સમર્થ થતો નથી. ૧૩.

**અર્હદ્ વચનની શ્રદ્ધા ન કરનાર સુચરિત્રી પણ શુદ્ધિ પ્રાપ્ત કરતો નથી.**

**चारित्रं विदधानोऽपि पवित्रं यदि तत्त्वतः ।**
**श्रद्धत्ते नार्हतं वाक्यं न शुद्धिं श्रयते तदा ॥ १४ ॥**

શબ્દાર્થ:—( पवित्रं चारित्रं ) પવિત્ર ચારિત્રનું ( विदधानोऽपि ) પાલન કરવા છતાં પણ ( यदि ) જો ( યોગી ) ( तत्त्वतः ) વાસ્તવમાં ( आर्हतं वाक्यं ) અર્હંતના વચનોને ( न श्रद्धत्ते ) શ્રદ્ધતો નથી—તેને પોતાની ચર્યાનો આધાર બનાવતો નથી-( तदा ) તો તે ( शुद्धिं न श्रयते ) શુદ્ધિને પ્રાપ્ત થતો નથી.

વ્યાખ્યા:—જે પવિત્ર સંયમનો ૧૧ મા પદ્યમાં ઉલ્લેખ છે અને જેને ત્યાં "जिनागम-निवेदितं" વિશેષણ આપ્યું છે તેનો જ અહીં 'चारित्र' શબ્દથી ઉલ્લેખ કરતાં તેના તે વિશેષણનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જિનાગમને આર્હત્‌વાક્ય ( અર્હત્પ્રવચન ) કહ્યું છે અને એ ઘોષણા કરી છે કે જે યોગી અર્હંતના પ્રવચનની શ્રદ્ધા કરતો નથી-શ્રદ્ધાપૂર્વક જિનાગમ-કથિત સંયમનું પાલન નથી કરતો-તે વાસ્તવમાં પવિત્ર સંયમનું પાલન કરવા છતાં પણ શુદ્ધિને પ્રાપ્ત થતો નથી. તેથી અર્હત્પ્રતિપાદિત સંયમના અનુષ્ઠાનમાં શ્રદ્ધાની ખાસ જરૂર છે-શ્રદ્ધા વિનાનું ચારિત્ર સ્વયં શુદ્ધ હોવા છતાં પણ શુદ્ધિ-વિધાનમાં અસમર્થ છે, શ્રદ્ધા તેમાં શક્તિનો સંચાર કરે છે. ૧૪.

**જિનાગમને ન જાણતો સંયમી આંધળા સમાન.**

**विचित्रे चरणाचारे वर्तमानोऽपि संयतः ।**
**जिनागममजानानः सदृशो गतचक्षुषः ॥ १५ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થ**:—( **विचित्रे** ) વિવિધ પ્રકારના ( **चरणाचारे** ) ચારિત્રાચારમાં (**वर्तमानोऽपि** ) પ્રવર્તતો હોવા છતાં પણ ( **संयतः** ) જે સંયમી ( **जिनागममजानानः** ) જિનાગમને જાણતો નથી તે ( **गतचक्षुषः सदृशः** ) ચક્ષુહીન સમાન છે–તેનું તે આચરણ અંધના આચરણ સમાન છે.

**વ્યાખ્યા**:—અહીં તે યોગીના ચારિત્રને આંધળાના આચરણ સમાન બતાવ્યું છે જે જિનાગમને જાણતો નથી. એવી જ રીતે આગમ-શાસ્ત્રને લક્ષ્ય કરીને કોઇ નીતિકારે કહ્યું છેઃ—

**अनेक–संशयोच्छेदि परोक्षार्थस्य दर्शकम् ।**
**सर्वस्य लोचनं शास्त्रं यस्य नास्त्यन्ध एव सः ॥**

અનેક સંશયોનું ઉચ્છેદન કરનાર અને પરોક્ષ પદાર્થસમૂહને દેખાડનાર બધાનું લોચન ( નેત્ર ) શાસ્ત્ર છે, જે આ લોચનથી વિહીન છે તેજ આંધળો છે. ૧૫.

### કોનું કયું નેત્ર.

**[1]साधूनामागमश्चक्षुर्भूतानां चक्षुरिन्द्रियम् ।**
**देवानामवधिश्चक्षुर्निर्वृताः सर्व–चक्षुषः ॥ १६ ॥**

**શબ્દાર્થ**:—( **साधूनां चक्षुः** ) સાધુઓની આંખ ( **आगमः** ) આગમ શાસ્ત્ર છે. ( **भूतानां चक्षुः** ) સામાન્ય પ્રાણીઓની આંખ ( **इन्द्रियं** ) ઇન્દ્રિય છે, ( **देवानां चक्षुः** ) દેવોની આંખ ( **अवधिः** ) અવધિ દર્શન છે ( **च** ) અને ( **निर्वृताः** ) જે નિર્વૃત-છે મુક્તિ પામેલા છે–તેઓ ( **सर्व चक्षुः** ) સર્વચક્ષુ છે.

**વ્યાખ્યા**:—અહીં કોનું કયું નેત્ર, એનો નિર્દેષ કરતાં સાધુઓનાં નેત્ર આગમ, ભૂતોનાં–સર્વ પ્રાણીઓનાં–નેત્ર ઇન્દ્રિય, અને દેવોનાં નેત્ર અવધિદર્શન કહ્યાં છે. સાથે જ જે સંસારથી મુક્ત થઇ ગયા છે તેમને 'સર્વચક્ષુ'–સર્વ તરફથી જોનાર–કહ્યા છે. પ્રવચન-

---

૧. आगम चक्खू साहू इंदिय चक्खूणि सव्वभूदाणि ।
देवा य ओहिचक्खु खिद्धा पुण सव्वदो चक्खू ॥
— પ્રવચનસાર. ૩–૩૪.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## અજ્ઞાની-જ્ઞાનીના વિષય સેવનનું ફળ.

**अज्ञानी बध्यते यत्र सेव्यमानेऽक्षगोचरे ।**
**तत्रैव मुच्यते ज्ञानी पश्यताश्चर्यमीदृशम् ॥ १८ ॥**

**શબ્દાર્થ:**—( **सेव्यमानेऽक्षगोचरे** ) ઇન્દ્રિય વિષયનું સેવન કરતાં ( **यत्र** ) જ્યાં ( **अज्ञानी** ) અજ્ઞાની ( **बध्यते** ) કર્મબંધ ને પ્રાપ્ત થાય છે ( **तत्रैव** ) ત્યાં ( **ज्ञानी मुच्यते** ) જ્ઞાની કર્મબંધનથી છૂટે છે.-કર્મની નિર્જરા કરે છે-( **पश्यत आश्चर्यम् ईदृशम्** ) અહો ! આ આશ્ચર્યને જુઓ.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં સાધુ માટે '**ज्ञाततत्त्व**' હોવાની જે વાત કહેવામાં આવી છે તેના મહત્ત્વની આ પદ્યમાં આશ્ચર્ય સાથે એમ કહીને સૂચના કરવામાં આવી છે કે અજ્ઞાની જે કામ કરતાં કર્મ-બંધનથી બંધાય છે તે જ કામ કરતાં જ્ઞાની કર્મબંધનથી છૂટે છે-કર્મની નિર્જરા કરે છે. આમાં '**ज्ञायक**' અને '**वेदक**' ના ભેદની તે દૃષ્ટિ સમાયેલી છે જેનું વર્ણન ગ્રંથમાં અન્યત્ર[1] ( ચોથા અધિકારમાં ) કરવામાં આવ્યું છે.

## કર્મફળને ભોગવતાં કોને બંધ અને કોને નિર્જરા.

**शुभाशुभ-विकल्पेन कर्मायाति शुभाशुभम् ।**
**भुज्यमानेऽखिले द्रव्ये निर्विकल्पस्य निर्जरा ॥ १९ ॥**

**શબ્દાર્થ:**—( **शुभाशुभ-विकल्पेन** ) શુભ-અશુભ વિકલ્પ દ્વારા ( **शुभाशुभं कर्म** ) શુભ-અશુભ કર્મનું ( **आयाति** ) આગમન થાય છે. ( **भुज्यमानेऽखिले द्रव्ये** ) સંપૂર્ણ દ્રવ્ય સમૂહને ભોગવવા છતાં પણ ( **निर्विकल्पस्य** ) જે નિર્વિકલ્પ છે-રાગ-દ્વેષાદિ રૂપ કોઇ પ્રકારનો વિકલ્પ કરતો નથી-તેને ( **निर्जरा** ) નિર્જરા થાય છે.

અહીં પાછલા પદ્યને કાંઇક સ્પષ્ટ કરતાં એ બતાવ્યું છે કે જે કોઇ કર્મ કરતાં અથવા ભોગવતાં શુભ-અશુભનો વિકલ્પ કરવામાં આવે છે-તેને સારું કે ખરાબ માનવામાં

---

૧. **ज्ञानिना सकलं द्रव्यं ज्ञायते वेद्यते न च ।**
**अज्ञानिना पुनः सर्वं वेद्यते ज्ञायते न च ॥ २३ ॥**
**यथा वस्तुपरिज्ञानं ज्ञानं ज्ञानिभिरुच्यते ।**
**राग-द्वेष-मद क्रोधैः सहितं वेदनं पुनः ॥ २४ ॥** —બંધાધિકાર.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


( **हिमच्छिदे** ) શીતનો નાશ કરવા માટે ( **अग्निं विमुच्य** ) અગ્નિને છોડીને ( **हिमं** ) હિમનું-બરફનું ( **भजन्ति** ) સેવન કરે છે.

વ્યાખ્યાઃ—અહીં મુક્તિ માટે અકિંચનભાવ અથવા નિઃસંગતાની સાધનામાં પરની ઉપાસનાને પણ બાધક બતાવતાં એમ પ્રતિપાદન કર્યું છે કે પોતાના શુદ્ધ નિર્મળ આત્માને છોડી જે પરની ઉપાસના કરે છે તે મૂઢ ઠંડીનો વિનાશ કરવા માટે અગ્નિને છોડી શીતકારી પદાર્થોનું જ સેવન કરે છે. ૨૧.

## સ્વદેહસ્થ પરમાત્માને છોડી અન્યત્ર દેવોપાસકની સ્થિતિ.

**योऽन्यत्र वीक्षते देवं देहस्थे परमात्मनि ।**
**सोऽन्ने सिद्धे गृहे शङ्के भिक्षां भ्रमति मूढधीः ॥ २२ ॥**

શબ્દાર્થઃ—( **देहस्थे परमात्मनि** ) પરમાત્મદેવ ( **स्वः** ) દેહમાં સ્થિત હોવા છતા પણ ( **यः** ) જે ( **देवं** ) દેવને ( **अन्यत्र** ) બીજે ( **वीक्षते** ) ગોતે છે, ( **शङ्के** ) હું માનું છું કે, ( **समूढधीः** ) તે મૂઢબુદ્ધ ( **गृहे सिद्धे अन्ने** ) ઘરમા ભોજન તૈયાર હોવા છતા પણ ( **भिक्षां भ्रमति** ) ભિક્ષા માટે ભટકે છે.

વ્યાખ્યાઃ—અહીં પોતાના દેહમાં પરમાત્માની ઉપાસનાને પ્રધાનતા દેતાં લખ્યું છે કે જે દેહસ્થ પરમાત્માને છોડીને બીજે તેની ઉપાસના કરે છે તે એવા મૂઢબુદ્ધિ સમાન છે કે જે ઘરમાં ભોજન તૈયાર હોવા છતાં પણ, તે નહિ હોવાની આશંકા કરીને, ભિક્ષાને માટે બહારમાં ભટકે છે. ૨૨

## કોણ કર્મરૂપી રજ્જુઓથી બંધાય છે અને કોણ છૂટે છે?

**कषायोदयतो जीवो बध्यते कर्मरज्जुभिः ।**
**शान्त-क्षीणकषायस्य त्रुटयन्तिरभसेन ताः ॥ २३ ॥**

શબ્દાર્થઃ—( **कषायोदयतो** ) કષાયના ઉદયથી ( **जीवो** ) આ જીવ ( **कर्मरज्जूभिः** ) કર્મરજ્જુરૂપ બંધનોથી ( **दध्यते** ) બંધાય છે, ( **शान्त-क्षीणकषायस्य** ) જેના કષાય શાન્ત કે ક્ષીણ થઇ જાય છે તેના ( **ताः** ) તે રજ્જુ-બંધન ( **रभसेन** ) શીઘ્ર ( **त्रुटयन्ति** ) તૂટી જાય છે.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



વ્યાખ્યાઃ—જે કષાયોના ઉદયથી આ જીવ કર્મબંધનોથી બંધાય છે તે બધાં કર્મોનાં બંધન કષાયો શાન્ત તથા ક્ષીણ થઈ જતાં શીઘ્ર જ સ્વયં તૂટી જાય છે. અને આ રીતે તેમની નિર્જરા થઇ જાય છે. ૨૩.

## પ્રમાદી સર્વત્ર પાપોથી બંધાય છે અને અપ્રમાદી છૂટે છે.

**सर्वत्र प्राप्यते पापैः प्रमाद–निलयीकृतः ।**
**प्रमाद–दोष–निर्मुक्तः सर्वत्रापि हि मुच्यते ॥ २४ ॥**

શબ્દાર્થઃ—( प्रमाद निलयीकृतः ) જેણે પ્રમાદનો આશ્રય લીધો છે-જે સદા પ્રમાદથી ઘેરાયેલો પ્રમાદી બનેલો છે-તે ( सर्वत्र पापैः ) સર્વત્ર પાપોથી-પાપ કર્મોથી-( प्राप्यते ) ગ્રહીત થાય છે અથવા બંધાયા કરે છે. ( प्रमाद-दोष निर्मुक्तः ) અને જે પ્રમાદના દોષથીરહિત નિષ્પ્રમાદી છે તે ( सर्वत्रापि ) બધી જગ્યાએ ( मुच्यते हि ) પાપોથી મુક્ત થયા કરે છે-નવા પાપકર્મોના બંધાવાની તો વાત જ દૂર છે.

વ્યાખ્યાઃ—અહીં પ્રમાદનાદોષથી નિર્મુક્તને નિર્જરાનો અધિકારી બતાવતાં લખ્યું છે કે 'જે પ્રમાદનો આશ્રય લીધા કરે છે તે ગમે ત્યાં હોય પણ પાપોથી બંધાય છે અને જે પ્રમાદથી નિર્મુક્ત છે તે ક્યાંય પણ હોય પાપોથી મુક્તિ મેળવે છે.-તેની સાથે નવા કર્મ બંધાતા નથી અને જુના બંધાયેલા કર્મોની નિર્જરા થઇ જાય છે. ૨૪.

## સ્વનિર્મળ તીર્થને છોડીને અન્યને ભજનારાઓની સ્થિતિ.

**स्वतीर्थममलं हित्वा शुद्धयेऽन्यद् भजन्ति ये ।**
**ते मन्ये मलिनाः स्नान्ति सरः संत्यज्य पल्वले ॥ २५ ॥**

શબ્દાર્થઃ—( स्वं अमलं तीर्थं हित्वा ) પોતાના નિર્મળ આત્મતીર્થને છોડીને ( ये ) જેઓ ( शुद्धये ) શુદ્ધિ માટે ( अन्यद् भजन्ति ) અન્ય તીર્થને ભજે છે, ( मन्ये ) હું માનું છું, ( ते मलिनाः ) તે મલિન પ્રાણી ( सरः ) સરોવરને ( संत्यज्य ) છોડીને ( पल्वले ) ખાબોચીયામાં ( स्नान्ति ) સ્નાન કરે છે.

વ્યાખ્યાઃ—૨૩મા પદ્યમાં પરમાત્મા દેહસ્થ હોવાની વાત કહેવામાં આવી છે અને તે પરમાત્માને છોડીને અન્યત્ર દેવની શોધ કરવામાં કાંઇક આપત્તિ બતાવવામાં આવી છે,

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## સુખ-દુઃખમાં અનુબંધનું ફળ.

**अनुबन्धः सुखे दुःखे न कार्यो निर्जरार्थिभिः ।**
**आर्तं तदनुबन्धेन जायते भूरिकर्मदम् ॥ २७ ॥**

**શબ્દાર્થઃ**—( निर्जरार्थिभिः ) જે નિર્જરાના અર્થી-અભિલાષી છે તેમણે ( सुखे दुःखे ) સુખમાં તથા દુઃખમાં ( अनुबन्धः ) અનુબંધ-અનુવર્તનરૂપ સંબંધ-( न कार्यः ) ન કરવો જોઈએ;-કારણકે-( तदनुबन्धेन ) તે અનુબંધથી ( आर्तं ) આર્તધ્યાન ( जायते ) ઉત્પન્ન થાય છે, ( भूरिकर्मदम् ) જે ઘણા કર્મોનું દાતા છે.

**વ્યાખ્યાઃ**—જે કર્મોની નિર્જરાના ઇચ્છુક છે તેમને આચાર્ય મહોદયે અહીં એક ખૂબ જ સુંદર અને હિતકારી ઉપદેશ આપ્યો છે અને તે એ કે પરીષહો ઉપસ્થિત થતાં તેમને જે દુઃખ થાય છે અને પરીષહોના અભાવમાં જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખ-દુઃખ બન્ને સાથે પોતાને બાંધવા ન જોઇએ-સુખી દુઃખી ન થવું જોઇએ, કેમ કે સુખી-દુખી થવાથી આર્તધ્યાન થાય છે, જે ઘણા વધારે કર્મબંધનું કારણ થાય છે અને તેનાથી નિર્જરાનું લક્ષ્ય નષ્ટ થઈ જાય છે. પાછલા એક પદ્ય ( ૬ ) માં કહ્યું પણ છે કે જો સરોવરમાં નવા જળનો પ્રવેશ થઈ રહ્યો હોય તો સરોવરની રિક્તતા ( ખાલીપણું ) કેવી? તેથી નવા કર્મબંધને પ્રાપ્ત ન થાય અને જુના કર્મોનો વિચ્છેદ થઈ જાય ત્યારે નિર્જરાની સાર્થકતા છે. તે માટે ઉદયને પ્રાપ્ત થયેલ કર્મોમાં રાગદ્વેષ ન કરતાં સમતા ભાવ રાખવાની ખૂબ જરૂર છે. ૨૭.

## આત્મશુદ્ધિનુ સાધન આત્મજ્ઞાન, અન્ય નહિ.

**आत्मावबोधतो नूनमात्मा शुद्धयति नान्यतः ।**
**अन्यतः शुद्धिमिच्छन्तो विपरीतदृशोऽखिलाः ॥ २८ ॥**

**શબ્દાર્થઃ**—( नूनम् ) નિશ્ચયથી ( आत्मा ) આત્મા ( आत्मावबोधतो ) આત્મજ્ઞાનથી ( शुद्धयति ) શુદ્ધ થાય છે, ( न अन्यतः ) અન્યથી નહિ. ( अन्यतः शुद्धिम् इच्छन्तो ) જે જે અન્ય પદાર્થથી શુદ્ધિ ચાહે છે તે ( अखिलाः ) બધા ( विपरीतदृशः ) વિપરીતબુદ્ધિ અથવા મિથ્યાદષ્ટિ છે.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



વ્યાખ્યા:—જે સ્વાત્માને જાણવા માટે ૨૬ મા પદ્યમાં પરીષહો સહન કરવાની વાત કહેવામાં આવી છે તેના પરિજ્ઞાનથી જ આત્મામાં ઉત્તરોત્તર શુદ્ધિની પ્રાપ્તિ થાય છે. જે લોકો કોઇ બીજા ઉપાયથી આત્માની શુદ્ધિ માને છે અથવા કરવા ચાહે છે તેમને અહીં વિપરીત દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. આથી આત્મશુદ્ધિ માટે આત્મજ્ઞાન હોવું પરમાવશ્યક છે, અન્ય બધાં તો સહાયક અથવા નિમિત્ત કારણ હોઇ શકે છે. ૨૮.

## પરદ્રવ્યથી આત્મા સ્પૃષ્ટ તથા શુદ્ધ નથી થતો.

**स्पृश्यते शोध्यते नात्मा मलिनेनामलेन वा ।**
**पर–द्रव्य–बहिर्भूतः परद्रव्येण सर्वथा ॥ २९ ॥**

શબ્દાર્થ:—(आत्मा) આત્મા જે (पर–द्रव्य–बहिर्भूतः सर्वथा) પરદ્રવ્યથી સર્વથા બાહ્યભૂત છે તે (परद्रव्येण) પરદ્રવ્ય દ્વારા, (मलिनेन अमलेन वा) ચાહે તે સમળ હોય કે નિર્મળ, (न स्पृश्यते शोध्यते) કોઈ રીતે સ્પૃષ્ટ તથા શુદ્ધ કરાતો નથી.

વ્યાખ્યા:—આ પદ્યમાં આત્માની શુદ્ધિના સિદ્ધાંત નો નિર્દેશ કરતાં એ બતાવ્યું છે કે આત્મા પરદ્રવ્યોથી બહિર્ભૂત છે-કોઇ પણ પરદ્રવ્યનો તેની સાથે તાદાત્મ્ય-સંબંધ નથી. આવી સ્થિતિમાં કોઇ પણ પરદ્રવ્યથી, ચાહે તે નિર્મળ હોય કે મલિન, જ્યારે આત્મા સર્વદા સ્પર્શિત નથી થતો ત્યારે તેના દ્વારા શુદ્ધ કેવી રીતે થઇ શકે ? થઈ શકે નહિ. આ રીતે આત્માની શુદ્ધિમાં સ્વાત્મજ્ઞાન સિવાય બીજા બધા ઉપાયોને વાસ્તવમાં અસમર્થ બતાવ્યા છે. ૨૮

## સ્વાત્મરૂપની ભાવનાનું ફળ પરદ્રવ્યનો ત્યાગ.

**स्वरूपमात्मनो भाव्यं परद्रव्य–जिहासया ।**
**न जहाति परद्रव्यमात्मरूपाभिभावकः ॥ ३० ॥**

શબ્દાર્થ:—(परद्रव्य–जिहासया) પરદ્રવ્યના ત્યાગની ઇચ્છાથી (आत्मनः स्वरूपं) આત્મસ્વરૂપ ની (भाव्यं) ભાવના કરવી જોઇએ. જે (परद्रव्यं न जहाति) પરદ્રવ્યને છોડતો નથી ને (आत्मरूपाभिभावकः) આત્મસ્વરૂપનો અભિભાવક-અનાદર કરનાર છે.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થઃ**—( **स्व-तत्त्वरक्तये** ) સ્વતત્ત્વમાં અનુચિત, ( **परद्रव्य-विरक्तये** ) પરદ્રવ્યો-થી વિરક્તિ, અને ( **समस्त मलशुद्धये** ) સમસ્ત કર્મમળની શુદ્ધિ માટે ( **जगतः स्वभावः भाव्यः** ) જગતના સ્વભાવની ભાવના કરવા યોગ્ય છે.

**વ્યાખ્યાઃ**—અહીં જગતના સ્વભાવની સદા ભાવના કરવાનો ઉપદેશ આપ્યો છે અને તેના ત્રણ ઉદ્દેશ્ય બતાવ્યા છે-એક સ્વાત્મદ્રવ્યમાં રતિ, બીજું પર-દ્રવ્યથી વિરક્તિ અને ત્રીજું સમસ્ત કર્મમળથી આત્માની શુદ્ધિ. સમસ્ત કર્મમળમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ત્રણ પ્રકારના કર્મમળ આવે છે. જગત છ દ્રવ્યોથી બનેલું છે-જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. આ છયેના યથાર્થ સ્વરૂપના ચિંતનમાં જગતના સ્વભાવની બધી ભાવના આવી જાય છે. ગ્રંથના પ્રથમ આદિ અધિકારોમાં એમનું કેટલુંય વર્ણન આવી ગયું છે. ૩૨.

## એક આશ્ચર્યની વાત.

**यत् पञ्चाभ्यन्तरैः पापैः सेव्यमानः प्रबध्यते ।**
**न तु पञ्चबहिर्भूतैराश्चर्यं[1] किमतः परम् ॥ ३३ ॥**

**શબ્દાર્થઃ**—( **यत्** ) જે જીવ ( **अभ्यन्तरैः** ) અંતરંગમાં સ્થિત ( **पञ्च पापैः** ) પાંચ પાપોથી ( **सेव्यमानः** ) સેવ્યમાન છે ( **प्रबध्यते** ) તો તે બંધને પ્રાપ્ત થાય છે ( **तु** ) પરંતુ ( **पञ्चबहिर्भूतैः न** ) જે બહિર્ભૂત પાંચે પાપોથી સેવ્યમાન નથી તે બંધને પ્રાપ્ત થતો નથી ( **अतः** ) આનાથી ( **परम् आश्चर्यं** ) મોટા આશ્ચર્યની વાત ( **किम्** ) બીજી કઈ હોય ?

**વ્યાખ્યાઃ**—અંતરંગ સેનાના અંગરક્ષક જવાનોની સેવાને પ્રાપ્ત અને સુરક્ષિત થયેલ રાજા શત્રુથી બંધાતો નથી, પરંતુ જ્યારે તે અંગરક્ષકો તેની સેવામાં નથી હોતા અને રાજા એકલો રહી જાય છે ત્યારે તેને શત્રુ બાંધી લે છે. અહીં આ લોક-સ્થિતિથી વિપરીત એમ બતાવ્યું છે કે જે જીવ અંતરંગમાં સ્થિત પાંચ પાપરૂપી અંગરક્ષકોથી સેવા પામેલ છે તે તો કર્મશત્રુથી બંધાય છે પરંતુ જેને ઉક્ત પાંચ સેવક બહિર્ભૂત થઈ જાય છે-તેની સેવામાં રહેતા નથી-અને તે એકલો પડી જાય છે તેને કર્મશત્રુ બાંધવામાં અસમર્થ છે. લોક-વ્યવહાર અને પ્રત્યક્ષની વિરુદ્ધ હોવાથી આમાં ભારે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે અને તેના દ્વારા એમ સૂચિત કરવામાં આવ્યું છે કે જે પાપોને તમે

---

૧. मु पंचबहिर्भूतमाश्चर्यम् ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



પોતાની સંગી-સાથી અને રક્ષક સમજો છો તે બધાં વાસ્તવમાં તમારા બંધનાં કારણ છે, તેમનો સાથ છોડયે જ તમે બંધને પ્રાપ્ત નહિ થાવ. અજ્ઞાની પ્રાણી સમજે છે કે હું હિંસા કરીને, જુઠું બોલીને, ચોરી કરીને, વિષય સેવન કરીને અને પરિગ્રહ વધારીને આત્મસેવા કરૂં છું-પોતાની રક્ષા કરૂં છું, એ બધી ભૂલ છે; આ પાંચે પાપોથી, કે જે વાસ્તવમાં સેવક-સંરક્ષક ન હોતાં અંતરંગ શત્રુ છે, કર્મોનું બંધન દૃઢ થાય છે, તેથી જે કર્મોનાં બંધનથી બંધાવા ઇચ્છતા નથી તેમણે પોતાના હૃદયમાંથી આ પાંચે પાપો કાઢીને બહાર ફેંકી દેવા જોઇએ, ત્યારે જ અબંધપણું અને પોતાની રક્ષા બની શકશે. ૩૩.

### જ્ઞાનની આરાધના જ્ઞાન, અજ્ઞાનની આરાધના અજ્ઞાન આપે છે.

[1]ज्ञानस्य ज्ञानमज्ञानमज्ञानस्य प्रयच्छति ।
आराधना कृता यस्माद् विद्यमानं प्रदीयते ॥ ३४ ॥

શબ્દાર્થઃ—(ज्ञानस्य आराधना कृता) જ્ઞાનની આરાધના (ज्ञानं) જ્ઞાન (अज्ञानस्य अज्ञानं) અજ્ઞાનની આરાધના અજ્ઞાન (प्रयच्छति) પ્રદાન કરે છે; (यस्माद्) કારણકે (विद्यमानं प्रदीयते) જેની પાસે જે વસ્તુ વિદ્યમાન છે. તે જ અપાય છે.

વ્યાખ્યાઃ—જેની પાસે જે વસ્તુ વિદ્યમાન હોય તે જ તે આપી શકે છે, એ એક સિદ્ધાંતની વાત છે. જ્ઞાન પાસે જ્ઞાન સિવાય અને અજ્ઞાન પાસે અજ્ઞાન સિવાય બીજી કોઇ વસ્તુ નથી તેથી જ્ઞાનની આરાધના કરતાં જ્ઞાન અને અજ્ઞાનની આરાધના કરતાં અજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૩૪.

### જ્ઞાનની ઓળખાણ થતાં જ્ઞાનીની ઓળખાણ થઇ જાય છે.

न ज्ञान-ज्ञानिनोर्भेदो विधृते सर्वथा यतः ।
ज्ञाने ज्ञाते ततो ज्ञानी ज्ञातो भवति तत्वतः ॥ ३५ ॥ ४૩૨

१. अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रयः ।
ददाति यत्तु यस्यास्ति सुप्रसिद्धमिदं वचः ॥ २३ ॥ —ઇષ્ટોપદેશ-પૂજ્યપાદ.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થ:—( यतः ) કારણ કે ( ज्ञान-ज्ञानिः भेदः सर्वथा न विद्यते ) જ્ઞાન અને જ્ઞાનીમાં સર્વથા ભેદ વિદ્યમાન નથી ( ततः ) તેથી ( ज्ञाते ज्ञाने ) જ્ઞાનને જાણતાં ( तत्त्वतः ) વાસ્તવમાં ( ज्ञानी ज्ञातः भवति ) જ્ઞાની જણાઇ જાય છે.

વ્યાખ્યા:—જ્ઞાન અને જ્ઞાની એક બીજાથી સર્વથા ભિન્ન નથી. જ્ઞાન ગુણ છે, જ્ઞાની ગુણી છે, ગુણ-ગુણીમાં સર્વથા ભેદ હોતો નથી; બન્નેનો તાદાત્મ્ય સંબંધ હોય છે અને તેથી વાસ્તવમાં જ્ઞાન જણાતાં જ્ઞાની ( આત્મા )નું હોવું જણાઇ જાય છે. અહીં સર્વથા ભેદ ન હોવાથી જે વાત કહેવામાં આવી છે તે એ વાતનું સૂચન કરે છે કે બન્નેમાં કથંચિત્ ભેદ છે, કે જે સંજ્ઞા (નામ), સંખ્યા, લક્ષણ તથા પ્રયોજન આદિના ભેદની દૃષ્ટિએ રહ્યા કરે છે, કે જે સ્વામી સમંતભદ્રના નીચેના વચનથી પ્રગટ છે:—

संज्ञा–संख्या–विशेषाच्च स्वलक्षण–विशेषतः ।
प्रयोजनादि–भेदाच्च तन्नानात्वं न सर्वथा ॥—દેવાગમ ૭૨. ૩૬

## જ્ઞાનાનુભવ રહિતને અર્થજ્ઞાન થતું નથી.

**ज्ञानं स्वात्मनि सर्वेण प्रत्यक्षमनुभूयते ।**
**ज्ञानानुभवहीनस्य नार्थज्ञानं प्रसिद्धयति ॥ ३६ ॥**

શબ્દાર્થ:—( सर्वेण ) સર્વ ( स्वात्मनि ) પોતાના આત્મામાં ( ज्ञानं प्रत्यक्षं ) જ્ઞાનનો પ્રત્યક્ષ ( अनुभूयते ) અનુભવ કરે છે. ( ज्ञानानुभवहीनस्य ) જે જ્ઞાનના અનુભવથી રહિત છે તેને ( अर्थज्ञानं ) પદાર્થનું જ્ઞાન ( प्रसिद्धयति ) સિદ્ધ થતું નથી.

વ્યાખ્યા—બધાં પ્રાણી કોઇ પણ ઇન્દ્રિયદ્વારા પોતાના આત્મામાં જ્ઞાનનો અનુભવ કરે છે, એ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેને પોતામાં કાંઈ પણ જ્ઞાનનો અનુભવ થતો નથી તેને કોઈ પણ પદાર્થનું કોઈ જ્ઞાન થતું નથી. લજામણીનો છોડ જ્યારે સ્પર્શન ઇન્દ્રિય દ્વારા એવો અનુભવ કરે છે કે તેને કોઇ અડયું-તેના ઉપર કોઈ આપત્તિ આવી-તો તે પોતાને સંકોચી લે છે અથવા મૃતરૂપે દેખાડે છે, તેથી તેને સ્પર્શ-વિષયક અર્થજ્ઞાનનું હોવું પ્રાપ્ત થાય છે. અને તેથી તેમાં જ્ઞાનગુણ ધારક જ્ઞાનીનું અસ્તિત્વ સિદ્ધ થાય છે-ભલે તે જ્ઞાન ગમે તેટલી થોડી માત્રામાં વિકસિત હોય. ૩૬.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



જે પરોક્ષ જ્ઞાનથી વિષયની પ્રતીતિ થાય તેનાથી જ્ઞાનીની પ્રતીતિ કેમ ન થાય?

प्रतीयते परोक्षेण ज्ञानेन विषयो यदि ।
सोऽनेन परकीयेण तदा किं न प्रतीयते ॥ ३७ ॥

શબ્દાર્થ:—(यदि) જો (परोक्षेण ज्ञानेन) પરોક્ષજ્ઞાન દ્વારા (विषयः) વિષયની (प्रतीयते) પ્રતીતિ થાય છે (तदा) તો (अनेन परकीयेण) આ પરકીય (પરોક્ષ) જ્ઞાન દ્વારા (सः किं न प्रतीयते) જ્ઞાની આત્માની પ્રતીતિ કેમ ન થાય?

વ્યાખ્યા:—મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યય અને કેવળ આ પાંચ સમ્યગ્જ્ઞાનોમાં આદિના બે જ્ઞાન પરોક્ષ જ્ઞાન કહેવાય છે. આ પરોક્ષ જ્ઞાનોથી જો ઇન્દ્રિયોનો વિષય-સમૂહ પ્રતીતિગોચર થાય છે તો આત્મા જે જ્ઞાનનો વિષય જ્ઞેય છે તે આ પરોક્ષ જ્ઞાન દ્વારા કેમ પ્રતીતિગોચર ન થવો જોઈએ? થવો જ જોઈએ. જ્ઞેય હોવાથી તે પણ જ્ઞાન અથવા જ્ઞાનીનો વિષય છે-ભલે પરોક્ષ રૂપે કેમ ન હોય. ૩૭.

જેનાથી પદાર્થ જણાય તેનાથી જ્ઞાની ન જણાય, એ કેવી રીતે?

येनार्थो ज्ञायते तेन ज्ञानी न ज्ञायते कथम् ।
उद्योतो दृश्यते येन दीपस्तेन तरां न किम् ॥ ३८ ॥

વ્યાખ્યા:—(येन) જેના દ્વારા (अर्थः ज्ञायते) પદાર્થ જણાય છે (तेन) તેના દ્વારા (ज्ञानी) જ્ઞાની (જ્ઞાતા) (कथं न ज्ञायते) કેમ ન જણાય? (येन) જેના દ્વારા (उद्योतः दृश्यते) ઉદ્યોત (પ્રકાશ) દેખાય છે (तेन) તેના દ્વારા (दीपः तरां न किम्) શું દીપક નથી દેખાતો?-દેખાય જ છે.

શબ્દાર્થ:—પાછલા પદ્યના વિષયને અહીં દીપક અને તેના પ્રકાશદર્શનના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે. જેવી રીતે દીપકના પ્રકાશને દેખનાર દીપકને પણ દેખે છે તેવી જ રીતે જે જ્ઞેયરૂપ પદાર્થને જાણે તે તેના જ્ઞાયક અથવા જ્ઞાનીને પણ જાણે છે, ન જાણવાની વાત કેવી? ૩૮.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



વેદ્યને જાણે અને વેદકને ન જાણે તે આશ્ચર્યકારી છે.

विदन्ति दुर्धियो वेद्यं वेदकं न विदन्ति किम् ।
द्योत्यं पश्यन्ति न द्योतमाश्चर्यं बत कीदृशम् ॥ ३९ ॥

શબ્દાર્થઃ—( दुर्धियः ) દુર્બુદ્ધિ ( वेद्यं ) વેદ્યને તો ( विदन्ति ) જાણે છે ( वेदकं ) વેદકને ( किं न विदन्ति ) કેમ નથી જાણતો? ( द्योत्यं पश्यन्ति ) પ્રકાશ્યને તો દેખે છે ( न द्योतम् ) પરંતુ પ્રકાશકને દેખતા નથી ( बत कीदृशं आश्चर्यम् ) એ કેવું આશ્ચર્ય છે?

વ્યાખ્યાઃ—નિઃસંદેહ જ્ઞેયને જાણવું અને જ્ઞાયકને-જ્ઞાન કે જ્ઞાનીને-ન જાણવું એ એક આશ્ચર્યની વાત છે, જેવી રીતે કે પ્રકાશથી પ્રકાશિત વસ્તુ ને તો દેખવી પરંતુ પ્રકાશને ન દેખવો. આવા જ્ઞાયક-વિષયમાં અજ્ઞાનીઓને અહીં દુર્બુદ્ધિ-વિકાર ગ્રસિત બુદ્ધિવાળા-કહ્યા છે. પાછલા પદ્યમાં દીપક અને તેના પ્રકાશની વાત લઈને વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે, અહીં ઉદ્યોત અને તેના દ્વારા પ્રકાશિત પદાર્થ-ની વાત લઇને તેજ વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે, દ્યોતક, દ્યોત અને દ્યોત્યનો જેવો સંબંધ છે તેવો જ સંબંધ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો છે. એકને જાણવાથી બીજું જાણવામાં આવે છે. જેને એકને જાણતાં બીજાનો બોધ થતો નથી તેજ ખરેખર દુર્બુદ્ધિ છે. ૩૯.

જ્ઞેયના લક્ષ્યથી આત્માના શુદ્ધ રૂપને જાણીને ધ્યાવવાનું ફળ.

ज्ञेय-लक्ष्येणविज्ञाय स्वरूपं परमात्मनः ।
व्यावृत्त्य लक्ष्यतः शुद्धं ध्यायतो हानिरंहसाम् ॥ ४० ॥

શબ્દાર્થઃ—( ज्ञेय-लक्ष्येण ) જ્ઞેયના લક્ષ્યદ્વારા ( परमात्मनः स्वरूपं विज्ञाय ) આત્માના પરમ સ્વરૂપને જાણીને અને ( लक्ष्यतः ) લક્ષ્યરૂપથી ( व्यावृत्त्य ) વ્યાવૃત્ત થઇને ( शुद्धं ध्यायतः ) શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરનારને ( अंहसाम् हानिः ) કર્મોનો નાશ થાય છે.

વ્યાખ્યાઃ—જે લોકો જ્ઞેયને જાણવામાં પ્રવૃત્ત હોવા છતાં પણ જ્ઞાયકને જાણવામાં પોતાને અસમર્થ બતાવે છે તેમને અહીં જ્ઞેયના લક્ષ્યથી આત્માના ઉત્કૃષ્ટ સ્વરૂપને જાણવાની વાત કહેવામાં આવી છે અને સાથો સાથ એમ સમજાવવામાં આવ્યું છે કે આ રીતે

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શુદ્ધ સ્વરૂપ સામે આવતાં જ્ઞેયનું લક્ષ્ય છોડીને પોતાના તે શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરો, એનાથી કર્મોની નિર્જરા થાય છે. ૪૦.

### પૂર્વકથનનું ઉદાહરણ દ્વારા સ્પષ્ટીકરણ.

[2]चट्टुकेन यथा भोज्यं गृहीत्वा स विमुच्यते ।
गोचरेण तथात्मानं विज्ञाय स विमुच्यते ॥ ४१ ॥

**શબ્દાર્થ**:—( यथा ) જેવી રીતે ( चट्टुकेन ) કડછી-ચમચાથી ( भोज्यं गृहीत्वा ) ભોજન ગ્રહણ કરીને ( स विमुच्यते ) તેને છોડી દેવામાં આવે છે ( तथा ) તેવી રીતે ( गोचरेण ) ગોચર-જ્ઞેયલક્ષ્ય-દ્વારા ( आत्मानं विज्ञाय ) આત્માને જાણીને ( स विमुच्यते ) તેને છોડી દેવામાં આવે છે.

**વ્યાખ્યા**:—અહીં કડછી-ચમચાના ઉદાહરણ દ્વારા પૂર્વ પદ્યમાં વર્ણિત વિષયને સ્પષ્ટ કરવામાં આવેલ છે. કડછી-ચમચાનો ઉપયોગ જેવી રીતે ભોજનના ગ્રહણમાં કરવામાં આવે છે તેવી જ રીતે આત્માને જાણવામાં જ્ઞેયના લક્ષ્યનો ઉપયોગ કરવામાં આવે છે. આત્માનું ગ્રહણ ( જાણવું ) થઈ જતાં જ્ઞેયનું લક્ષ્ય છોડી દેવામાં આવે છે, અને પોતાના ગ્રહીત સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે. ૪૧.

### આત્મોપલબ્ધિમાં જ્ઞાનીઓની સુખ-સ્થિતિ.

उपलब्धे यथाहारे दोषहीने सुखासिकः ।
आत्मतत्त्वे तथा क्षिप्रमित्यहो ज्ञानिनां रतिः ॥ ४२ ॥

**શબ્દાર્થ**:—( यथा ) જેમ ( दोषहीने आहारे ) દોષરહિત આહાર ( उपलब्धे ) પ્રાપ્ત થતાં ( सुखासिकः ) સુખ મળે છે ( तथा ) તેમ ( आत्मतत्त्वे ) આત્મતત્ત્વ પ્રાપ્ત થતાં ( क्षिप्रं ) શીઘ્ર સુખ મળે છે, ( अहो ज्ञानिनां रतिः ) એ જ્ઞાનીઓની આત્મતત્ત્વમાં કેવી રતિ છે!

---

૨. दीपहस्तो यथा कश्चित्किंचिदालोक्य तं त्यजेत ।
ज्ञानेन ज्ञेयमालोक्य पश्चात्तं ज्ञानमुत्सृजेत ॥ —યશસ્તિલક.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



ઘન કહેવાય છે. આ વિશોધિત શુદ્ધ સુવર્ણની જેમ સાતિશય શુદ્ધ જ્ઞાન હોય છે અને એ વિશોધિત થયેલું અજ્ઞાન વિશોધિત શુદ્ધ લોઢા સમાન વિશુદ્ધ અજ્ઞાન હોય છે. ૪૪.

## નિર્મળ ચેતનમાં મોહ દેખાવાનો હેતુ.

प्रतिबिम्बं यथादर्शे दृश्यते परसंगतः ।
चेतने निर्मले मोहस्तथा[१] कल्मषसंगतः ॥ ४५ ॥

શબ્દાર્થઃ—( यथा ) જેમ ( आदर्शे ) નિર્મળ દર્પણમાં ( परसंगतः ) પરના સંયોગથી ( प्रतिबिम्बं दृश्यते ) પ્રતિબિંબ દેખાય છે ( तथा ) તેવી રીતે ( निर्मले चेतने ) નિર્મળ ચેતનમાં ( कल्मषसंगतः ) કર્મના સંબંધથી ( मोहः ) મોહ દેખાય છે.

વ્યાખ્યાઃ—નિર્મલ દર્પણમાં જે પ્રતિબિંબ દેખાય છે તેનું કારણ તે પરદ્રવ્યનો સંબંધ છે જે લેપાદિ રૂપે પાછલા ભાગ ઉપર લગાડવામાં આવે છે. નિર્મળ આત્મામાં પણ જે મોહ દેખાય છે. તેનું કારણ કષાયાદિરૂપ દ્રવ્યકર્મનો સંબંધ છે. જો દ્રવ્યકર્મનો સંબંધ ન હોય તો ભાવમોહનું દર્શન થઇ શકતું નથી. ૪૫.

## શુદ્ધિ માટે જ્ઞાનારાધનમાં બુદ્ધ લગાડવાની પ્રેરણા.

धर्मेण वासितो जीवो धर्मे पापे न वर्तते ।
पापेन वासितो नूनं पापे धर्मे न सर्वदा ॥ ४६ ॥
ज्ञानेन वासितो ज्ञाने नाज्ञानेऽसौ कदाचन ।
यतस्ततो मतिः कार्या ज्ञाने शुद्धिं[२] विधित्सुभिः ॥४७॥

શબ્દાર્થઃ—(धर्मेण वासितः) ધર્મથી વાસિત-સંસ્કારિત થયેલો (जीवो) જીવ (नूनं) નિશ્ચયથી ( धर्मे वर्तते ) ધર્મમાં પ્રવર્તે છે, ( पापे न ) અધર્મમાં નહિ. ( पापेन वासितो ) પાપથી વાસિત-સંસ્કારિત થયેલો જીવ ( सर्वदा पापे ) સદા પાપમાં પ્રવૃત્ત થાય છે, ( न

---

१ आ मोहिस्तथा ।
२ आ सिद्धिं ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



દૂરવર્તી પદાર્થનું અંતર તેના જાણવામાં બાધક કેવી રીતે થઇ શકે ? થઇ શકે નહિ. નિકટ અને દૂરવર્તી બધા જ્ઞેય જ્ઞાનનો વિષય હોવાથી તેમને જાણવામાં કેવળજ્ઞાનીને બાધા માટે કોઈ સ્થાન રહેતું નથી. એ જ રીતે કાળનું કોઇ અંતર તથા વસ્તુના સ્વભાવની સૂક્ષ્મતા પણ કોઈ વસ્તુને જાણવામાં કેવળીને માટે બાધક થતાં નથી. બધા જ્ઞેય હોવાથી તેના જ્ઞાનના વિષય છે અને તે તેમને સાક્ષાત્ રૂપે જાણે છે. તેથી જ સમન્તભદ્ર સ્વામીએ સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી બધા પદાર્થોને કેવળજ્ઞાની સર્વજ્ઞના જ્ઞાનના વિષય કહ્યા છે.૧

જો એમ કહેવામાં આવે કે એક સૂર્ય એક સમયમાં આખા વિશ્વને પ્રકાશિત કરતો દેખાતો નથી, એક જગ્યાએ દિવસ છે તો બીજી જગ્યાએ રાત્રિ છે, તેથી તેની શક્તિ મર્યાદિત જણાય છે તેથી સૂર્યનું દૃષ્ટાંત બરાબર બંધબેસતું થતું નથી, તો એમ કહેવું બરાબર નથી; કેમ કે દૃષ્ટાંત વિષયને સમજવા માટે પ્રાયઃ એકદેશ હોય છે-સર્વદેશ નહિ. હવે રહી શક્તિની વાત, સૂર્યની શક્તિ મર્યાદિત જરૂર છે પરંતુ કેવળીની શક્તિ વાર્યાન્તરાયકર્મનો અભાવ થઈ જવાથી મર્યાદિત નથી હોતી-અમર્યાદિત તથા અનંત હોય છે. ૧૨.

### જ્ઞાન સ્વભાવને કારણે આત્મા સર્વજ્ઞ-સર્વદર્શી.

**सामान्यवद् विशेषाणां स्वभावो ज्ञेयभावतः ।**
**ज्ञायते स च वा साक्षाद् विना विज्ञायते कथम् ॥ १३ ॥**
**सर्वज्ञः सर्वदर्शी च ततो ज्ञानस्वभावतः ।**
**नास्य ज्ञान-स्वभावत्वमन्यथा घटते स्फुटम् ॥ १४ ॥**

શબ્દાર્થઃ—( **सामान्यवद्** ) સામાન્યની જેમ ( **विशेषाणां स्वभावो** ) વિશેષોનો સ્વભાવ ( **ज्ञेय भावतः** ) જ્ઞેયભાવથી ( **ज्ञायते** ) જાણવામાં આવે છે ( **च स** ) અને તે ( **साक्षात् विना** ) સ્વભાવ પ્રત્યક્ષ જ્ઞાન વિના ( **कथम् विज्ञायते** ) કેવી રીતે સ્પષ્ટ પણે જાણવામાં આવે છે ? જાણી શકાય નહિ. ( **ततः** ) તેથી ( **ज्ञानस्वभावतः** ) જ્ઞાન સ્વભાવને કારણે ( આત્મા ) ( **सर्वज्ञः सर्वदर्शी च** ) સર્વજ્ઞ અને સર્વદર્શી છે ( **अन्यथा** )-જો સર્વજ્ઞ અને સર્વદર્શી ન હોય તો-( **स्फुटम्** ) સ્પષ્ટપણે ( **ज्ञानस्वभावत्वम्** ) જ્ઞાનસ્વભાપણું પણ ( **अस्य न** ) આ આત્માને ઘટી શકતું નથી.

૧. **सूक्ष्मान्तरित-दूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा ।**
**अनुमेयत्वतोऽग्न्यादिरिति सर्वज्ञ संस्थितिः** ॥—દેવાગમ

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



### અધ્યાત્મ–ધ્યાનથી જુદો સત્ ઉપાય નથી.

**नाध्यात्म-चिन्तनादन्यः सदुपायस्तु विद्यते ।**
**दुरापः स परं जीवैर्मोहव्यालकदर्थितैः ॥ ४० ॥**

શબ્દાર્થ:—(अध्यात्म-चिन्तनात् अन्यः) અધ્યાત્મ-ચિંતનથી જુદો બીજો કોઈ પણ (**सदुपायः न विद्यते**) સાચો ઉપાય (પરંબ્રહ્મની પ્રાપ્તિનો) નથી, (**मोहव्यालकदर्थितैः जीवैः**) જે જીવ મોહ-વ્યાલથી કદર્થિત છે–મોહરૂપી સર્પથી ડંખ પામેલ અથવા મોહરૂપી હાથીથી પીડિત છે–તેમના દ્વારા (**स परं दुरापः**) તે ઉપાય દુર્લભ છે.

વ્યાખ્યા:—પાછલા પદ્યમાં જે સાચા-સમીચીન ઉપાય પ્રત્યે મહાન આદરની વાત કહેવામાં આવી છે તે (ઉપાય) અધ્યાત્મચિંતનથી–શુદ્ધ ત્માના ધ્યાનથી–ભિન્ન બીજો કોઇ નથી, એમ આ પદ્યમાં બતાવ્યું છે. સાથોસાથ એ પણ બતાવ્યું છે કે આ સમીચીન ઉપાયની પ્રાપ્તિ તે જીવોને થતી નથી જે મોહથી મૂર્છિત અથવા પીડિત છે. ૪૦

### ઉક્ત ધ્યાનની બાહ્ય સામગ્રી.

**उत्साहो निश्चयो धैर्यं संतोषस्तत्त्वदर्शनम्**
**जनपदात्ययः[1] षोढा सामग्रीयं बहिर्भवाः ॥ ४१ ॥**

શબ્દાર્થ:—(અધ્યાત્મચિંતનરૂપ ધ્યાન માટે) (**उत्साहो**) ઉત્સાહ, (**निश्चयो**) નિશ્ચય (સ્થિર વિચાર), (**धैर्य**) ધૈર્ય, (**संतोषः**) સંતોષ, (**तत्त्वदर्शनम्**) તત્ત્વદર્શન અને (**जनपदात्ययः**) જનપદત્યાગ (**इयं**) આ (**षोढा**) છ પ્રકારની (**बहिर्भवा सामग्री**) બાહ્ય સામગ્રી છે.

વ્યાખ્યા:—જે ધ્યાનનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેની સિદ્ધિ માટે અહીં બાહ્ય સામગ્રી રૂપે છ વાત બતાવવામાં આવી છે, જેમાં ઉત્સાહને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. જો ઉત્સાહ ન હોય તો કોઇ પણ કાર્યની સિદ્ધિમાટે પ્રવૃત્તિ જ થતી નથી. જો ધ્યેયનો નિશ્ચય જ ન હોય તો બધું જ વ્યર્થ છે. જો ધૈર્ય ન હોય તો સાધનામાં વિઘ્ન-કષ્ટ આદિ ઉપસ્થિત થતાં સ્ખલિત થઈ જવું બહુ જ સ્વાભાવિક છે, તેથી જ નીતિકારોએ '**धैर्यं सर्वार्थ-साधनं**' જેવા વાક્યો દ્વારા ધૈર્યને સર્વ પ્રયોજનોનો સાધક બતાવ્યો

---

1 जनसंकुलरहितः ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



છે. વિષયોમાં લાલસાના અભાવનું નામ સંતોષ છે, આ સંતોષ પણ સાધનાની પ્રગતિમાં સહાયક થાય છે, જો સદા અસંતોષ બન્યો રહે તો તે એક મોટી વ્યાધિનું રૂપ લઇ લે છે, તેથી જ 'असंतोषो महाव्याधिः' જેવા વાક્યો દ્વારા અસંતોષને મહાવ્યાધિ માનવામાં આવ્યો છે. જીવાદિ તત્ત્વોનું જો સારી રીતે દર્શનસ્વરૂપ અનુભવન ન હોય તો પછી ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય તથા સંતોષથી પણ શું થઈ શકે અને ધ્યાનમાં પ્રવૃત્તિ પણ કેવી રીતે થઇ શકે ? ન થઇ શકે. તેથી 'तत्त्वदर्शन' નું હોવું પરમાવશ્યક છે, તેથી જ આ યોગગ્રંથમાં તત્ત્વોનું આવશ્યક નિરુપણ કરવામાં આવ્યું છે. છેલ્લી છઠી સામગ્રી છે 'જનપદત્યાગ', જ્યાંસુધી જનપદ અને જનસંપર્કનો ત્યાગ કરવામાં આવતો નથી ત્યાંસુધી સાધનાની પૂર્ણતા થતી નથી. જનસંપર્કથી વાણીની પ્રવૃત્તિ, વાણીની પ્રવૃત્તિથી મનની ચંચળતા અને મનની ચંચળતાથી ચિત્તમાં અનેક પ્રકારના વિકલ્પ તથા ક્ષોભ થાય છે, જે બધા ધ્યાનમાં બાધક છે. તેથી જ શ્રી પૂજ્યપાદાચાર્યે સમાધિ તંત્રમાં નીચેના વાક્ય દ્વારા યોગીને જનસંપર્ક ત્યાગવાની ખાસ પ્રેરણા કરી છેઃ--

**जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः ।**
**भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत् ॥ ७२ ॥**

શ્રી કુંદકુંદાચાર્યે તો પ્રવચનસારમાં ત્યાંસુધી લખ્યું છે કે જે લૌકિક જનોનો સંસર્ગ છોડતો નથી તે નિશ્ચિતસૂત્રાર્થપદ ( આગમનો જ્ઞાતા ), શમિતકષાય અને તપમાં ખૂબ વધેલ હોવા છતાં પણ સંયતમુનિ રહેતો નથી.[1] સંસર્ગના દોષથી અગ્નિના સંસર્ગને પ્રાપ્ત જળની જેમ અવશ્યમેવ વિકારને પ્રાપ્ત થઇ જાય છે. તેથી ધ્યાન સિદ્ધિ માટે નગરોનો નિવાસ છોડીને ઘણું કરીને પર્વતાદિ નિર્જન સ્થાનોમાં રહેવાની આવશ્યકતા છે. ૪૧.

## બુદ્ધિના ત્રણ પ્રકારના સંશોધકને ધ્યાનની પ્રાપ્તિ.

**आगमेनोनुमानेन ध्यानाभ्यास–रसेन च ।**
**त्रेधा विशोधयन् बुद्धिं ध्यानमाप्नोति पावनम् ॥ ४२ ॥**

શબ્દાર્થઃ—( **आगमेन** ) આગમદ્વારા, ( **अनुमानेन** ) અનુમાનદ્વારા અને ( **च ध्यानाभ्यास-रसेन** ) ધ્યાનના અભ્યાસરૂપ રસદ્વારા ( **त्रेधा** ) ત્રણ પ્રકારે ( **बुद्धिं विशोधयन्** ) બુદ્ધિને વિશુદ્ધ કરતો થકો ( **पावनम् ध्यानम आप्नोति** ) ધ્યાતા પવિત્ર ધ્યાનને પ્રાપ્ત થાય છે.

---

૧. **णिच्छिदसुत्तत्थपदो समिदकसाओ तवोधिको चावि ।**
**लोगिगजण संसग्ग ण चयदि जदि संजदो ण हवदि ॥ ६८ ॥** —પ્રવચનસાર

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શાસ્ત્રીપણું (धीधनैः) બુદ્ધિધનના ધારક મહાન્ વિદ્વાનો દ્વારા (संसारः अभाषि) 'સંસાર' કહેવામાં આવ્યું છે.

**વ્યાખ્યા:**—એક વિદ્વાનની સફળતા જ નહિ પરંતુ ઊંચા પ્રકારની સફળતા એમાં જ છે કે તેની આત્મધ્યાનમાં રતિ હોય-રુચિપૂર્વક લીનતા હોય. જો એ ન હોય તો તેનું સમસ્ત શાસ્ત્રોનું શાસ્ત્રીપણું-પઠન-પાઠન-વિવેચન આદિ કાર્ય-સંસાર સિવાય બીજું કાંઇ નથી-તેને પણ સાંસારિક ધંધો અથવા સંસાર-પરિભ્રમણનું જ એક અંગ સમજવું જોઇએ. સાથોસાથ એ પણ સમજવું જોઇએ કે તે વિદ્વાને શાસ્ત્રોનું મહાન્ જ્ઞાન પ્રાપ્ત કરીને પણ પોતાના જીવનમાં વાસ્તવિક સફળતાની પ્રાપ્તિ કરી નથી. ૪૩.

### મૂઢ બુદ્ધિ અને અધ્યાત્મરહિત પંડિતોનો સંસાર શું ?

**संसारः पुत्र–दारादिः पुंसां संमूढचेतसाम् ।**
**संसारो विदुषां शास्त्रमध्यात्मरहितात्मनाम् ॥ ४४ ॥**

**શબ્દાર્થ:**—(संमूढचेतसाम पुंसां) જે મનુષ્યો સારી રીતે મૂઢચિત્ત છે તેમનો (संसारः) સંસાર (पुत्र–दारादिः) 'સ્ત્રી-પુત્રાદિક' છે. અને (अध्यात्मरहितात्मनाम् विदुषां) જે અધ્યાત્મથી રહિત વિદ્વાન તેમનો (संसारः) સંસાર (शास्त्रम्) શાસ્ત્ર છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં પાછળના પદ્યની વાતને વિશેષ સ્પષ્ટ કરતાં એ બતાવ્યું છે કે કોનો કયો સંસાર છે. જે માનવ મૂઢચિત્ત છે-શાસ્ત્રાભ્યાસાદિ રહિત અજ્ઞાની છે-તેમનો સંસાર તો સ્ત્રી-પુત્ર-ધનાદિ છે-તેઓ દિવસ-રાત તેના જ ચક્કરમાં ફસાઇ રહે છે. અને જે શાસ્ત્રોના સારા અભ્યાસી વિદ્વાન છે પરંતુ અધ્યાત્મ રહિત છે-પોતાના આત્માને જેમણે શુદ્ધ સ્વરૂપમાં ઓળખ્યો નથી-તેમનો સંસાર શાસ્ત્ર છે-તેઓ શાસ્ત્રોનું શાસ્ત્રીપણું કરતાં કરતાં જ પોતાનું જીવન પુરૂં કરી દે છે અને પોતાનું આત્મહિત કાંઈ પણ કરી શકતા નથી. ૪૪

### જ્ઞાનરૂપી બીજ આદિને મેળવીને પણ કોણ સાચા ધ્યાનની ખેતી નથી કરતા ?

**ज्ञान–बीजं परं प्राप्य मनुष्यं कर्मभूमिषु ।**
**न सद्धयानकृषेरन्तः प्रवर्तन्तेऽल्पमेधसः ॥ ४५ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


કર બનેલો છે. તેની આ ભયંકરતા જોવા છતાં પણ તેનાથી વિરક્ત નથી થતા તેમને મોહમાં અંધ અથવા વિવેક-શૂન્ય ન કહેવામાં આવે તો બીજું શું કહેવાય? ૪૮.

**अकृत्यं दुर्धियः कृत्यं कृत्यं चाकृत्यमञ्जसा ।**
**अशर्मशर्म मन्यन्ते कच्छू-कण्डूयका इव ॥ ४९ ॥**

શબ્દાર્થ:—( दुर्धियः ) જે દુર્બુદ્ધિ છે-મોહ સંસ્કારિત અથવા વિકારગ્રસિત બુદ્ધિવાળા છે-તેઓ ( अञ्जसा ) વાસ્તવમાં ( अकृत्यं कृत्यं ) અકૃતને કૃત્ય-ન કરવા યોગ્ય કુકર્મને સુકર્મ, ( कृत्यं च अकृत्यं ) અને કૃત્યને અકૃત્ય-કરવા યોગ્ય સુકર્મને કુકર્મ, અને ( अशर्म शर्म ) દુઃખને સુખ ( मन्यन्ते ) માને છે, ( कच्छू-कण्डूयका इव ) જેવી રીતે દાદર ( ચામડીનો એક રોગ ) ને ખંજોળનાર દાદર ખંજોળવાને સારું અને સુખદાયક સમજે છે તેમ, પણ ખરેખર તે એવું ન હોતાં દુઃખદાયક છે.

વ્યાખ્યા:—ઉક્ત પ્રકારના મોહી જીવોને અહીં દુર્બુદ્ધિ-દુષિત જ્ઞાની-બતાવતાં લખ્યું છે કે તેઓ અકરણીયને કરણીય, કરણીયને અકરણીય અને દુઃખને સુખ માને છે અને સાથે જ તેમને દાદરને ખંજવાળનારની ઉપમા આપી છે જે દાદરને ખંજવાળવામાં સુખનો અનુભવ કરતાં તેને ખૂબ ખંજવાળીને વધારી દે છે અને પછી દુઃખી થાય છે. ૪૯.

## ધ્યાન માટે તત્ત્વ શ્રવણની ઉપયોગિતા.

**क्षाराम्भस्त्यागतः क्षेत्रे मधुरोऽमृत-योगतः ।**
**प्ररोहति यथा बीजं ध्यानं तत्त्वश्रुतेस्तथा ॥ ५० ॥**

શબ્દાર્થ:—( यथा ) જેવી રીતે ( क्षेत्रे बीजं ) ખેતરમાં પડેલું બીજ ( क्षाराम्भस्त्यागतः ) ખારાજળના ત્યાગથી અને ( मधुरोऽमृत-योगतः ) મીઠા જળના યોગથી ( प्ररोहति ) મધુર ઉત્પન્ન થાય છે ( तथा ) તેવી જ રીતે ( तत्त्वश्रुतेः ) તત્ત્વ શ્રવણના યોગથી-તત્ત્વ વાર્તા સાંભળવાના પ્રભાવથી-( ध्यानं ) ઉત્તમ ધ્યાન ઉત્પન્ન થાય છે.

વ્યાખ્યા:—અહીં ધ્યાનની ઉત્પત્તિ અને વૃદ્ધિમાં તત્ત્વોના શ્રવણ અને અતત્ત્વશ્રવણના પરિહારને તે જ પ્રકારે ઉપયોગી બતાવ્યા છે જે રીતે ખેતરમાં બીજની ઉત્પત્તિ અને વૃદ્ધિ માટે તેને ખારા જળથી ન સીંચતાં મીઠા જળથી સીંચવાનું હોય છે. ૫૦.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## ભોગની બુદ્ધિ ત્યાજ્ય છે અને તત્ત્વશ્રવણ ગ્રાહ્ય છે.

**क्षाराम्भःसदृशी त्याज्या सर्वदा भोग–शेमुषी ।**
**मधुराम्भोनिभा ग्राह्या यत्नात्तत्त्वश्रुतिर्बुधैः ॥ ५१ ॥**

**શબ્દાર્થ:**—(ધ્યાનની સિદ્ધિ માટે) (**बुधैः**) બુધ જનોએ (**भोग–शेमुषी**) ભોગની બુદ્ધિ, (**क्षाराम्भः सदृशी**) જે ખારા જળ સમાન છે, (**सर्वदा त्याज्या**) સદા ત્યાગવા યોગ્ય છે, અને (**तत्त्वश्रुतिः**) તત્ત્વનું શ્રવણ, (**मधुराम्भोनिभा**) કે જે મધુર જળ સમાન છે, (**यत्नात् ग्राह्या**) યત્નપૂર્વક ગ્રહણ કરવા યોગ્ય છે.

**વ્યાખ્યા:**—પાછલા પદ્યમાં બીજને ઉગવા–અંકુરિત થવા આદિ માટે ખારા જળના ત્યાગ અને મીઠા જળના સિંચનની જે વાત કહેવામાં આવી છે તેને અહીં ૪૫મા પદ્યમાં ઉલ્લેખાયેલ ધ્યાન–કૃષિ પર ઘટાવતા થકા ભોગબુદ્ધિને ખારા જળ સમાન ત્યાજ્ય અને તત્ત્વ-શ્રવણને મીઠા જળ સમાન ગ્રાહ્ય બતાવેલ છે અને તે ત્યાગ તથા ગ્રહણમાં યત્ન કરવાની ખાસ કરીને પ્રેરણા કરી છે. યત્ન વિના કોરા જ્ઞાનથી કાંઈ થતું નથી. ૫૧.

## ધ્યાનનો શત્રુ કુતર્ક ત્યાજ્ય.

**बोधरोधः शमापायः श्रद्धा भङ्गोऽभिमानकृत् ।**
**कुतर्को मानसो व्याधिर्ध्यानशत्रुरनेकधा ॥ ५२ ॥**
**कुतर्केऽभिनिवेशोऽतो न युक्तो मुक्ति–काङ्क्षिणाम् ।**
**आत्मतत्त्वे पुनर्युक्तः सिद्धि सौध–प्रवेशके ॥ ५३ ॥**

**શબ્દાર્થ:**—(**कुतर्कः**) કુતર્ક (**बोध रोधः**) જ્ઞાનને રોકનાર, (**शमापायः**) શાંતિનો નાશક, (**श्रद्धाभङ्गः**) શ્રદ્ધાનો ભંગ કરનાર (**अभिमानकृत**) અને અભિમાન વધારનાર (**मानसः व्याधिः**) માનસિક રોગ છે કે જે (**अनेकधा**) અનેક પ્રકારે (**ध्यानशत्रुः**) ધ્યાનનો શત્રુ છે. (**अतः**) તેથી (**मुक्ति–काङ्क्षिणाम**) મોક્ષાભિલાષીઓએ (**कुतर्के**) કુતર્કમાં (**अभिनिवेशः न युक्तः**) પોતાના મનને લગાવવું યોગ્ય નથી, (**आत्मतत्त्वे पुनर्युक्तः**) બલ્કે તેને આત્મતત્ત્વમાં લગાવવું યોગ્ય છે, કે જે સ્વાત્મોપલબ્ધિ રૂપ (**सिद्धिसौध–प्रवेशकै**) સિદ્ધિ–સદનમાં પ્રવેશ કરાવનાર છે.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થ:**—( **विदः** ) વિજ્ઞ પુરુષ ( **तत्र** ) તે બુદ્ધિ આદિ ત્રણ ભેદોમાં **(अक्षाश्रयां)** ઇન્દ્રિયાશ્રિત ને ( **बुद्धिं** ) 'બુદ્ધિ' ( **आगमपूर्वकं** ) આગમ પૂર્વકને ( **ज्ञानं** ) 'જ્ઞાન' અને ( **तदेव सदनुष्ठानं** ) આગમપૂર્વક જ્ઞાન જ જ્યારે સત્ય અનુષ્ઠાનને-અભ્રાંતરૂપ સ્થિરતાને-પ્રાપ્ત થાય છે ત્યારે તેને ( **असंमोहं विदुः** ) 'અસંમોહ' કહે છે.

**વ્યાખ્યા:**—આ પદ્યમાં બુદ્ધિને ઇન્દ્રિયાશ્રિત અને જ્ઞાનને આગમાશ્રિત બતાવીને બન્નેનો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો છે, નહિતર બુદ્ધિ અને જ્ઞાનમાં સાધારણ રીતે કોઇ તફાવત જણાતો નથી-એકની જગ્યાએ બીજાનો પ્રયોગ મળી આવે છે; જેમ જ્ઞાનને પ્રમાણ કહેવામાં આવે છે તેમ '**प्रमाणं बुद्धिलक्षणम्**' વાક્ય દ્વારા સમંતભદ્ર સ્વામીએ સ્વયંભૂસ્તોત્ર ( ૬૩ ) માં તે જ્ઞાનને જ 'બુદ્ધિ' શબ્દ દ્વારા બતાવેલ છે. સાથે જ જે આગમપૂર્વક જ્ઞાન સત્ અનુષ્ઠાનને પ્રાપ્ત હોય—અભ્રાંતરૂપે સ્થિર હોય—તેને 'અસંમોહ' કહેલ છે. ૮૨.

## બુદ્ધિ આદિ પૂર્વક કાર્યોના ફળભેદની દિશાસૂચના.

**चारित्रदर्शनज्ञानतत्स्वीकारो यथाक्रमम् ।**
**तत्रोदाहरणं ज्ञेयं बुद्धयादीनां प्रसिद्धये ॥ ८३ ॥**

**શબ્દાર્થ:**—( **चारित्रदर्शनज्ञान** ) ચારિત્ર-દર્શન-જ્ઞાનનો જે ( **यथाक्रमम्** ) યથાક્રમ-દર્શન-જ્ઞાન-ચારિત્રના ક્રમથી-( **स्वीकारः** ) સ્વીકાર છે-જે ચારિત્ર દર્શન-જ્ઞાન પૂર્વક છે-( **तत्र** ) તેમાં ( **बुद्धयादीनां** ) બુદ્ધિ આદિની ( **प्रसिद्धये** ) પ્રસિદ્ધિ માટે અહીં ( **उदाहरणं-ज्ञेयं** ) ઉદાહરણરૂપે ભેદ જાણવા જોઇએ.

**વ્યાખ્યા:**—બુદ્ધિ આદિની વિશેષતા બતાવવા માટે અહીં જે ફળભેદના ઉદાહરણની વાત કહેવામાં આવી છે તેને સંક્ષેપમાં આગલા કેટલાક પદ્યોમાં બતાવવામાં આવી છે. ૮૩.

## બુદ્ધિપૂર્વકના બધા કાર્ય સંસારફળ આપે છે.

**बुद्धिपूर्वाणि कर्माणि समस्तानि तनूभृताम्[1] ।**
**संसारफलदायीनि विपाकविरसत्वतः ॥ ८४ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થઃ—( तनूभृताम ) દેહધારી જીવોને ( बुद्धिपूर्वाणि ) જે બુદ્ધિપૂર્વક ( कर्माणि ) કાર્ય છે ( समस्तानि ) તે બધાં ( संसारफलदायीनि ) સંસારફળ આપનાર છે, કારણ કે તે ( विपाकविरसत्वतः ) વિપાકમાં વિરસ હોય છે.

વ્યાખ્યાઃ—અહીં સંસારી જીવોનાં જેટલાં કોઈ બુદ્ધિપૂર્વકનાં કાર્ય છે તે બધાંને સાંસારિક ફળ અથવા સંસાર-પરિભ્રમણરૂપ ફળના આપનાર કહ્યાં છે અને તેનો હેતુ એ આપ્યો છે કે તે વિપાકકાળમાં વિરસ હોય છે. જે વિપાકકાળમાં રસરહિત અથવા વિકૃત રસવાળાં થઈ જાય છે તે ઇન્દ્રિયાશ્રિત બુદ્ધિપૂર્વક કાર્યોની એવી જ સ્થિતિ છે કે તે સંસાફળનેજ આપનાર હોય છે. ૮૪.

## જ્ઞાનપૂર્વકનાં કાર્ય મુક્તિના હેતુ છે.

**तान्येव ज्ञान-पूर्वाणि जायन्ते मुक्तिहेतवे ।**
**अनुबन्धः फलत्वेन श्रुतशक्ति निवेशितः ॥ ८५ ॥**

શબ્દાર્થઃ—( तानिएव ) તે જ કાર્ય ( ज्ञान-पूर्वाणि ) જ્યારે જ્ઞાનપૂર્વક હોય છે ત્યારે તે ( मुक्तिहेतवेजायन्ते ) મુક્તિનો હેતુ થાય છે; કેમ કે ( श्रुतशक्ति-निवेशितःअनुबन्धः ) શ્રુતશક્તિ સહિત જે અનુરાગ છે તે ( ક્રમશઃ ) ( फलत्वेन ) મુક્તિફળ સહિત છે.

વ્યાખ્યાઃ—જે કાર્ય ઇન્દ્રિયાશ્રિત બુદ્ધિપૂર્વક કરવામાં આવે છે તે જ કાર્ય જો આગમાશ્રિત જ્ઞાનપૂર્વક કરવામાં આવે તો તે બંધનું ફળ ન આપતાં ક્રમેક્રમે મુક્તિનું ફળ આપે છે. આથી એ સ્પષ્ટ પ્રગટ થાય છે કે ઇન્દ્રિયાશ્રિત બુદ્ધિ અજ્ઞાનરૂપ છે અને આગમાશ્રિત બુદ્ધિ અજ્ઞાનરૂપ છે. તેથીજ અજ્ઞાનીના ભોગોને બંધનું અને જ્ઞાનીના ભોગને નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. ૮૫.

## અસંમોહ-પૂર્વકનું કાર્ય નિર્વાણ સુખ આપે છે,

**सन्त्यसंमोहहेतूनि कर्माण्यत्यन्त शुद्धितः ।**
**निर्वाणशर्मदायोनि भवातोताध्वगामिनाम् ॥ ८६ ॥**

---

१. मु तनूमतां ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થ:—( असंमोहहेतूनि कार्याणि ) જે કાર્ય અસંમોહપૂર્વક હોય છે તે ( भवातीताध्वगामिनाम् ) ભવાતીત માર્ગપર ચાલનારાઓને ( अत्यन्तशुद्धितः ) અત્યંત શુદ્ધિને કારણે ( निर्वाणशर्मदायीनि सन्ति ) નિર્વાણ સુખના પ્રદાતા થાય છે.

વ્યાખ્યા:—અહીં ત્રીજા અસંમોહ હેતુ કાર્યોના ફળની વાત લેવામાં આવી છે, જેના સ્વામી ભવાતીત માર્ગગામી હોય છે-ભવાભિનંદી નહિ-અને તેમને મુક્તિ-સુખના દાતા કહ્યા છે; કેમ કે તે ચિત્તની અત્યંત શુદ્ધિ સહિત હોય છે. ૮૬.

## ભવાતીત માર્ગગામીઓનું સ્વરૂપ.

भावेषु कर्मजातेषु मनो येषां निरुद्यमम् ।
भव-भोग-विरक्तास्ते भवातीताध्वगामिनः ॥ ८७ ॥

શબ્દાર્થ:—( कर्मजातेषु भावेषु ) કર્મજનિત પદાર્થોનાં ( येषां मनः ) જેમનું મન ( निरुद्यमम् ) ઉદ્યમ રહિત છે ( ते ) તે ( भव-भोग-विरक्ताः ) ભવભોગથી વિરક્ત ( યોગી ) ( भवातीताध्वगामिनः ) 'ભવાતીતમાર્ગગામી' હોય છે.

વ્યાખ્યા:—જે ભવાતીત માર્ગ ગામીઓનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેમનું આ પદ્યમાં સંક્ષિપ્ત રૂપ આપવામાં આવ્યું છે-એ બતાવ્યું છે કે 'જેમનું મન કર્મોદયજનિત પદાર્થોમાં નિરુદ્યમ રહે છે-અનુરક્તિ આદિ રૂપે કોઈ પ્રવૃત્તિ કરતું નથી-અને જે સંસારના ભોગોથી સદા વિરક્ત રહે છે તેમને 'ભવાતીતમાર્ગગામી' કહે છે. આવા મુનિઓની પ્રવૃત્તિ ભવાભિનંદી મુનિઓથી બિલકુલ વિપરીત 'અલૌકિક' હોય છે. ૮૭.

## ભવાતીતમાર્ગગામીઓનો માર્ગ સામાન્યની જેમ એક જ હોય છે.

एक एव सदा तेषां पन्थाः सम्यक्त्वचारिणाम्[1] ।
व्यक्तिनामिव सामान्यं दशाभेदे[2]ऽपि जायते ॥ ८८ ॥

---

૧. मु सम्यपरायिणां ।
૨. मु दशाभेदो ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



કલંક વિમુક્ત આત્માનું પરિજ્ઞાન ( संजायते ) થાય છે ( स ) તેને ( योगीभिः ) તે યોગીઓ એ ( योगः गीतः ) યોગ કહ્યો છે ( योगनिर्धूत-पातकैः ) જે યોગીઓએ યોગ-બળથી પાપનો-ઘાતિ કર્મોનો નાશ કર્યો છે.

વ્યાખ્યા:—જે યોગના માહાત્મ્યનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તેનું લક્ષણ આ પદ્યમાં આપવામાં આવ્યું છે અને તે એ છે કે જે યોગથી-ધ્યાનબળથી-આત્માને પોતાના સ્વભાવસ્થિત અસલી રૂપમાં જાણી શકાય તેને 'યોગ' કહે છે, કે જે ધ્યાનનો પર્યાય-વાચક છે. યોગનું આ લક્ષણ તે યોગીઓ દ્વારા કહેવામાં આવ્યું છે જેમણે યોગબળથી જ્ઞાનાવરણાદિ ઘાતિ કર્મોનો, કે જે બધા પાપરૂપ છે, પૂર્ણપણે વિનાશ કર્યો છે. આથી એ સ્પષ્ટ જણાય છે કે યોગ શુદ્ધાત્માનો પરિજ્ઞાયક જ નહીં પણ આત્મા ઉપર વ્યાપેલ અને તેના સ્વરૂપનું આચ્છાદન કરનાર કર્મ પટલોનો ઉચ્છેદક પણ છે. ૧૦.

## યોગથી ઉત્પન્ન સુખની વિશિષ્ટતા.

**निरस्त–मन्मथातङ्कं योगजं सुखमुत्तमम् ।**
**शमात्मकं स्थिरं स्वस्थं जन्ममृत्युजरापहम् ॥ ११ ॥**

શબ્દાર્થ:—( योगजं ) જે યોગથી-ધ્યાન જન્ય-વિવિક્તઆત્મ પરિજ્ઞાનથી-ઉત્પન્ન થયેલું ( सुखं ) સુખ છે તે ( उत्तमं ) ઉત્તમ સુખ છે; ( કેમ કે ) તે ( निरस्त–मन्मथ–आतङ्कं ) કામદેવના આતંકથી-વિષય વાસનાની પીડાથી-રહિત છે, ( शमात्मकं ) શાન્તિ સ્વરૂપ છે, નિરાકુળતા મય છે, ( स्थिरं ) સ્થિર છે-અવિનાશી છે-( स्वस्थं ) સ્વાત્મામાં સ્થિત છે-ક્યાંય બહારથી નથી આવતું, પરાશ્રિત નથી ( जन्ममृत्युजरापहम् ) અને જન્મ, જરા તથા મૃત્યુનો વિનાશક છે અથવા તજ્જન્ય દુઃખથી રહિત છે.

વ્યાખ્યા:—જે યોગનો પાછલા પદ્યમાં ઉલ્લેખ છે તે સ્વાત્માનો પરિજ્ઞાયક અને પાપોનો ઉચ્છેદક હોવાને કારણે જે સુખ આપે છે તેનાં અહીં ઉત્તમ આદિ છ વિશેષણ આપવામાં આવ્યાં છે, જે બધાં તેની નિરાકુળતા, સ્વાધીનતા અને ઉત્કૃષ્ટતાનાં દ્યોતક છે. ૧૧.

## સુખ–દુઃખનું સાંક્ષિપ્ત લક્ષણ

**सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।**
**वदन्तीति समासेन लक्षणं सुख–दुःखयोः ॥ १२ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થ:**—( **परवशं** ) 'જે પરાધીન છે ( **सर्वं दुःखं** ) તે બધું દુઃખ છે અને જે ( **आत्मवशं** ) સ્વાધીન છે તે ( **सर्वं सुखं** ) બધું સુખ છે' ( **इति** ) આ પ્રમાણે ( વિજ્ઞ-પુરુષ) (**समासेन**) સંક્ષેપમાં (**सुख-दुःखयोः**) સુખ-દુઃખનું (**लक्षणं वदन्ति**) લક્ષણ કહે છે.

**વ્યાખ્યા:**—અહીં સંક્ષેપમાં સુખ અને દુઃખ બન્નેના વ્યાપક લક્ષણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનાથી વાસ્તવિક સુખ-દુઃખને સહજમાંજ ઓળખી શકાય છે. જે સુખની પ્રાપ્તિમાં થોડી પણ પરાધીનતા-પરની અપેક્ષા હોય તે વાસ્તવમાં સુખ ન હોતાં દુઃખ જ છે અને જેની પ્રાપ્તિમાં કોઈ પરાધીનતા-પરની અપેક્ષા ન હોય, તે બધું જ સ્વાધીન હોય તેજ સાચું સુખ છે. તેથી જે ઇન્દ્રિયાશ્રિત ભોગોને સુખદાયક સમજે છે તેઓ અંતે સંતાપજ પામે છે-સાચું તથા વાસ્તવિક સુખ તેમને મળી શકતું નથી. ૧૨.

## ઉક્ત લક્ષણની દૃષ્ટિએ પુણ્યજન્ય ભોગો અને યોગજન્ય જ્ઞાનની સ્થિતિ.

**ततः पुण्यभवा भोगा दुःखं परवशत्वतः ।**
**सुखं योगभवं ज्ञानं स्वरूपं स्ववशत्वतः ॥ १३ ॥**

**શબ્દાર્થ:**—કારણકે જે પરાધીન છે તે બધું દુઃખ છે. ( **ततः** ) તેથી ( **पुण्यभवा-भोगाः** ) જે પુણ્યથી ઉત્પન્ન થયેલા ભોગ છે તે ( **परवशत्वतः** ) પરવશ ( પરાશ્રિત ) હોવાને કારણે દુઃખરૂપ છે. અને ( **योगभवं ज्ञानं** ) યોગથી ઉત્પન્ન થયેલું જે જ્ઞાન-વિવિક્તાત્મ પરિજ્ઞાન-છે તે ( **स्ववशत्वतः** ) સ્વાધીન હોવાને કારણે ( **सुखं स्यरूपं** ) સુખરૂપ પોતાનું સ્વરૂપ છે.

**વ્યાખ્યા:**—સુખ-દુઃખના ઉક્ત લક્ષણોની દૃષ્ટિએ અહીં પુણ્યથી ઉત્પન્ન થનાર ભોગોને પણ દુઃખરૂપ બતાવ્યા છે; કારણ કે તે પુણ્યોદયને આશ્રિત છે-પરાધીન છે-અને સ્વકીય ધ્યાનબળથી ઉત્પન્ન થનાર શુદ્ધાત્મજ્ઞાનને સુખરૂપ બતાવેલ છે; કારણ કે તે સ્વાધીન છે અને પોતાનો સ્વભાવ છે. ૧૩.

## નિર્મળ જ્ઞાન સ્થિર થતાં ધ્યાન થઈ જાય છે.

**ध्यानं विनिर्मलज्ञानं पुंसां संपद्यते स्थिरम् ।**
**[1]हेमक्षीणमलं किं न कल्याणत्वं प्रपद्यते ॥ १४ ॥**

१. मु हेमं ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



બીજી ચિંતાનું નિરાકરણ કરવામાં સમર્થ હોય છે-જે તત્ત્વનું ચિંતન કરે છે તેમાં પોતાનું મન એટલું એકાગ્ર કરી લે છે કે બીજી કોઈ પણ ચિંતા પાસે આવી શકતી નથી. ૩૨.

## પરમ તત્ત્વ કયું અને તેનાથી ભિન્ન શું ?

**विविक्तमान्तरं ज्योतिर्निराबाधमनामयम् ।**
**यदेतत् तत्परं तत्त्वं तस्यापरमुपद्रवः ॥ ३३ ॥**

શબ્દાર્થ:—( **यत् एतत्** ) આ જે ( **विविक्तं** ) વિવિક્ત-કર્મકલંક રહિત-( **निराबाधं** ) નિર્ભય અને ( **अनामयं** ) નિરામય ( નિર્વિકાર ) ( **आन्तरं ज्योतिः** ) અંતરંગ ( અધ્યાત્મ ) જ્યોતિ છે ( **तत् परं तत्त्वं** ) તે પરમ તત્ત્વ છે, ( **तस्य अपरं** ) તેનાથી ભિન્ન બીજું બધું ( **उपद्रवः** ) ઉપદ્રવ છે.

વ્યાખ્યા:—અહીં જે શુદ્ધ આત્મ જ્યોતિનો ઉલ્લેખ છે તેને જ ચિંતન અને ધ્યાન યોગ્ય પરમ તત્ત્વ કહ્યું છે. બાકી બધાને ઉપદ્રવ ઘોષિત કરેલ છે; કારણ કે અંતિમ લક્ષ્ય અને ધ્યેય આ જ પરમ તત્ત્વને પ્રાપ્ત કરવાનું છે, એની પ્રાપ્તિ માટે બીજા બધાને છોડવા પડશે. તેથી જ બીજા બધાને પારમાર્થિક દ્રષ્ટિએ 'ઉપદ્રવ' સંજ્ઞા આપવામાં આવેલી જણાય છે. ૩૩.

## મુમુક્ષુઓએ કોઈ પણ તત્ત્વમાં આગ્રહ ન કરવો.

**न कुत्राप्याग्रहस्तत्त्वे विधातव्यो मुमुक्षुभिः ।**
**निर्वाणं साध्यते यस्मात् समस्ताग्रहवर्जितैः ॥ ३४ ॥**

શબ્દાર્થ:—( **मुमुक्षुभिः** ) જે મોક્ષના અભિલાષી છે તેમણે ( **कुत्र अपि तत्त्वे** ) ( અન્ય ) કોઈ પણ તત્ત્વમાં ( **आग्रहः न विधातव्यः** ) આગ્રહ ન કરવો જોઈએ; ( **यस्मात्** ) કારણ કે ( **समस्त आग्रह वर्जितैः** ) જે સમસ્ત આગ્રહોથી-એકાન્ત અભિનિવેશોથી-વર્જિત છે તેમના દ્વારા ( **निर्वाणं साध्यते** ) નિર્વાણ સિદ્ધ કરાય છે'

વ્યાખ્યા:—અહીં મુમુક્ષુઓને તત્ત્વવિષયમાં ક્યાંય પણ આગ્રહ કરવાનો નિષેધ કર્યો છે; કારણ કે આગ્રહ એકાન્તનો દ્યોતક છે અને વસ્તુ તત્ત્વ અનેકાન્તાત્મક છે. નિર્વા-

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com


ણુની પ્રાપ્તિ તેમને જ થાય છે જે સમસ્ત આગ્રહોથી રહિત થઇ જાય છે -લિંગ જાતિ આદિનો પણ કોઇ આગ્રહ રહેતો નથી. લિંગ અને જાતિ આ બન્ને દેહાશ્રિત છે અને દેહજ આત્માનો સંસાર છે. તેથી જે મુક્તિની પ્રાપ્તિ માટે અમુક લિંગ ( વેશ ) તથા અમુક બ્રાહ્મણાદિ જાતિનો આગ્રહ રાખે છે અથવા અમુક જાતિનો અમુક વેશ ધારણ કરીને મોક્ષ પામે છે, એવો જેમને આગમાનુબંધી આગ્રહ છે તેઓ સંસારથી છૂટી શકતા નથી અને આત્માનું પરમપદ પણ પામતા નથી. શ્રી પૂજ્યપાદ આચાર્યના નીચેના વાક્યોમાં આ વાત પ્રગટ છે:—

लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः ।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः ॥ ८७ ॥
जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः ।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहाः ॥ ८८ ॥
जातिलिङ्गविकल्पेन येषां च समयाग्रहः ।
तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ॥ ८९ ॥—સમાધિતંત્ર. ૩૪.

## આગ્રહવર્જિત તત્ત્વમાં કર્તા-કર્માદિનો વિકલ્પ નથી.

**कर्ताहं निर्वृतिः कृत्यं ज्ञानं हेतुः सुखं फलम् ।**
**नैकोऽपि विद्यते तत्र विकल्पः कल्पनातिगे ॥ ३५ ॥**

**શબ્દાર્થ**:—( अहं कर्ता ) હું કર્તા છું, ( निर्वृतिः कृत्यं ) નિર્વાણ કૃત્ય-કાર્ય છે, ( ज्ञानं हेतुः ) જ્ઞાન હેતુ છે અને ( सुखं फलं ) સુખ તેનું ફળ છે, ( तत्र ) આમાંથી ( एकः अपि ) એક પણ ( विकल्पः ) વિકલ્પ ( कल्पनातिगे ) તે કલ્પનારહિત અને આગ્રહવર્જિત સાધકમાં (न) હોતો નથી.

**વ્યાખ્યા**:—અહીં સમસ્ત આગ્રહ છોડવાની વાતને સ્પષ્ટ કરતાં ત્યાંસુધી લખ્યું છે કે મુક્તિના તે નિર્વિકલ્પ સાધકમાં કર્તા, કાર્ય, કારણ, અને ફળનો પણ કોઈ વિકલ્પ રહેતો નથી. આમાંથી એક પણ વિકલ્પ રહેતાં મુક્તિની સાધના બનતી નથી. મુક્તિની ચરમ સાધનામાં પોતાનું ( વિકલ્પરૂપ ) અસ્તિત્વ પણ ભૂલાવીને તે પરમ તત્ત્વરૂપ અધ્યાત્મ જ્યોતિમાં લીન થઈ જવાનું હોય છે. તેથીજ બાહ્ય અને ભિન્ન અન્ય સર્વને પાછલા એક પદ્યમાં ( ૩૩ ) ‘ ઉપદ્રવ ’ કહ્યા છે. ૩૫.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



નથી પરંતુ કર્મજનિત છે અને તેમને શુદ્ધ સ્વભાવના ધારક સૂર્યના મેઘાદિજન્ય વિકાર જેવા સમજવા જોઈએ. ૩૭.

## જીવના રાગાદિ પરિણામોની સ્થિતિ.

रागादयः परीणामाः कल्मषोपाधिसंभवाः ।
जीवस्य स्फटीकस्येव पुष्पोपाधिभवा मताः ॥ ३८ ॥

શબ્દાર્થ:—( जीवस्य ) જીવના જે ( रागादयः परीणामाः ) રાગાદિક પરિણામ હોય છે ( कल्मषोपाधि संभवाः ) તે કષાયરૂપ કર્મમળની ઉપાધિથી ઉત્પન્ન થાય છે, જેમ ( स्फटीकस्य इव ) સ્ફટિકને ભિન્ન ભિન્ન રંગાદિરૂપ પરિણામ ( पुष्पोपाधिभवाः मताः ) પુષ્પોની ઉપાધિથી ઉત્પન્ન થાય છે, તેથી જ સ્ફટિકને 'વિશ્વરૂપ મણિ' કહેવામાં આવ્યો છે.

વ્યાખ્યા:—અહીં રાગાદિ રૂપ બીજા વિકારોને લેવામાં આવ્યા છે અને તેમના વિષયમાં બતાવવામાં આવ્યું છે કે તે પણ જીવના વાસ્તવિક પરિણામ નથી. પણ કષાય-રૂપ કલ્મષની ઉપાધિથી ઉત્પન્ન, સ્ફટિકના વાસ્તવિક પરિણામ હોતા નથી. ૩૮.

## જીવના કષાયાદિક પરિણામોની સ્થિતિ.

परिणामाः कषायाद्या निमित्तीकृत्य चेतनाम् ।
मृत्पिण्डेनेव कुम्भाद्यो जन्यन्ते कर्मणाखिलाः ॥ ३९ ॥

શબ્દાર્થ:—જીવના ( कषायाद्या परिणामाः ) કષાયાદિક જેટલા પરિણામ છે તે ( अखिलाः ) બધા ( चेतनाम् निमित्तीकृत्य ) ચેતનાને નિમિત્તભૂત કરીને ( कर्मणा जन्यन्ते ) કર્મદ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ ( मृत्पिण्डेन इव कुम्भाद्याः ) કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે.

વ્યાખ્યા:—અહીં કષાયાદિ પરિણામોની ઉત્પત્તિમાં મૂળ કારણ કર્મને અને નિમિત્ત કારણ જીવની ચેતનાને કહેલ છે, જેમ ઘટાદિની ઉત્પત્તિમાં મૂળ ( ઉપાદાન ) કારણ માટીનો પિંડ અને નિમિત્ત કારણ કુંભાર હોય છે તેમ. ૩૯.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## કલુષતાનો અભાવ થતાં પરિણામની સ્થિતિ.

**यदास्ति कलुषा(ल्मषा)भावो जीवस्य परिणामिनः ।**
**परिणामास्तदा शुद्धाः स्वर्णस्येवोत्तरोत्तराः ॥ ४२ ॥**

**શબ્દાર્થ:**—( **यदा** ) જે વખતે ( **परिणामिनः जीवस्य** ) પરિણામી જીવને ( **कलुषा** ( **ल्मषा** ) ( **भावः** ) કલુષતાનો અભાવ થાય છે ( **तदा** ) તે વખતે ( **परिणामाः** ) તેના પરિણામ ( **स्वर्णस्य इव** ) સુવર્ણની જેમ ( **उत्तरोत्तराः शुद्धाः** ) ઉત્તરોત્તર શુદ્ધ થતા જાય છે.

**વ્યાખ્યા:**—અહીં સંસારી જીવને પરિણામી-એક પરિણામથી બીજા પરિણામરૂપ પરિણમન કરનાર-કહ્યો છે. તે જીવને જ્યારે કલુષતાનો અભાવ થઇ જાય છે ત્યારે તેના પરિણામ મળરહિત સુવર્ણ સમાન ઉત્તરોત્તર શુદ્ધતામાં પરિણમ્યા કરે છે. ૪૨,

## કલુષતાનો અભાવ થઇ જતાં જીવની સ્થિતિ.

**कल्मषाभावतो जीवो निर्विकारो विनिश्चलः ।**
**निर्वात-निस्तरङ्गाब्धि-समानत्वं प्रपद्यते ॥ ४३ ॥**

**શબ્દાર્થ:**—( **कल्मषाभावतः जीवः** ) કલ્મષના અભાવથી આ જીવ ( **निर्वात-निस्तरङ्गाब्धि-समानत्वं** ) વાયુ અને તરંગ રહિત સમુદ્ર સમાન ( **निर्विकारः** ) નિર્વિકાર અને ( **विनिश्चलः प्रपद्यते** ) નિશ્ચલ થઈ જાય છે.

**વ્યાખ્યા:**—કષાયાદિ રૂપ કલ્મષ ( કાલુષ્ય ) નો અભાવ થઈ જતાં આ જીવની સ્થિતિ તે સમુદ્ર સમાન નિર્વિકાર અને નિશ્ચલ થઇ જાય છે જેમાં વાયુનો સંચાર નથી અને ન કોઇ કલ્લોલ-તરંગ કે લહેર ઉઠે છે. આત્માની આવી અવસ્થાને જ 'નિર્વિકલ્પદશા' કહે છે, જેમાં ધ્યાન, ધ્યાતા, ધ્યેય આદિનો કોઈ વિકલ્પ રહેતો નથી.[1] ૪૩.

---

૧. જહઁ ધ્યાન ધ્યાતા ધ્યેયકો ન વિકલ્પ વચભેદ ન જહાં,
ચિદ્ભાવ કર્મ, ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાં;
તીનોં અભિન્ન અખિન્ન શુધ ઉપયોગકી નિશ્ચલ દશા,
પ્રકટી જહાં દગ-જ્ઞાન-વ્રત યે તીનધા એકૈ લસા. —છ ઢાળા, દૌલતરામ.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## આત્માના શુદ્ધ સ્વરૂપની કેટલીક સૂચના.

अक्ष–ज्ञानार्थतो भिन्नं यदन्तरवभासते ।
तद्रूपमात्मनो ज्ञातृज्ञातव्यमविपर्ययम् ॥ ४४ ॥

શબ્દાર્થ:—( अक्ष–ज्ञानार्थतो भिन्नं ) ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી ભિન્ન ( यत् ) જે ( अन्तरवभासते ) અંતરંગમાં અવભાસિત થાય છે ( तत् ) તે ( ज्ञातृज्ञातव्यम् ) જ્ઞાતાને ગમ્ય ( आत्मनः ) આત્માનું ( अविपर्ययम् रूपम् ) અભ્રાન્ત રૂપ છે.

વ્યાખ્યા:—અહીં આત્માના તે શુદ્ધરૂપની, જે કદી વિપરીતતા ને પ્રાપ્ત થતું નથી, કાંઈક સૂચના કરતાં લખ્યું છે કે તે ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી ભિન્ન છે-કોઇ પણ ઇન્દ્રિય દ્વારા જણાતો નથી-આત્માના અંતરંગમાં અવભાસમાન છે અને જ્ઞાતા આત્મા દ્વારાજ જણાય છે. તેથી જ સ્વસંવેદ્ય કહેવામાં આવે છે. ૪૪.

## આત્માની પરંજ્યોતિનું સ્વરૂપ.

यत्रासत्यखिलं ध्वान्तमुद्द्योतः सति चाखिलः ।
अस्त्यपि ध्वान्तमुद्द्योतस्तज्जयोतिः[१] परमात्मनः ॥ ४५ ॥

શબ્દાર્થ:—( यत्र असति ) જે વિદ્યમાન ન હોય તો ( अखिलं ध्वान्तम् ) સર્વ અંધકાર છે ( सति च ) અને વિદ્યમાન હોતાં ( अखिलः उद्द्योतः ) સર્વ ઉદ્યોતરૂપ છે ( अपि ध्यान्तम ) અંધકાર પણ ( उद्द्योतः अस्ति ) ઉદ્યોત રૂપ પરિણમે છે ( तत ) તે ( परमात्मनः ज्योतिः ) આત્માની પરમ જ્યોતિ છે.

વ્યાખ્યા:—જે અંતર્જ્યોતિ તત્ત્વનો પાછલા એક પદ્ય ( ૩૩ )માં ઉલ્લેખ છે તેના વિષયમાં અહીં લખ્યું છે કે આ આત્માની તે પરમ જ્યોતિ છે જેના અભાવમાં બધું જ અંધકારમય છે અને જેના સદ્ભાવમાં બધું જ ઉદ્યોતરૂપ છે તથા અંધકાર પણ ઉદ્યોતરૂપે પરિણમી જાય છે. આ જ પરં જ્યોતિનો જયઘોષ કરતાં શ્રી અમૃતચંદ્રાચાર્યે લખ્યું છે કે આ પરમ જ્યોતિમાં બધા જ પદાર્થો-જીવાદિ પદાર્થોની આખી સૃષ્ટિ-પોતાની સમસ્ત ત્રિકાળવર્તી સપાટી જેમ પ્રતિબિંબિત થાય છે—

૧. व्या तद् द्योतिः ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



વ્યાખ્યાઃ—અહીં પાછલી વાત એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે અને તે ઉદાહરણ છે નિર્મળ અને અમૂર્તિક આકાશનું. આકાશમાં સર્વત્ર પરદ્રવ્ય ભરેલાં છે; બધાનો આકાશ સાથે (એકક્ષેત્રાવગાહ) સંબંધ છે; પરંતુ તે બધા મળીનેય આકાશને તેના સ્વભાવથી ચ્યુત કરવા, તેની નિર્મળતા તથા અમૂર્તિકતા નષ્ટ કરવા, તેને અનશ્વરમાંથી નશ્વર બનાવવા અથવા પોતારૂપ પરિણમાવવામાં કદી સમર્થ થતા નથી. તેવી જ રીતે નિર્મળ અમૂર્તિક આત્મા પણ પરદ્રવ્યોથી ઘેરાયેલો છે, જડ કર્મો સાથે સંબંધ પ્રાપ્ત છે, પરંતુ કોઈ પણ પરદ્રવ્ય અથવા બધાં પરદ્રવ્યો મળીને પણ તેને વાસ્તવમાં પોતાના સ્વભાવથી ચ્યુત કરવા-ચેતનમાંથી અચેતન-જડ, અમૂર્તિકમાંથી મૂર્તિક, નિર્મળમાંથી સમળ, અનશ્વરમાંથી નશ્વર બનાવવામાં કદી સમર્થ થતા નથી. ૪૭.

## ભિન્ન જ્ઞાનોપલબ્ધિથી દેહ અને આત્માનો ભેદ.

**देहात्मनोः सदा भेदो भिन्नज्ञानोपलम्भतः ।**
**इन्द्रियैर्ज्ञायते देहो नूनमात्मा स्वसंविदा ॥ ४८ ॥**

શબ્દાર્થઃ—(भिन्नज्ञानोपलम्भतः) ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ (જ્ઞાત) હોવાને કારણે (देहात्मनोः सदा भेदः) શરીર અને આત્માનો સદા પરસ્પર ભેદ છે. (देहः) શરીર (इन्द्रियैः ज्ञायते) ઇન્દ્રિયોથી-ઇન્દ્રિય જ્ઞાનથી-જણાય છે (नूनम् आत्मा स्वसंविदा) અને આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે.

વ્યાખ્યાઃ—સંસારી જીવને દેહ સાથે અનાદિ-સંબંધ છે-સ્થૂળ દેહનો સંબંધ કદી છૂટે છે તોપણ સૂક્ષ્મ દેહ જે તૈજસ અને કાર્માણ નામના શરીર છે તેમનો સંબંધ કદી છૂટતો નથી; તેથી જ તેમને '**अनादिसम्बन्धे च**' આ સૂત્રદ્વારા અનાદિથી સંબંધને પ્રાપ્ત કહ્યા છે. આ અનાદિ-સંબંધના કારણે ઘણું કરીને દેહ અને આત્માને એક સમજવામાં આવે છે. પરંતુ દેહ અને આત્મા કદી એક થતા નથી, સદા ભિન્નરૂપ રહ્યા કરે છે અને એનું કારણ એ છે કે તે ભિન્ન જ્ઞાનોદ્વારા ઉપલબ્ધ થાય છે-જણાય છે. ઇન્દ્રિયજ્ઞાનથી શરીર જાણવામાં આવે છે અને આત્મા વાસ્તવમાં સ્વસંવેદન-જ્ઞાન દ્વારા જ સાક્ષાત્ જાણવામાં આવે છે-ઇન્દ્રિયો તેને જાણવામાં અસમર્થ છે. ૪૮.

## કર્મ જીવના અને જીવ કર્મના ગુણોને ઘાતતો નથી.

**न कर्म हन्ति जीवस्य न जीवः कर्मणो गुणान् ।**
**वध्य-घातक भावोऽस्ति नान्योऽन्यं जीवकर्मणोः ॥ ४९ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**વ્યાખ્યાઃ**—આત્માના ઉક્ત તન્મયતારૂપ પરિણામ-સ્વભાવની દૃષ્ટિએ અહીં વિદ્વાનનું કર્તવ્ય પરભાવની ભાવના છોડીને પોતાને આત્મભાવનાના અભ્યાસમાં લગાવવાનું બતાવ્યું છે, જેથી આત્મામાં તન્મયતાની ઉપલબ્ધિ-વૃદ્ધિ થઇ શકે. આત્મભાવનાનો અભ્યાસ જેટલો અધિક વધારવામાં આવે, પરભાવોથી એટલો જ છુટકારો થતો જાય. અને પરભાવોમાં જેટલું વધારે મન લગાવવામાં આવે એટલો જ આત્મભાવનાનો અભ્યાસ દૂર થઇને આત્મામાં તન્મયતા પ્રાપ્ત કરવાનું દુર્લભ થઈ જાય. તેથી પરપદાર્થો સાથે સંબંધ ઓછો કરીને આત્મભાવનાનો અભ્યાસ વધારવો તે જ શ્રેયસ્કર ( કલ્યાણકારી ) છે. ૫૨.

## કર્મમળથી પૂર્ણપણે પૃથક્ થયેલો આત્મા ફરીથી તે મળથી લેપાતો નથી.

युज्यते रजसा नात्मा भूयोऽपि विरजी कृतः ।
पृथक्कृतं कुतः स्वर्णं पुनः किट्टेन[1] युज्यते ॥ ५३ ॥

**શબ્દાર્થઃ**—( विरजीकृतः आत्मा ) જે આત્મા કર્મમળથી ( પૂર્ણપણે ) પૃથક્ કરવામાં આવ્યો છે તે ( भूयः अपि ) ફરીથી ( रजसा ) કર્મમળથી ( न युज्यते ) લિપ્ત થતો નથી. ( બરાબર છે ) ( किट्टेन पृथक्कृतं स्वर्णं ) કિટ્ટકથી જુદું કરાયેલું સોનું ( पुनः ) ફરીથી ( कुतः युज्यते ) કયા કારણે કિટ્ટક સાથે જોડાય ? હેતુનો અભાવ હોવાથી જોડાતું નથી.

**વ્યાખ્યાઃ**—જે આત્મા આત્મભાવનાના અભ્યાસદ્વારા પરભાવને છોડતો થકો પોતામાં તન્મય ( લીન ) થાય છે અને એ રીતે કર્મમળથી છૂટે તે ફરી કદી તે કર્મમળ સાથે સંબંધ પામતો નથી, જેવી રીતે કાલિમાથી જુદું થયેલું સોનું ફરી તે કાલિમા સાથે જોડાતું નથી તેમ. ૫૩.

## ઘડાના ઉપાદાન માટીની જેમ કર્મનું ઉપાદાન કલુષતા છે.

दण्ड-चक्र-कुलालादि-सामग्री सम्भवेऽपि नो ।
संपद्यते यथा कुम्भो विनोपादानकारणम् ॥ ५४ ॥
मनो-वचो-वपुः कर्म-सामग्री संभवेऽपि नो ।
संपद्यते तथा कर्म विनोपादानकारणम् ॥ ५५ ॥

---

१. मु कीटेन ।

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



कालुष्यं कर्मणो ज्ञेयं सदोपादानकारणम् ।
मृद्‌द्रव्यमिव कुम्भस्य जायमानस्य योगिभिः ॥ ५६ ॥

શબ્દાર્થ:—( यथा ) જેમ ( दण्ड-चक्र-कुलालादि ) દંડ; ચક્ર અને કુંભાર વગેરે ( सामग्री सम्भवे अपि ) સામગ્રી મોજુદ હોવા છતાં પણ ( विना उपादानकारणम् ) ઉપાદાનકારણ વિના ( कुम्भः न संपद्यते ) ( માટીના ) ઘડાની ઉત્પત્તિ થતી નથી ( तथा ) તેવી જ રીતે ( मनो-वचो-वपुः कर्म-सामग्री ) મન-વચન-કાયાની ક્રિયારૂપ સામગ્રી ( सम्भवे अपि ) હોવા છતાં પણ ( विना उपादानकारणम् ) ઉપાદાનકારણ વિના ( कर्म न संपद्यते ) કર્મની ઉત્પત્તિ થતી નથી. ( कर्मणः ) કર્મનું ( उपादानकारणम् ) ઉપાદાનકરણ ( कालुष्यं ) કલુષતા છે, જેમ ( जायमानस्य कुम्भस्य ) માટીથી ઉત્પન્ન થનાર ઘડાનું ઉપાદાનકારણ (मृद्द्रव्यम् इव) માટી દ્રવ્ય છે, એ (योगिभिः सदा ज्ञेयं) યોગીઓએ સદા જાણવું જોઇએ.

વ્યાખ્યા:— માટીના ઘડાની ઉત્પત્તિમાં માટી ઉપાદાન કારણ છે તેના અભાવમાં બીજી બધી સામગ્રી ( દંડ-ચક્ર-કુલાલ આદિ ) નો સદ્દભાવ હોવા છતાં પણ જેમ માટીને ઘડો બનતો નથી, તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મની ઉત્પત્તિનું ઉપાદાનકારણ કષાયભાવ છે, તેના અભાવમાં મન-વચન-કાયની ક્રિયારૂપ બીજી બધી સામગ્રીનો સદ્દભાવ હોવા છતાં પણ આત્માને કર્મબંધની પ્રાપ્તિ થતી નથી, આ વાત સદા ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તેથી જે મુમુક્ષુ યોગી પોતાને કર્મબંધન છોડાવીને મોક્ષની પ્રાપ્તિ કરાવવા ઇચ્છે છે તેમણે સદા કર્મના ઉપાદાનકારણ કષાયભાવને દૂર રાખવાનો પ્રયત્ન કરવો જોઇએ. તેને દૂર કર્યા વિના બીજા બધા ક્રિયાકાંડથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકશે નહિ. બીજી બધી સામગ્રી ત્યારે જ સહાયકરૂપે પોતાનું કામ કરી શકશે જ્યારે કલુષતાનો અભાવ થશે. જો કલુષતા દૂર કરવામાં ન આવે તો સમજવું જોઇએ કે કર્મનો બંધ બરાબર થઈ રહ્યો છે અને એવી સ્થિતિમાં મુક્તિની આશા રાખવી વ્યર્થ છે. ૫૪-૫૫-૫૬.

### કષાયાદિ કરતો જીવ કેવી રીતે કષાયાદિરૂપ ન થાય ?

यथा कुम्भमयो जातु कुम्भकारो न जायते ।
सहकारितया कुम्भं कुर्वाणोऽपि कथंचन ॥ ५७ ॥
कषायादिमयो जीवो जायते न कदाचन ।
कुर्वाणोऽपि कषायादीन् सहकारितया तथा ॥ ५८ ॥

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



**શબ્દાર્થઃ**—( यथा ) જેવી રીતે ( सहकारितया कुम्भं कुर्वाणः अपि ) સહકારિતા સાથે ઘડો કરતો હોવા છતાં પણ ( कुम्भकारः ) કુંભાર ( जातु ) કદી પણ ( कुम्भमयः न ( जायते ) ઘડારૂપ થતો નથી, ( तथा ) તેવીજ રીતે ( सहकारितया ) સહકારિતા સાથે ( कषायादीन् कुर्वाणः अपि ) કષાયાદિ કરવા છતાં પણ ( जीवः ) આ જીવ ( कदाचन ) કદી ( कषायादिमयः न जायते ) કષાયાદિરૂપ થતો નથી.

**વ્યાખ્યા:**—અહીં જો કોઈ એમ આશંકા કરે કે કષાય આદિ કરતો થકો જીવ તો કષાયાદિમય થઇ જાય છે—કષાય આદિ તેનો સ્વભાવ થઈ જાય છે—તો કષાયોનું છૂટવું કેવી રીતે બની શકે ? તો તેના સમાધાનમાં જ આ બન્ને પદ્યોની રચના થઇ હોય એમ જણાય છે. એમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે સહકારી રૂપે ઘડો બનાવતો કુંભાર કોઈ રીતે ઘડારૂપ થઇ જતો નથી તેવી જ રીતે આ જીવ પણ સહકારી રૂપે કષાયો કરવા છતાં કદી પણ કષાયાદિરૂપ થઇ જતો નથી. કષાયાદિ જેટલાં પરિણામ છે તે બધાં જીવની ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મદ્વારા ઉત્પન્ન કરાય છે આ વાત પાછલા ૩૯ મા પદ્યમાં બતાવાઈ ગઈ છે. તેથી કષાયની ઉત્પત્તિમાં જીવ નિમિત્ત કારણ છે-ઉપાદાન કારણ નથી, ઉપાદાન કારણ દ્રવ્યકર્મરૂપ પુદ્ગલ છે અને તેથી કષાયોને 'પૌદ્ગલિક' કહેવામાં આવ્યા છે. કુંભાર જો ઘડાના નિર્માણમાં પોતાનો સહયોગ ન આપે તો ઘડાનું નિર્માણ થતું નથી, માટી તેને સહયોગ માટે પરવશ કરતી નથી. આ રીતે કષાયનો ઉદય આવતાં જો જીવ તેની સાથે સહયોગ ન કરે-રાગ-દ્વેષાદિરૂપ ન પરિણમે-તો નવા કષાયકર્મનો ઉત્પાદ થતો નથી અને કર્મનો ઉદય જીવને કષાયકર્મ કરવા માટે ફરજ પાડતો નથી, તે ( જીવ ) તેને કરવા ન કરવામાં સ્વતંત્ર છે, ત્યારે જ તે કષાયોનાં બંધન દૂર કરવામાં સમર્થ થઇ શકે છે અને તેથી જ તે તે કષાયરૂપ ન પરિણમવાનો ઉપદેશ આપવામાં આવે છે. કષાયોનું જીવની સાથે તાદાત્મ્ય થઇ જતાં તો પછી કદી પણ તેનાથી છુટકારો થઈ શકતો નથી અને ન તો મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે. અને તેથી જીવનો કષાયોની ઉત્પત્તિમાં કુંભારની જેમ સહકારી નિમિત્તરૂપ-જેવો સંબંધ છે, ઉપાદાન કારણરૂપે નથી, એ સારીરીતે સમજી લેવું જોઇએ. ૫૭-૫૮.

## સર્વ કર્મોનો કર્તા થવા છતાં કોણ અકર્તા થાય છે ?

**यः कर्म मन्यते कर्माकर्म वाकर्म सर्वथा ।**
**स सर्वकर्मणां कर्ता निराकर्ता च जायते ॥ ५९ ॥**

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## જેણે બધા કલ્મષનો નાશ કર્યો છે તે યોગીનું કર્તવ્ય.

**विनिवृत्या(वर्त्या)र्थतश्चित्तं विधायात्मनि निश्चलम् ।**
**न किंचिच्चिन्तयेद्योगी निरस्ताखिलकल्मषः ॥ ६४ ॥**

શબ્દાર્થ:—( निरस्ताखिल कल्मषः योगी ) જે યોગીએ સર્વ કલ્મષનો-કષાય-ભાવનો-નાશ કર્યો છે તે ( चित्तं ) ચિત્તને ( विनिवृत्या( वर्त्या )र्थतः ) બધા પદાર્થોથી હરાવીને અને ( आत्मनि ) આત્મામાં ( निश्चिलम् ) નિશ્ચલ ( विधाय ) કરીને ( किंचित् न चिन्तयेत् ) કાંઈ પણ ચિંતન ન કરે-આત્માનું શુદ્ધ સ્વરૂપ જ તેના ધ્યાનમાં સ્થિર રહે.

વ્યાખ્યા:—અહીં તે યોગીના કર્તવ્યનો નિર્દેશ છે જેણે ક્રોધાદિ બધા કષાય-ભાવનો નાશ કર્યો છે, તેણે પછી પોતાનું ચિત્ત બાહ્ય પદાર્થોથી હટાવીને તથા આત્માના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર કરીને ચિંતનનું કાંઈ પણ કાર્ય ન કરવું જોઈએ-આત્મામાં કેવળ લીનતા જ ટકાવી રાખવી. ૬૪.

## ઇન્દ્રિય-વિષયોને યાદ કરનારની સ્થિતિ.

**स्वार्थ-व्यावर्तिताक्षोऽपि विषयेषु दृढ-स्मृतिः ।**
**सदास्ति दुःस्थितो दीनो लोक-द्वय-विलोपकः ॥ ६५ ॥**

શબ્દાર્થ:—( विषयेषु दृढ स्मृतिः ) જે ઇન્દ્રિય-વિષયોમાં દઢ-સ્મૃતિ છે-વિષયોને બરાબર યાદ કર્યા કરે છે-તે ( स्वार्थ-व्यावर्तिताक्षः अपि ) ઇન્દ્રિયો ને તેમના વિષયોથી અલગ રાખતો હોવા છતાં પણ ( सदा ) સદા ( दुःस्थितः ) દુઃખી ( दीनः ) દીન અને ( लोक-द्वय-विलोपकः ) બન્ને લોકને બગાડનાર થાય છે.

વ્યાખ્યા:—અહીં ઇન્દ્રિય-વિષયોના સ્મરણ-દોષને બહુ જ નુકશાનકારક બતાવ્યો છે અને તેની હાજરીમાં ઇન્દ્રિયોને તેમના વિષયથી જુદા રાખવાનું કાંઇ મૂલ્ય રહેતું નથી, એમ સૂચવ્યું છે. ઉક્ત સ્મરણદોષને કારણે ઇન્દ્રિયોનો વિજય બરાબર થતો નથી, તેમાં અતિચારાદિ દોષ લાગ્યા કરે છે અને સંક્લેશ પરિણામોની ઉત્પત્તિ થવાથી યોગી સદા દુઃખી રહે છે, દીન બને છે અને આ રીતે પોતાના બન્ને લોક બગાડે છે. તેથી યોગીએ પોતાના પૂર્વ ભોગોનું સ્મરણ તથા આગામી ભોગો ના નિદાનાદિ રૂપે અનુચિંતન ન કરવું જોઈએ. ૬૫.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



## ભોગને ન ભોગવનાર અને ભોગવનાર કોઇ બેની સ્થિતિ.

**भोगं कश्चिदभुञ्जानो भोगार्थं कुरुते क्रियाम् ।**
**भोगमन्यस्तु भुञ्जानो भोगच्छेदाय शुद्धधीः ॥ ६६ ॥**

**શબ્દાર્થ:**—( **कश्चित** ) કોઈ ( **भोगं अभुञ्जानः** ) ભોગ ન ભોગવતો હોવા છતાં પણ ( **भोगार्थं** ) ભોગોને માટે ( **क्रियां कुरुते** ) ક્રિયા કરે છે, ( **अन्यः शुद्धधीः** ) બીજો શુદ્ધ બુદ્ધિ ( **भोगं भुञ्जानः** ) ભોગને ભોગવતો હોવા છતાં પણ ( **भोगच्छेदाय** ) ભોગના છેદનો પ્રયત્ન કરે છે.

**વ્યાખ્યા:**—અહીં ભોગ ભોગવનાર અને ન ભોગવનાર કોઇ બે વ્યક્તિઓનો વિપરીત વિચાર-ભેદ બતાવવામાં આવ્યો છે-એક કોઈ બંધન અથવા લાચારીને કારણે ભોગ નહિ ભોગવતો હોવા છતાં પણ તેના માટે રાગાદિરૂપ મન-વચન-કાયાની ક્રિયા કરે છે અને બીજો ભોગ ભોગવતો હોવા છતાં પણ તેમાં આસક્તિ રાખતો નથી અને તેથી તેના મન-વચન-કાયાનો વ્યાપાર એક દિવસ તેને છોડી દેવા તરફ જ થાય છે. પોતાના આ વિચાર વ્યાપારના કારણે બીજાને 'શુદ્ધ-બુદ્ધિ' કહ્યો છે અને તેથી પહેલાને, જે બાહ્યમાં ભોગનો ત્યાગ કરે છે તથા અંતરંગમાં તેની લાલસા રાખે છે, તે શુદ્ધ-બુદ્ધિ કહેવાતો નથી, તેને દુર્બુદ્ધિ તથા વિવેકહીન સમજવો જોઈએ. પોતાની આ દુર્બુદ્ધિના કારણે તે ભોગનો ત્યાગી હોવા છતાં પણ પાપનો બંધ કરે છે, જ્યારે બીજો પોતાની શુદ્ધ-બુદ્ધિને કારણે ભોગ ભોગવતો હોવા છતાં પણ પાપફળનો ભાગીદાર થતો નથી. બન્નેની પ્રવૃત્તિમાં તેનાથી ( પ્રવૃત્તિથી ) વિપરીત વિચારને કારણે કેટલું અંતર છે તે અહીં સ્પષ્ટપણે જણાય છે. ૬૬.

## ઇન્દ્રિય-વિષયોનું સ્મરણ રોકનારની સ્થિતિ.

**स्वार्थ-व्यावर्तित्ताऽक्षोपि निरुद्धविषय-स्मृतिः ।**
**सर्वदा सुस्थितो जीवः परत्रेह च जायते ॥ ६७ ॥**

**શબ્દાર્થ:**—( **स्वार्थ-व्यावर्तित्ताऽक्षोपि** ) જેણે ઇન્દ્રિયો ને પોતાના વિષયથી જુદા કર્યા છે અને જે ( **निरुद्ध-विषय-स्मृतिः** ) વિષયોની સ્મૃતિ પણ રોકી રાખે છે-પૂર્વે ભોગવેલા ભોગોનું કદી સ્મરણ કરતો નથી અને ન તેમને ફરી ભોગવવાની ઇચ્છાય કરે છે-( **जीवः** ) તે જીવ ( **परत्र इह च** ) આ લોકમાં તથા પરલોકમાં ( **सर्वदा** ) સદા ( **सुस्थितः जायते** ) સુખી થાય છે.

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



શબ્દાર્થ:—( विषयानुभवं बाह्यं ) ઇન્દ્રિય વિષયોનો જે અનુભવ છે તે બાહ્ય (સુખ) છે અને ( स्वात्मानुभवं आन्तरम् ) સ્વાત્માનો જે અનુભવ છે તે અંતરંગ ( સુખ ) છે, ( विज्ञाय ) એ વાત જાણીને ( प्रथमं हित्वा ) બાહ્ય વિષય-અનુભવને છોડીને ( अन्यत्र ) સ્વાત્માનુભવરૂપ અંતરંગમાં ( सर्वतः स्थेयम् ) પૂર્ણપણે સ્થિત થવું જોઇએ.

વ્યાખ્યા:—અહીં એ બતાવવામાં આવ્યું છે કે ઇન્દ્રિય વિષયોનો જે અનુભવ છે તે તો બહારની વસ્તુ છે-બાહ્ય સુખ છે જે સ્થિત રહેનાર નથી-અને પોતાના આત્માનો જે અનુભવ છે તે અંતરંગની વસ્તુ છે-સદા સ્થિર રહેનાર આધ્યાત્મિક સુખ છે-તેથી આ તત્ત્વને જાણીને વિષયાનુભવના ત્યાગપૂર્વક સ્વાત્માનુભવમાં પૂર્ણપણે સ્થિર થવું જોઇએ. એ જ પરમ હિતરૂપ છે. ૭૫.

## વૈષયિકજ્ઞાન બધું પૌદ્ગલિક છે.

**ज्ञानं वैषयिकं पुंसः सर्वं पौद्गलिकं मतम् ।**
**विषयेभ्यः परावृत्तमात्मीयमपरं पुनः ॥ ७६ ॥**

શબ્દાર્થ:—( पुंसः )જીવને ( वैषयिकं ज्ञानं ) જેટલું વૈષયિક ( ઇન્દ્રિજન્ય ) જ્ઞાન છે ( सर्वं पोद्गलिकं मतं ) તે બધું પૌદ્ગલિક માનવામાં આવ્યું છે અને ( पुनः अपरं ) બીજું જે જ્ઞાન ( विषयेभ्यः ) વિષયોથી ( परावृत्त ) પરાવૃત છે-ઇન્દ્રિયોની સહાય વિનાનું છે-( आत्मीयं ) તે બધું આત્મીય છે.

વ્યાખ્યા:—અહીં આ જીવના ઇન્દ્રિય-વિષયો સાથે સંબંધ રાખનાર બધા જ્ઞાનને 'પૌદ્ગલિક' બતાવ્યું છે અને જે જ્ઞાન ઇન્દ્રિયવિષયોની સહાય રહિત અતીન્દ્રિય છે તે આત્મીય છે-આત્માનું નિજરૂપ છે. તેથી ઇન્દ્રિયજન્ય પરાધીન જ્ઞાન વાસ્તવમાં પોતાનું નથી અને તેથી તે ત્યાજ્ય છે. ૭૬.

## માનવોમાં બાહ્યભેદના કારણે જ્ઞાનમાં ભેદ નથી થતો.

**गवां यथा विभेदेऽपि क्षीरभेदो न विद्यते ।**
**पुंसां तथा विभेदेऽपि ज्ञानभेदो न विद्यते ॥ ७७ ॥**

શબ્દાર્થ:—( यथा ) જેમ ( गवां ) ગાયોમાં ( કાળી, પીળી, ધોળી આદિનો ) ( विभेदे अपि ) ભેદ હોવા છતાં પણ ( क्षीरभेदः न विद्यते ) દૂધના રંગમાં-કોઇ ભેદ

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



નથી હોતો ( **तथा** ) તેવીજ રીતે ( **पुंसां** ) પુરુષોના-માનવોના ( રંગરૂપાદિ સંબંધી ) ( **विभेदे अपि** ) ભેદ હોવા છતાં પણ ( **ज्ञानभेदः न विद्यते** ) જ્ઞાનનો ભેદ નથી હોતો.

**વ્યાખ્યા:**—ગાયો ધોળી, પીળી, નીલરંગની, કાળી, ગોરી, કાબર ચીત્તરી આદિ અનેક જુદા જુદા રંગ વાળી હોય છે. શિંગડાના ભેદથી પણ તેમનામાં ભેદ હોય છે-કોઇનાં શિંગડાં નાનાં, કોઇનાં મોટાં, કોઈનાં સીધાં, કોઈનાં વાંકાં અને કોઇનાં ગોળ વળાંકવાળાં હોય છે. બીજા પણ શરીરના ભેદ હોય છે, આ ભેદને કારણે તેમના દૂધમાં જેમ ભેદ નથી હોતો-અર્થાત્ ધોળીનું ધોળું, પીળીનું પીળું, નીલીનું નીલું અને કાળીનું કાળું, દૂધ નથી હોતું-બધાનું દૂધ પ્રાયઃ એક જ સફેદ રંગનું હોય છે; તેવી જ રીતે મનુષ્યોમાં પણ પરસ્પર અનેક ભેદ પ્રાપ્ત થાય છે-કોઈ ગોરો છે, કોઇ શ્યામ, કોઈ કાળો છે, કોઇ ભૂખરા રંગનો છે, કોઇનો ચહેરો ગોળ છે, કોઇનો લંબગોળ, કોઈની ગરદન ટૂંકી છે કોઈની લાંબી, કોઈની સીધી છે અને કોઇની વાંકી છે, કોઇ બૂઢો છે, કોઇ લંગડો છે, કોઈ કાણો છે, કોઈ આંધળો છે, કોઈ મૂંગો છે, કોઈ બહેરો છે, કોઇના વાળ કાળા છે, તો કોઇના સફેદ કે ભૂરા ઇત્યાદિ શરીરભેદ સ્પષ્ટ જોવામાં આવે છે, એવી જ રીતે કોઇ બ્રાહ્મણ, કોઈ ક્ષત્રિય, કોઇ વૈશ્ય અને કોઈ શૂદ્રાદિ જાતિ-ભેદ સહિત છે. આ બધા બાહ્ય ભેદને કારણે મનુષ્યોના જ્ઞાનમાં કોઈ ભેદ હોતો નથી-જે જ્ઞાન એક સારા, ગોરા રંગવાળા સુંદર આકારના મનુષ્યને પ્રાપ્ત થાય છે તે કાળા, કુરૂપ તથા વિકલાંગીને પણ પ્રાપ્ત થાય છે તથા થઇ શકે છે. શ્રી-કુંદકુંદાચાર્યદેવની ગરદન વાંકી હતી તેથી જ તેઓ 'વક્રગ્રીવ' કહેવાતા હતા. પરંતુ કેટલા મહાન મતિમાન હતા એ તેમના ગ્રંથોથી જાણી શકાય છે. અષ્ટાવક્ર ઋષિના શરીરમાં આઠ વક્રતા હતી તેઓ પણ ઘણા મોટા જ્ઞાની હોવાનું સંભળાય છે. ભગવાન જિનસેનાચાર્યે પોતાના વિષયમાં સ્વયં લખ્યું છે કે તેઓ જો કે અતિ સુંદર આકૃતિવાળા અને અતિ ચતુર નહોતા, છતાં પણ સરસ્વતી તેમના ઉપર મુગ્ધ હતી અને તેણે અનન્ય શરણ થઇને તેમનો આશ્રય લીધો હતો.

આ બધી વાતોથી સ્પષ્ટ છે કે શરીરાદિનો કોઇ બાહ્ય ભેદ જ્ઞાનમાં ભેદ ઉત્પન્ન કરતો નથી. જ્ઞાન આત્માનો નિજગુણ છે અને તેથી તે બધા સમાન રૂપે વિકસિત આત્માઓમાં સમાન રહે છે. તેના વિકાર તથા ન્યૂનાધિકતાનું કારણ સંસારી જીવોની સાથે લાગેલો કર્મમળ છે. ૭૭.

### કયા જ્ઞાનથી જ્ઞેયને જાણીને તેને ત્યાગવામાં આવે છે.

[1]विज्ञाय दीपतो द्योत्यं यथा दीपो व्यपोह्यते ।
विज्ञाय ज्ञानतो ज्ञेयं तथा ज्ञानं व्यपोह्यते ॥ ७८ ॥

१. दीपहस्तो यथा कश्चित्किंचिदालोक्य तं त्यजेत् ।
ज्ञानेन ज्ञेयमालोक्य पश्चात्तं ज्ञानमुत्सृजेत् ॥ —યશસ્તિલક

From Pujya Shree Lalchandbhai Amarchand Modi's annotated personal copy - www.AtmaDharma.com



स्वरूपमात्मनः सूक्ष्ममव्यदेश( श्य ) मव्ययम्[1] ।
तत्र ज्ञानं परं सर्वं वैकारिकमपोह्यते ॥ ७९ ॥

શબ્દાર્થ:—(यथा) જેમ ( दीपतः ) દીપકથી ( द्योत्यं ) દ્યોત્ય ( પ્રકાશનીય વસ્તુ ) ને ( विज्ञाय ) જાણીને ( दीपः व्यपोह्यते ) દીપકને દ્યોત્યથી અલગ કરવામાં આવે છે (तथा) તેવી રીતે ( ज्ञानतः ) જ્ઞાનવડે ( ज्ञेयं विज्ञाय ) જ્ઞેયને જાણીને ( ज्ञानं व्यपोह्यते ) જ્ઞાનને અલગ કરવામાં આવે છે. ( आत्मनः स्वरूपं ) જે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, ( सूक्ष्मं ) સૂક્ષ્મ છે. ( अव्यपदेश ( श्य ) म ) વ્યપદેશરહિત અથવા વચન અગોચર છે ( अव्ययम ) જેનો ત્યાગ અથવા પૃથક્કરણ થતું નથી, ( तत्र परं ) તેનાથી ભિન્ન જે ( वैकारिकं ) વૈકારિક-ઈન્દ્રિયો આદિ દ્વારા વિભાવ પરિણત-( ज्ञानं सर्वं अपोह्यते ) જ્ઞાન છે તેને દૂર કરવામાં આવે છે.

વ્યાખ્યા:—દીપક જે વસ્તુનું દ્યોતન-પ્રકાશન કરે છે તેને ‘ દ્યોત્ય ’ કહે છે. દીપકના પ્રકાશની સહાયથી જ્યારે કોઈ અંધારામા પડેલી વસ્તુને જોઈને જાણી અને પ્રાપ્ત કરી લેવામાં આવે છે પછી દીપકની જેમ જરૂર રહેતી નથી-તેને ઓલવી નખાય છે અથવા દૂર કરી દેવાય છે તેમ જ્ઞાન જે વસ્તુનું જ્ઞાપન-દ્યોતન કરે છે તેને ‘જ્ઞેય’ કહે છે. જ્ઞાનથી જ્યારે જ્ઞેયને જાણી લેવામાં આવે છે પછી તે જ્ઞાનના વ્યાપારની જરૂર રહેતી નથી અને તેથી તેને જ્ઞેયથી અલગ અથવા વ્યાપાર રહિતરૂપે સ્થિત કરી દેવામાં આવે છે. જે જ્ઞાનને જ્ઞેયથી અલગ અથવા વ્યાપારરહિત રૂપે સ્થિત કરી દેવામાં આવે છે. જે જ્ઞાનને જ્ઞેયથી અલગ અથવા વ્યાપાર રહિત કરવામાં આવે છે તે, તે જ્ઞાન નથી જે આત્માનો સ્વભાવ છે, સૂક્ષ્મ હોવાથી ઇન્દ્રિયોથી અગોચર છે, અવાચ્ય હોવાથી વચન અગોચર છે અને જેનો કદી નાશ થતો નથી પણ તે જ્ઞાન છે જેને ‘ વૈકારિક ’ કહે છે અને જે ઇન્દ્રિયાદિ-પરપદાર્થજન્ય વિકાર સહિત હોય છે. આવા જ્ઞાનને પાછલા પદ્યમાં (૭૬) માં ‘ પૌદ્ગલિક ’ બતાવ્યા છે, તે જ અપોહન-પૃથક્કરણ યોગ્ય હોય છે. જે જ્ઞાન સ્વાભાવિક છે ( વૈભાવિક નથી ) તેનો આત્માથી કદી ત્યાગ થતો નથી અને થઈ શકતો નથી. ૭૮-૭૯.

## વિકારના હેતુના દેશચ્છેદ અને મૂળચ્છેદનું પરિણામ.

स्कन्धच्छेदे पल्लवाः सन्ति भूयो मूलच्छेदे शाखिनस्ते तथा नो ।
देशच्छेदे सन्तिभूयो विकारा मूलच्छेदे जन्मनस्ते तथा नो ॥८०॥

---

૧. सूक्ष्ममव्यपोदेशमव्ययं ।